શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૩

# પૂર્ણિમા

(ત્રિઅંકી નાટક)

રમણલાલ વ. દેસાઈ, એમ. એ.

: નાટ્યરૂપાંતર :

પ્રા. વિષ્ણુકુમાર વ્યાસ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

DESAI, Ramanlal V.
POORNIMA, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ—મે, ૧૯૯૨

મૂલ્ય રૂ, ૩૦–૦૦

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક

પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

મુંબઈ રાજ્ય નાટ્યમહોત્સવ પારિતોષિક પ્રાપ્ત
'રંગભૂમિ' સર્જન

# પૂર્ણિમા

પ્રથમ ભજવાયું : તારીખ ૧૯-૧૦-૫૮

: દિગ્દર્શક :

પ્રા. વિષ્ણુકુમાર વ્યાસ શ્રી કમલેશ ઠાકર

## પાત્રસૂચિ

| | |
|---|---|
| શિવનાથ શાસ્ત્રી | સુમંત વ્યાસ |
| નારાયણી | શશિકલા જાદવ |
| પદ્મનાભ | સાગર લાલાજી |
| અવિનાશ | વિષ્ણુકુમાર વ્યાસ |
| રજની | અરુણ કંથારિયા |
| રાજેશ્વરી | વર્ષા આચાર્ય |
| જાનકી | જયાબહેન ભટ્ટ |
| દુર્ગા | અનિલા મહેતા |
| રમા | ગીરા મહેતા |
| સુમંતરાય | ડૉ. ઇન્દુ મહેતા |
| ચંપકલાલ | મહેશ જોશી |
| કીકાશેઠ | નારાયણ રાજગોર |
| લજ્જાવતી | સુશીલા શાહ |
| હબીબ | અજિત સોની |
| ભૈયાજી } મોહનલાલ } | મોહન ઉપાધ્યાય |
| પાગલ | કાંતિકુમાર વ્યાસ |
| આલમમિયાં | કિરીટ શાહ |
| બત્તીવાળો | બુદ્ધિધન ત્રિવેદી |
| જમાદાર | સુહાગ દીવાન |

તદુપરાંત

દૂધવાળો, કુલી, પોલીસ, ઉસ્તાદજી, અન્ય શહેરીઓ.

આશીર્વાદ—

રાજભવન,
**માઇસોર**

'રંગભૂમિ' સંસ્થા સાથેનો મારો પરિચય સંસ્કારપ્રવૃત્ત કુટુંબના વડીલ જેવો છે. છેલ્લાં કેટલાં યે વર્ષોથી એમની પ્રગતિકારક, ધ્યેયલક્ષી પ્રવૃત્તિનો હું સાક્ષી છું.

'રંગભૂમિ' સંસ્થા પોતાની વિવિધપ્રવૃત્તિના એક ભાગ રૂપે ત્રૈમાસિક 'નાટયરંગ'ના પ્રકાશન પછી હવે અભ્યાસાત્મક અને નાટયક્ષેત્રે સંશોધનાત્મક પુસ્તકો પ્રગટ કરવા ઉત્સુક છે.

સંસ્થા પોતાનો પ્રકાશન વિભાગ શરૂ કરે છે અને તેના પહેલાં પ્રકાશન રૂપે અમારી સંસ્થાના ઉત્સાહી દિગ્દર્શક પ્રા. વિષ્ણુકુમાર વ્યાસે કરેલું નાટયરૂપાંતર 'પૂર્ણિમા' પ્રગટ થાય છે એ મારે મન અત્યંત આનંદની વાત છે.

'રંગભૂમિ'ના સર્વ કલાકાર ભાઈબહેનોને એમની પ્રવૃત્તિ અને પ્રગતિમાં મારા આશીર્વાદ છે.

તા. ૧૭-૪-૫૯

**મંગળદાસ પકવાસા**

## 'પૂર્ણિમા' નાટકની રજૂઆતની યાદી

| તારીખ | સ્થળ |
| --- | --- |
| ૧૯–૧૦–૫૮ | રંગભવન–મુંબઈ, (રાજ્ય નાટ્ય મહોત્સવ) |
| ૨૦–૧૧–૫૮ | માટુંગા |
| ૧–૧૨–૫૮ | રંગભવન–મુંબઈ |
| ૨–૧૨–૫૮ | રંગભવન–મુંબઈ |
| ૬–૧૨–૫૮ | રંગઉપવન–સુરત (રાજ્ય નાટ્ય મહોત્સવ) અંતીમ સ્પર્ધા |
| ૩૧–૧ – ૫૯ | રંગભવન–મુંબઈ |
| ૧–૨ – ૫૯ | રંગભવન–મુંબઈ |
| ૧૪–૨ – ૫૯ | ભારતીય વિદ્યાભવન–મુંબઈ |
| ૨૪–૨ – ૫૯ | બિરલા માતુશ્રી સભાગૃહ–મુંબઈ |
| ૧૭–૩ – ૫૯ | ,, –મુંબઈ |
| ૨૨–૩ – ૫૯ | ,, –મુંબઈ |
| ૩૦–૪ – ૫૯ | રંગભવન–મુંબઈ |

# ત્રિવેણી સંગમ

સ્વ. શ્રી રમણભાઈ દેસાઈ એ મારા ગુરુ બંધુ હતા. છેલ્લાં પચીસ–ત્રીસ વર્ષના ગાળામાં સામાજિક, વ્યાવહારિક, સાહિત્યકીય વિષયો પરત્વે અનેક વાર મેં એમની પાસે માર્ગદર્શન માગ્યું હતું ને એમણે નિખાલસતાથી ભરેલા સદ્ભાવ અને મમતાથી એ આપ્યું હતું. એ વિદ્વાન હતા, સજ્જન હતા, જગતમાત્ર તરફ સદ્ભાવથી ભરેલા હતા. એમના ઋણનો સ્વીકાર કરવો એ પણ જીવનનો એક આનંદ છે.

એમની અમર કૃતિ 'પૂર્ણિમા', ગુજરાતી સાહિત્યમાં જેમ શ્રી રમણભાઈનું સ્થાન અનોખું છે તેમ 'પૂર્ણિમા'નું સ્થાન પણ એટલું જ અનોખું છે. ગુજરાતી સાહિત્યના ગણ્યાગાંઠ્યા અમર ગ્રંથોમાં 'પૂર્ણિમા'નું સ્થાન બહુ ઊંચું છે.

પ્રાધ્યાપક વિષ્ણુકુમાર વ્યાસ એમ.એ.,બી.ટી., સિદ્ધાર્થ કૉલેજ ઑફ કૉમર્સના ગુજરાતીના પ્રાધ્યાપક. મારે મન તો એ આજ વર્ષોથી 'વિષ્ણુ' જ છે ને 'વિષ્ણુ' જ રહેશે.

દસબાર વર્ષોથી 'રંગભૂમિ' એ જાણે મારી જ સંસ્થા હોય એમ મને લાગ્યા કર્યું છે. એના સભ્યો અને કલાકારો વચ્ચે એક અવિભક્ત કુટુંબની જ ભાવના રહી છે. એની પ્રગતિ અને યશને માટે એનાં અંગભૂતો ગમે તેવો આત્મભોગ આપવામાં પાછાં પડ્યાં નથી.

સ્વ૦ રમણભાઈ તથા એમની અમર કૃતિ 'પૂર્ણિમા', પ્રાધ્યાપક વિષ્ણુકુમાર વ્યાસ અને 'રંગભૂમિ' – એનો ત્રિવેણી સંગમ એટલે 'પૂર્ણિમા'ની મૂળ નવલકથા ઉપરથી થયેલું આ નાટ્યાંતર.

એને વધાવવાના, બિરદાવવાના મારી પાસે પૂરતા શબ્દો નથી.

આજ અવેતન રંગભૂમિ કેવળ મુઠ્ઠીભર ઉત્સાહીઓનો શોખ માત્ર નથી રહી; એ એક વેગવંત નદીના પ્રવાહ સમી પ્રવૃત્તિનું સ્વરૂપ ધરી રહી છે. એને આજે વિધવિધ વિષયો ઉપર સરસ અને અભિનયક્ષમ નાટકોની ભીડ છે. એ ભીડ ભાંગવાને આજે એ, દેશ-પરદેશ, ભાષા-પરભાષા ઉપર નજર નાખી રહી છે. તખ્તાને અભાવે નાટકો પડયાં રહેશે એ હજી યે પરવડશે; નાટકોને અભાવે તખ્તો મૂંઝાઈ મુરઝાઈ જશે એ આપણને પરવડશે નહિ—કોઈ પણ પ્રગતિવાંચ્છુ સમાજને પાલવે નહિ. એવે સમયે પ્રા. વિષ્ણુકુમાર વ્યાસે અને 'રંગભૂમિ' સંસ્થાએ ગુજરાતની એક અમર સાહિત્યકૃતિને અને સમાજના એક ગહરા પ્રશ્નને તખ્તા લાયકી આપી છે, એ મંગળ એંધાણ છે.

'રંગભૂમિ' સંસ્થા આ વાતને નજરમાં રાખીને નાટકોને લખાવી, ભજવી, એને ગ્રંથસ્થ કરવાને માટે પોતાનો પ્રકાશન વિભાગ આ નાટ્યાંતરથી આરંભે છે, ત્યારે એને એટલું જ કહેવાનું: शिवास्ते पन्थानः सन्तु।

સ્વ૦ રમણભાઈના આત્માને આજે સંતોષ હોજો. 'રંગભૂમિ'ને એના એક નવાં પગલાંને જનતાનો સત્કાર હો. પ્રા. વિષ્ણુકુમાર વ્યાસને એક સત્કાર્યને સારી રીતે પાર ઉતાર્યાનો આત્મસંતોષ હો.

આ નાટ્યાંતરને 'રંગભૂમિ'નું પ્રથમ પ્રકાશન કરવાની પરવાનગી આપવા માટે સ્વ૦ રમણભાઈ દેસાઈના પુત્ર પ્રાધ્યાપક અક્ષયકુમાર દેસાઈ અને સ્વ૦ રમણભાઈનાં પુત્રી પ્રાધ્યાપિકા ડૉકટર સુધાબહેન દેસાઈનો આભાર માનીએ તો એમને એ કેવળ શિષ્ટા-

ચાર માત્ર નહિ લાગે, એવી આશા છે.

'રંગભૂમિ'ની પ્રકાશનપ્રવૃત્તિના આરંભ સમા આ નાટચાંતરને પ્રગટ કરવા માટે અને એમાં અમને સંપૂર્ણ અને સદ્‌ભાવથી ભરેલો સહકાર આપવા બદ્દલ મેસર્સ આર. આર. શેઠની કંપનીના મુખ્ય સંચાલક શ્રી ભુરાલાલ શેઠના પણ અમે ઋણી છીએ.

**'રંગભૂમિ'**
દેવધર સંગીતશાળા
ઑપેરા હાઉસ, **મુંબઈ-૪**

**ગુણવંતરાય આચાર્ય**

# પ્રથમ સોપાન

ગંગાઘાટને પહેલે પગથિયે પહોંચવાનો મને આંતરિક આનંદ છે. અનેક સોપાનો પાર કરી સાહિત્ય–સંગીત–કલાના ત્રિવેણી સંગમે પહોંચવાની અદમ્ય હોંશ છે. નાટ્યલેખનનો આ મારો પ્રથમ પ્રયાસ છે. આમ તો નાટકો જોવાં કે ભજવવાંની લગની પચીસેક વર્ષ પુરાણી છે. એ છંદ લગાડનારા, ઘેલછા જાગૃત કરનારા અને મને નાટકની દુનિયામાં ઘસડી લાવનાર મુરબ્બી–મિત્રો છે ગિજુભાઈ, પીયૂષપાણિ અને વજુભાઈ ટાંક. એ પુણ્યપ્રવાસમાં પ્રતાપ ઓઝા જેવો હમરાહી મળી ગયો; હાથ ઝાલીને એ મને પોતાની સાથે ખેંચતો ગયો. અત્યાર સુધીમાં ઘણાં નાટકો ભજવ્યાં–ભજવાવ્યાં. આ યાત્રામાં મળી ગયા પૂજ્ય ગુરુજી ગુણવંતરાય આચાર્ય. એક વાર કહે: 'અલ્યા, આટલાં નાટકો ભજવો છો–ભજવાવો છો, તો તમારામાંથી કોઈ લખતા કેમ નથી? વિષ્ણુ! તું તો ગુજરાતીનો અધ્યાપક થઈને ફરે છે; તો જ્યારે ભજવવા યોગ્ય નાટકોની ખેંચ હોય ત્યારે તમારા જેવા રંગમંચને સમજનારા માણસો નાટક કેમ નથી લખતા?' આ વાક્ય મારા હૈયામાં ઊતરી ગયું. મને થયું કે મૌલિક વિષય પર કદાચ પ્રથમ પ્રયાસે નાટક લખતાં ન ફાવે તો કોઈ વાર્તા પરથી નાટક કર્યું હોય તો? અને મારી સમક્ષ અનેક વાર્તાઓ ઘૂમવા લાગી. રમણલાલ દેસાઈની વાર્તાઓનું આકર્ષણ કૉલેજકાળથી જ લાગેલું અને એમાં યે શ્રી વિજય ભટ્ટે 'પૂર્ણિમા'ને વર્ષો પહેલાં ચલચિત્ર

રૂપે રજૂ કરેલું તે યાદ આવ્યું. મારું આકર્ષણ 'પૂર્ણિમા' પ્રત્યે વધી ગયું. નવલકથાનું નાટ્યરૂપાંતર કરવું એક કઠિન કામ છે. મેં મનમાં ગાંઠ વાળી કે આ વાર્તાને જ રજૂ કરવી. એનો વિષય સમાજ-સુધારણાનો છે, જરા વિશિષ્ટ પ્રકારનો છે. એના શરૂઆતના કાર્યમાં આયોજનક્ષેત્રે શ્રી દીનાબહેન ગાંધીનો મને સહકાર મળ્યો એ બદલ હું એમનો ઋણી છું. નાટક લખવાનું શરૂ કર્યું. નાટક લખતો જાઉં ને મારા શ્રોતાસ્નેહી રસિકભાઈ–રમેશ પાસે વાંચતો જાઉં, સૂચનો થાય તે સાંભળતો જાઉં. આમ નાટક લખાયું અને છેવટે 'રંગભૂમિ'ના મહામંત્રી અમર જરીવાલાના હાથમાં ગયું. સંસ્થામાં વંચાયું, પસંદ પડ્યું ને રાજ્ય નાટ્ય મહોત્સવમાં રજૂ કરવાની જવાબદારી પણ મને સોંપાઈ. અને મને સાથી દિગ્દર્શક મળ્યા કમલેશ ઠાકર. નાટક તખ્તાને ધ્યાનમાં લઈને જ લખેલું; સ્થળ-કાળની મર્યાદા સમજીને લખેલું; છતાં એની રજૂઆત એક કઠિન કાર્ય હતું. એ વખતે શ્રી મનસુખ જોશી ઈંગ્લંડથી તાજા જ નાટ્ય-કલાનો અભ્યાસ કરી આવેલા. એ મારા જૂના મિત્ર. એમને વાત કરી તો એ નાટકની જવાબદારી લેવા તૈયાર થઈ ગયા એ એમની સુજનતા. નાટક સંગીત-નૃત્યથી ભરપૂર હતું. અને સંગીતવિભાગ સુમંતભાઈ વ્યાસે સંભાળી લીધો. નાટકની સન્નિવેશ-રચના અટપટી હતી, પણ એ કાર્ય નારણભાઈ મિસ્ત્રીએ સફળતાથી પાર પાડ્યું. નાટકની તૈયારીઓ ચાલી અને અંતે મુંબઈ રાજ્ય નાટ્ય મહોત્સવ-માં 'પૂર્ણિમા'ને યશ મળ્યો. પારિતોષક મળ્યું.

આ તકે હું સર્વ કલાકાર મિત્રો તથા નેપથ્યના કસબીઓનો આભાર વ્યક્ત કરું છું.

'પૂર્ણિમા'એ મને લખતો કર્યો છે. આશા છે ભવિષ્યમાં બીજાં નાટકો લખવાની પ્રેરણા મળ્યા જ કરશે. વણબૂઝી પ્યાસ છે આ નાટકની દુનિયા !

અંતમાં 'પૂર્ણિમા'નું નાટ્યરૂપાંતર તથા તેનું પ્રકાશન કરવાની પરવાનગી આપવા બદલ પ્રા. અક્ષયભાઈનો હું ખરેખર આભારી છું. 'રંગભૂમિ' સંસ્થાના પ્રથમ પ્રકાશન તરીકે 'પૂર્ણિમા' બહાર પડે છે એ પણ મારું સદ્ભાગ્ય છે. અને આ નાટકને પ્રગટ કરવા બદલ આર. આર. શેઠ કંપનીના મુખ્ય સંચાલક શ્રી ભુરાલાલ શેઠનો પણ હું આભાર વ્યક્ત કરું છું.

સર્વોન્નતિ સોસાયટી
ઘાટકોપર : મુંબઈ–૩૯
૧૦–૪–૫૯

વિષ્ણુકુમાર વ્યાસ

મુદ્રણો
પહેલી આવૃત્તિ : એપ્રિલ ૧૯૫૯
બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે ૧૯૯૨
પ્રત : ૭૫૦

# પૂર્ણિમા

*

રમણલાલ વ. દેસાઈ

# અંક પહેલો

[ પડદો ઊઘડતાં આગળના ભાગમાં મકાનો અને પાછળના ભાગમાં રસ્તો આપણી નજરે પડે છે. ડાબી બાજુ પર એક મકાનની ગેલેરી બહાર પડતી દેખાય છે. એની બાજુમાં બીજું મકાન આવેલું છે, તેની પરસાળ દેખાય છે. આ બન્ને મકાનો એક જ કમ્પાઉન્ડમાં આવેલાં દેખાય છે, ત્યારે સામી બાજુ જમણી બાજુ પર ઊંચાઈ પર આગળના ભાગમાં એક મંદિરનો પૃષ્ઠ ભાગ અને પગથિયાં દેખાય છે. આ બન્ને સ્થાનની પાછળના ભાગમાં એક રસ્તો આવેલો છે. સામી બાજુ ફૂટપાથ દેખાય છે. એના પર એક સ્ટ્રીટ–લૅમ્પ દેખાય છે. રસ્તાના ખૂણા પર ડાબી બાજુ સ્ટેશન દર્શાવતું સાઈન-બોર્ડ છે. અવારનવાર ગાડી આવવા-જવાના અવાજો સંભળાયા કરે છે. જમણી બાજુ શહેરમાં જવાનો રસ્તો છે. રસ્તાની સામી બાજુ પર ખાલી મેદાન દેખાય છે, તેને તારની વાડથી બાંધી લેવામાં આવ્યું છે. દૂર એકાદ ઝાડ દેખાય છે ને પાછળ આકાશ નજરે પડે છે.

પડદો ઊઘડે ત્યારે સંધ્યાટાણું થઈ ગયું છે. મંદિરમાં સાયંઆરતી થતી સંભળાય છે. શિવનાથ શાસ્ત્રીનો શ્લોક સંભળાય છે. સામેની ફૂટપાથ પર એક ઘૂંઘટો કાઢેલ સ્ત્રી બેઠી છે ને

શ્લોક સાંભળે છે. ત્યાં સ્ટ્રીટ–લૅમ્પ કરનાર આવે છે, અને નારાયણીને જોઈ બબડે છે.]

[શ્લોક સંભળાય છે.]

અસિત ગિરિસમં સ્યાત્ કજ્જલં સિન્ધુપાત્રે
સુરતરુવરશાખા લેખની પત્રમૂર્વિં;
લિખતિ યદિ ગૃહિત્વા શારદા સર્વકાલં
તદપિ તવગુણાનાં ઈશ પારં ન યાતિ.

બત્તીવાળો : આ બાઈ પણ ગજબ છે; જ્યારે જુઓ ત્યારે બસ અહીં જ પડી છે! કોણ જાણે શી મહોબત છે આ જગા સાથે એને!...એ ઊઠ...અહીંથી. ચાલ, કામ કરવા દે.

[બાઈ ઊઠીને મંદિરના દરવાજે જાય છે, બત્તીવાળો આશ્ચર્ય સાથે ચાલ્યો જાય છે. એવામાં શિવનાથ ભજનની એકાદ લીટી ગણગણતા બહાર આવે છે.]

શિવનાથ : "**મેરો જનસમરણ કો સાથી**"...

(નારાયણીને ઊભેલી જોઈ) કોણ? ઓહ તું?

[નારાયણી તેને જોઈ નાસી જાય છે.]

એ ઊભી તો રહે...એ બાઈ!...રામ રામ...હે રઘુવીર! શી દશા છે બિચારીની! મારો પ્રભુ સૌનું સારું કરો.

[અંદર જવા જાય છે, ત્યાં સામેના મકાનની ગૅલેરીમાં બત્તી થાય છે. પદ્મનાભ ગૅલેરીમાં દેખાય છે.]

પદ્મનાભ : જે રામજી શાસ્ત્રીજી! આરતી થઈ ગઈ?

શાસ્ત્રીજી : હા, ભાઈ! બહારથી હમણાં જ આવ્યા કે શું?

પદ્મનાભ : ના જી, થોડી વાર થઈ. દુર્ગાને ઠીક નથી, તે જરા બામ ઘસતો હતો.

શાસ્ત્રીજી : લેણાદેણીનો સંબંધ છે, ભાઈ! બિચારાંને રોગે પરેશાન કરી મૂકયાં છે. ને એમાં ય તમારો વકીલનો ધંધો; મિનિટ એકની યે ફુરસદ નહિ. વળી સમાજસેવાનું તમારું કાર્ય! કોઈ ને કોઈ આવ્યું જ છે.

[ એક વ્યક્તિ પદ્મનાભના કંપાઉન્ડમાં પ્રવેશે છે. ]

લ્યો...હું ખોટું કહું છું? ( હસે છે) ચાલો, જે રામજીકી... રામરામ!

[ અંદર જાય છે. વ્યક્તિ કે જેનું નામ ચંપક લાલ છે, તે ગેલેરીનાં પગથિયાં ચડે છે. ]

પદ્મનાભ : કેમ ચંપકલાલ! અત્યારે આવવું થયું?

ચંપકલાલ : સાહેબ! વિધવાશ્રમની અરજીઓ આપણે પાસ કરી નાખી છે, પણ ગઈ કાલે એક શેઠની ભલામણ સાથે એક બાઈ અરજી લઈને આવી હતી.

પદ્મનાભ : કયા શેઠની ભલામણ છે?

ચંપકલાલ : ફીકાશેઠની...આપણા તો ઘરાક છે ને સાહેબ?

પદ્માનાભ : આ ફીકાશેઠને પણ કાંઈ ધંધો નથી. પોતાનો ધંધો છોડી આ ધંધામાં વધારે રસ લે છે. કોઈ વિધવા થઈ તો ભલામણ; ત્યક્તા થઈ તો ચિઠ્ઠી; પતિતા થઈ તો લાગવગ લગાવી. સ્ત્રીઓનાં દુ:ખ બિચારાથી ખમાતાં નથી.

ચંપકલાલ : પણ સાહેબ! આપણા વિધવાશ્રમમાં એમણે રૂ. ૫૦૦૦/...ની રકમ...

પદ્મનાભ : ૫૦૦૦/...શું, ૫૦,૦૦૦/...પણ ખરચી નાખશે! વેપારી છે ને? સોદા કરવાનું એને શીખવવું પડે? જમાઉધારનાં પાસાં સરખાં જ રાખવાનાં. કોણ છે બાઈ?

ચંપકલાલ : લખે છે કે એમના એક મુનીમની પત્ની છે. મુનીમ ટી.બી.થી મરી ગયો; બાઈનું કોઈ નથી.

પદ્મનાભ : કેમ કોઈ નથી? શેઠ પોતે છે ને? મુનીમ મરી ગયો ત્યાં સુધી ફીકાશેઠના પેટમાં પાણી યે ન હાલ્યું ને હવે

વિધવાની વહારે ધાય છે! કયો સંબંધ સૂકાઈ જતો હતો? એમ હોય તો રાખે ને ઘરમાં રસોયણ તરીકે?

ચંપકલાલ : પણ સાહેબ! એ તો......

પદ્મનાભ : હું જાણું છું, ચંપકલાલ! ઘરમાં તો રસોઈ જ કરે અને આવા આશ્રમોમાં તો...જવા દો એ બધી વાત...મને અત્યારે સમય નથી...અને તમે પણ રાતને વખતે આવી ઉપાધિ લઈને આવો છો! મારે અત્યારે એક અગત્યનું કામ છે ને બહાર જવું છે...તમે હમણાં જાવ; પછી વિચારીશું.

ચંપકલાલ : પણ સાહેબ! કાલે તો આખરી નિકાલ કરી નાખવાનો છે!

પદ્મનાભ : તમને કહ્યું નહિ કે મારે અત્યારે બહાર જવું છે?...

[ અંદરથી દુર્ગા ઉધરસ ખાય છે; બારણામાં દેખાય છે. ]

દુર્ગા : વળી અત્યારે ક્યાં જવું છે? જુઓ છો ને મને ઠીક નથી...

પદ્મનાભ : એ તો...આ વિધવાશ્રમના મહેતાજી આવ્યા છે એમની સાથે એક અગત્યના કામે...

ચંપકલાલ : પણ સાહેબ! તમે તો...

પદ્મનાભ : હા, મહેતાજી! હું જ...એ પતાવી...દઈશ...

દુર્ગા : ઘરની બૈરીની તમને કંઈ પડી નથી ને બહારનાં બૈરાંના ઉદ્ધાર કરવા નીકળી પડચા છો...

પદ્મનાભ : દુર્ગા? તું ખોટો ઉત્પાત ન કર; અંદર જઈને સૂઈ જા. હું હમણાં જ પાછો આવું છું.

દુર્ગા : કો'ક દિવસ આમ જ પાછા આવશો ત્યારે હું આ જગત-માંથી પાછી વળી ગઈ હોઈશ. હે રામ!...

[ દુર્ગા બારણું બંધ કરી અંદર જાય છે. ]

ચંપકલાલ : બહેનની માંદગી...બિચારાંને છોડતી જ નથી.

પદ્મનાભ : ચંપકલાલ!...તમે ચિંતા કરવાનું છોડો...જાવ તમે.

ચંપકલાલ : પણ તમે સાથે આવો છો ને? હમણાં બહેનને કહ્યું ને?

પદ્મનાભ : તમે જાવ!...હમણાં હમણાં તમે વધારે પડતા વાચાળ થતા જાવ છો...જાવ તમે...મારે કામ છે.

[ ચંપક ધીમે ધીમે ચાલતો થાય છે. પદ્મનાભ કોટટોપી પહેરે છે; હાથમાં લાકડી લઈ ગૅલૅરીની બત્તી બંધ કરી આજુબાજુ જોતો નીચે ઊતરે છે. પછી સામી બાજુની ફૂટપાથ પર જાય છે. બન્ને બાજુ કોઈની રાહ જોતો હોય એમ અટકે છે. પછી જમણી બાજુ જાય છે. તેવામાં અવિનાશ અને રજની વાતો કરતા ડાબી બાજુથી દાખલ થાય છે. ]

[ બન્ને આનંદમાં દેખાય છે. ]

અવિનાશ : રજની! આપણામાં જીવન જ ક્યાં છે? જીવનમાં રસ જ નહિ ને!

રજની : જે કાંઈ મરતું મરતું જીવન છે, જે કાંઈ મોળો મોળો રસ છે, એટલું જ રહેવા દે ને ભાઈ? નવું જીવન અને નવો રસ લાવતાં જે છે તે ખોઈ બેસીએ નહિ!

અવિનાશ : વૃદ્ધોની ફિલસૂફી! આપણા દેશમાં બાળકો ય વૃદ્ધ જન્મે છે.

રજની : કાલથી એ યુરોપિયન નાચ જોવાનું માંડી વાળો.

અવિનાશ : નાચ તો અનેક પહેલ પાડેલાં જીવનનું એક પાસું છે.

રજની : અવિનાશ! પહેલાં તો આ બધું શીખવા મારે તારી માફક વિલાયત જવું પડશે! તારા મનથી એમ કે નાચ એકલા યુરોપમાં જ છે, નહિ?

અવિનાશ : છોકરાઓ ગરબા ગાય છે તેને તારે નાચનું મહત્ત્વ આપવું છે?

રજની : એ તો તું વિલાયત ગયો ત્યારની સ્થિતિ હતી. આજે તો ઘેર ઘેર ઘૂઘરા ધમકે છે...અરે...પણ અવિનાશ! આ કોણ આવે છે? સાથે બે બાઈઓ પણ લાગે છે!

અવિનાશ : તારા પાડોશી વકીલસાહેબ લાગે છે. સમાજસેવક છે, ને અનેક સ્ત્રી સંસ્થાઓ સાથે......

રજની : પણ આમ અર્ધી રાત્રે સમાજસેવા ને તે પણ સ્ત્રીઓ સાથે એકાંતમાં ! અને આ સ્ત્રીઓ તો રોજ આપણી આજુ-બાજુ જોવા મળે છે એવી નથી લાગતી... કોઈ ગાવાવાળી... તવાયેફ જેવી......

અવિનાશ : (ગુસ્સે થતાં) શું જાણ્યા સિવાય કોઈને વિષે......

રજની : બસ બસ હવે, આ બાજુ આવ ને?...જોવા તો દે શો તાલ છે!...

[રજની અવિનાશને મંદિરની પાછળની બાજુ ઘસડી જઈ સંતાય છે. સામે જમણી બાજુથી પદ્મનાભ અને રાજેશ્વરી તથા જાનકી દાખલ થાય છે. આગળ પદ્મનાભ, પાછળ રાજેશ્વરી અને પછી જાનકી એમ આવે છે. સ્ટ્રીટ–લૅમ્પ પાસે ઊભાં રહે છે. પદ્મનાભ મંદિર તરફ આગળ વધે છે ...રાજેશ્વરીને બોલાવે છે...ત્યાં જ મંદિરમાંથી શાસ્ત્રીજી માલકૌંસની ધૂન છેડે છે.]

શાસ્ત્રીજી : મૈને નંદકિશોર સે પ્રીત કીની
બ્રીજમેં બદનામ મેં હોઈ ચૂકી.

[રાજેશ્વરી પહેલે પગથિયે અટકી પડે છે. પદ્મનાભ હાથ પકડે છે...સહેજ ખેંચે છે.]

જાનકી : વકીલસાહેબનો આટલો આગ્રહ છે તો જરા બેસીને જઈએ.

રાજેશ્વરી : ના મા! આજે નહિ, ફરી કોઈ વખત જોઈશું:

(લૅમ્પ તરફ જાય છે]

પદ્મનાભ : ......

[પાછળ જાય છે]

રાજેશ્વરી : મને માગતા હો તો આ મંદિરમાં ફરી લાવશો નહિ.

[ ગીત આછું આછું ચાલુ સંભળાય છે ]

" કોઈ એક કહો, કોઈ લાખ કહો,
અબ હોનેવાલી સો હોઈ ચૂકી...મૈંને..."

પદ્મનાભ : કેમ ?

રાજેશ્વરી : સંગીતના ભણકારા વાગ્યા કરે છે.

" મીરાં કે પ્રભુ ગિરધરનાગર,
સુધબુધ સબ મેં ખોઈ ચૂકી...મૈંને..."

પદ્મનાભ : તેથી શું ?

રાજેશ્વરી : આપના માટે હું અપાત્ર બની જાઉં છું.

પદ્મનાભ : રાજુ !......

રાજેશ્વરી : ઘેર જ આવો...મંદિરમાં નહિ.

પદ્મનાભ : હવે તો દિવસ નક્કી આપ.

જાનકી : જુઓ, કાલ સવારે અમે પરગામ જઈએ છીએ; એક દિવસ ત્યાં થશે. પછી કીકાશેઠની જન્મતિથિએ મુજરો થશે. બોલો, કયો દિવસ આપું ?

પદ્મનાભ : કીકાશેઠની જન્મતિથિનો બીજો દિવસ.

રાજેશ્વરી : ભલે...ચાલ મા !...

[ ચાલવા લાગે છે. જાનકી પદ્મનાભ સાથે નક્કી કરતી હોય તે ભાવ સાથે રજા લે છે. બંને જમણી બાજુ ચાલ્યાં જાય છે. પદ્મનાભ ધીમેથી પોતાની ગેલેરીમાં દાખલ થાય છે, ને બારણું ઠેલી અંદર જાય છે. રજની–અવિનાશ સંતાયા હોય છે ત્યાંથી બહાર આવે છે. ]

રજની : કેમ ભાઈ ! ઓળખ્યા ને ? વકીલસાહેબ જ છે ને ?

અવિનાશ : એ જ !!! પણ આમ હોઈ શકે ?

રજની : હજી શંકા છે ? ( હાથ પકડી ) ચાલ ખાતરી કરાવું.

અવિનાશ : ના...ના...આપણે શી જરૂર? અને એમાં ખોટું શું છે? કોઈ મિત્રોની સાથે ફરવા નીકળ્યા હશે.

રજની : આ વિલાયત નથી, હો! મિત્રો? સ્ત્રીમિત્રો? હિંદુ સમાજમાં હજી વાર છે! અને તે યે રાતના અગિયાર-બાર વાગે? અમે તો કંઈ જુદું જ ધારી બેસીએ,

અવિનાશ : પદ્મનાભ જેવા ગૃહસ્થ વિરુદ્ધ...

રજની : પણ પેલી બે સ્ત્રીઓ કોણ હતી તે સમજાય છે?

અવિનાશ : સ્ત્રીઓ હતી...બીજું શું?

રજની : (હસીને) હા હા હા! એ બન્નેના દેખાવમાં તને કાંઈ ન લાગ્યું?

અવિનાશ : દૂરથી બન્નેને જોતાં મને લાગ્યું કે એકનું સૌંદર્ય ઊગે છે, બીજીનું આથમે છે.

રજની : ઓહ!...ત્યારે તો સૌંદર્યનો અસ્તોદય જોયો!

[બન્ને ઘરના કમ્પાઉન્ડના દરવાજા સુધી પહોંચી ગયાં છે, તેવામાં પદ્મનાભ ગૅલેરીમાં બત્તી કરે છે.]

પદ્મનાભ : કોણ છે? આટલી મોડી રાતે?

રજની : એ તો હું અને અવિનાશ છીએ. રશિયન નર્તકીનો નાચ જોવા ગયા હતા.

પદ્મનાભ : આમ મોડે સુધી નાચગાનના જલસામાં...

રજની : અંગ્રેજી નાચમાં તો મોટા મોટા પાદરીઓ પણ આવે.

પદ્મનાભ : ઠીક ભાઈ! ઠીક. અવિનાશ! તારું થોડું કામ છે મારે... ઉપર આવ ને?

રજની : અવિનાશ! તું વાત કરી આવ, હું રમાને ઉઠાડું. રાણીસાહેબ ભરઊંઘમાં પોઢ્યાં હશે; એમ સહેલાઈથી ઊઠશે નહિ...હું સૂવાની વ્યવસ્થા કરાવું.

[પાસે પરસાળવાળા પોતાના ઘરમાં જાય છે. અવિનાશ પદ્મનાભની ગૅલેરીમાં જાય છે.]

પદ્મનાભ : જો અવિનાશ ! આજે તારા પિતા અહીં આવ્યા હતા. તું તો જાણે છે ને, મારે અને એને કેટલો ગાઢ સંબંધ છે ?

અવિનાશ : હા જી ! એટલે તો મને હવે તમારે હવાલે કર્યો છે.

પદ્મનાભ : શું કરે બિચારા ત્યારે ? ઘરની પેઢી ચાલે છે, ધમધોકાર વેપાર ચાલે છે, બેઠાં બેઠાં હજારો રૂપિયા દલાલી મળે છે. પણ તારું એમાં ક્યાં ય મન ચોંટતું નથી ને !

અવિનાશ : પણ મને એ જ સમજાતું નથી, મુરબ્બી ! કે આપણે માલ લેવો નથી, દેવો નથી, નજરે જોવો પણ નથી, છતાં વચ્ચેથી દલાલી પડાવી લેવાનું કારણ ? આપણને વેપારમાં નહિ ફાવે...

પદ્મનાભ : ત્યારે તો તારા બાપે મારી સાથે વકીલાતમાં જોડ્યો છે ને ? પરદેશ જઈ બૅરિસ્ટર થઈ આવ્યો છે, પણ આ વકીલાતમાં ય તને આદર્શ આડા આવે છે.

અવિનાશ : ભઈ ! મને આ સાચાનું ખોટું અને ખોટાનું સાચું કરવામાં કંઈ ઘડ બેસતી નથી.

પદ્મનાભ : સાવ માસ્તરને લાયક છો તું તો !

અવિનાશ : માસ્તર નહિ પ્રોફેસર.

પદ્મનાભ : હા ભાઈ ! હા. પ્રોફેસર ! પ્રોફેસર એટલે મોટો માસ્તર...અને હાં, પેલી કૉલેજમાં પ્રોફેસરની જગ્યા માટે અરજી કરી હતી એનો જવાબ આવી ગયો છે. કાલે ઇન્ટરવ્યૂ છે. સવારની ગાડીથી ઊપડી જા.

અવિનાશ : એ મને ફાવશે, મુરબ્બી !

પદ્મનાભ : અવિનાશ ! આમ આદર્શને ઝૂલે ઝૂલ્યા જ કરશો કે કદી માબાપનો પણ વિચાર કરશો ? હવે તો લગ્નની હા પાડે તો સારું.

અવિનાશ : પણ શી ઉતાવળ છે ? નોકરીધંધે લાગ્યા પછી વિચાર !

પદ્મનાભ : તે આવનારી વહુ ક્યાં તારા રોટલા પર આશરો રાખીને આવવાની છે? તારા પિતાના ઘરમાં ક્યાં ખોટ છે?

[ દુર્ગાવતીની ઉધરસ સંભળાય છે. ]

અવિનાશ : દુર્ગાબહેનની તબિયતમાં કંઈ સુધારો નથી જણાતો? બિચારાં નિરાંતે ઊંઘી પણ શકતાં નથી! તમને પણ ઘણી તકલીફ પડતી હશે.

પદ્મનાભ : તકલીફ પડે તો ય શું કરીએ? નભાવ્યે જ છૂટકો ને! લગ્ન કર્યાં પછી...

[ દુર્ગા બહાર આવે છે, શાલ ઓઢી છે. ]

[ અવિનાશ આરામ ખુરસીમાં બેસાડે છે. ]

દુર્ગા : લગ્નની શી વાત કરતા હતા?

પદ્મનાભ : કંઈ નહિ એ તો. હું અવિનાશને કહેતો હતો કે હવે લગ્ન કરી નાખ...તારા પિતાનો બહુ આગ્રહ છે.

દુર્ગાં : હા ભાઈ! પરણવાની તમારી ઉંમર થઈ. હવે તો ઘર બંધાઈ જાય તો સારું. પણ પરણીને કંઈ સુખ નથી હો! (ઉધરસ ખાય છે.)

અવિનાશ : તમને ઠીક નથી; તમે આરામ કરો.

દુર્ગા : આરામ જ કરું છું ને ભાઈ? પણ હવે તો બેઠાં બેઠાં થાકી ગઈ છું, અને એમાં ય ઘેર કોઈ માણસ નહિ. તમારા વકીલ-સાહેબને તો દુનિયા આખીની ચિંતા છે, એક ઘરના માણસની જ પડી નથી. ભાઈ! જોઈ વિચારીને ઘર માંડજે; કોઈ ગભરુને દુઃખી ન કરતો. (ઉધરસ આવે છે.)

પદ્મનાભ : તને કોઈ ફરિયાદ સાંભળનારું જોઈએ છે. બસ, ચાલ્યું તારું પતિપુરાણ!...શું હું ચોવીશ કલાક તારી સામું બેસી રહું અને તારા પગ દાબ્યા કરું? કંઈ કામધંધો ખરો કે નહિ?...

દુર્ગા : હા હા, કર્યા કરો તમારો કામધંધો...( ઊઠે છે ) હું કે દી ના પાડું છું ? ને ના પાડું તોય કોણ સાંભળે એમ છે ?...

[ ઉધરસ ખાય છે. બારણામાં પડતાં પડતાં રહી જાય છે; અવિનાશ હાથ ઝાલી અંદર મૂકી આવી બારણું બંધ કરે છે. ]

પદ્મનાભ : જોયું સ્નેહાળદાંપત્ય ?

અવિનાશ : એટલે તો કહું છું કે કંઈ પરણવાની ઉતાવળ નથી... પરણીને આ ઉપાધિ ?

રજની : ( પરસાળમાંથી ) ભાઈ ! હવે સૂવુંબૂવું છે કે નહિ ? તમારી વાત તો બહુ લાંબી ચાલી.

અવિનાશ : લ્યો ત્યારે હું જાઉં. સવારે પાછું વહેલું ઊઠવું પડશે ને ?

પદ્મનાભ : હા હા, કાલે ઇન્ટરવ્યૂ આપી આવ; બનતાં સુધી થઈ જશે.

[ અવિનાશ પગથિયાં ઊતરી રજનીની પરસાળ ચડતાં ]

અવિનાશ : રજની ! સવારમાં ગાડી પકડી...કૉલેજમાં પ્રોફેસરની જગ્યા માટે ઇન્ટરવ્યૂ માટે જવાનું છે.

રજની : હા હા, જઈ આવો. વેપારમાં કે વકીલાતમાં ફાવ્યા નહિ; હવે પ્રોફેસર બની જુઓ.

અવિનાશ : તું એમ માને છે કે તારા જેવા વ્યવહારકુશળ બીજા કોઈ નથી.

રજની : બીજો કોઈ કદાચ હશે પણ તું તો નહિ જ !

અવિનાશ : બહુ સારું...તું પરણ્યો એટલી તારી લાયકી વધારે. બસ ?

રજની : બેશક ! જો, તને કોઈ પરણે છે ?

અવિનાશ : હું અભણ, અસંસ્કારી સ્ત્રીઓને પરણવા માગતો જ નથી ને ?

રજની : અભણ ઉપર ગમે તેટલો ભાર દઈશ તો ય મને કાંઈ લાગવાનું નથી,

અવિનાશ : નહિ નહિ, હું તમારા માટે કંઈ કહેતો નથી. રમા ભાભી માટે મને માન છે. તને ખોટું લાગ્યું તો હું માફી...

રજની : ધીમે બોલ...તારાં રમાભાભી જાગી ગયાં તો તને તો માફી મળશે, પણ મને...લે ચાલ હવે...સવારે પાછું ઉઠાશે નહિ. અને જો, આપ સવારે ઊઠીને જજો; પણ મને તો સૂવા દેશો ને ?

અવિનાશ : તું તારે આરામથી ઊઠજે, હું ઊપડી જઈશ ને સાંજની ગાડીમાં પાછો આવી જઈશ; મારે ઘેર કહેવડાવી દેજે.

[ બંને સૂવાની તૈયારી કરે છે. બત્તી ઠારે છે. ભારખાનું પસાર થાય છે. રાતના બેના ડંકા થાય છે. ચોકીદાર આલબેલ પોકારે છે. ધીમે ધીમે પરોઢનો પ્રકાશ ખૂલતો જાય છે. મંદિરમાંથી શાસ્ત્રીજીનું પ્રભાતિયું સંભળાય છે. ]

જાગિયે રઘુનાથ કુંવર
નંદ કે દુલારે.

[ સામે ફૂટપાથ પર અવરજવર શરૂ થાય છે. રમા અવિનાશને ઉઠાડે છે. ]

રમ : અવિનાશભાઈ ! ઊઠો. ઝટ કરો ને ? તમારી ગાડી ક્યાંક ઊપડી જશે...ઊઠો...જલદી કરો. ( એવામાં દૂધવાળો ભૈયો આવે છે. રમા દૂધ લેતાં ) ઊઠો...હું ચા બનાવું છું.

[ અવિનાશ ઊઠે છે. લોટાથી હાથમોઢું સાફ કરે છે. કપડાં પહેરે છે. ત્યાં રમા ચા લઈ આવે છે. ]

રમા : લો ચા. તમારે નાહવું નથી? ગરમ પાણી મૂકયું છે.

અવિનાશ : મોડું થશે, ભાભી !...એ ગરમ પાણીથી રજનીને નવડાવજો...હું ત્યાં સ્ટેશન પર વેઇટિંગ રૂમમાં પતાવી દઈશ ...(ઝોળી લે છે.) ચાલો ત્યારે હું જઈ આવું.

રમા : પાછા કયારે આવશો?

અવિનાશ : સાંજની ગાડીમાં તો આવી જઈશ. અહીં થઈને પાછી જ મારે ઘેર જઈશ. ચાલો ત્યારે, આવજો.

[નીચે ઊતરે છે.]

રમા : આવજો...સંભાળીને જજો.

[અવિનાશ રસ્તા પર જાય છે. માણસોની અવર-જવર ચાલુ છે. ત્યાં જ પાછળથી ઉતાવળમાં એક કૂલી સામાન સાથે અથડાય છે. અવિનાશ પડી જાય છે. ને બૅગ એના હાથ પર પડે છે ને આંગળીમાં વાગે છે. કૂલી સાથે બે સ્ત્રીઓ છે, તે જાનકી અને રાજેશ્વરી છે. બીજા કૂલીની પાસે તાનપૂરો છે, તબલાં અને સારંગી સાથે એક ઉસ્તાદ પણ સાથે છે. અવિનાશને આંગળીમાંથી લોહી નીકળે છે. તે ઊભો થઈ રૂમાલ કાઢી એક હાથે પાટો બાંધે છે, તેવામાં કૂલી સામાન સરખો કરી બાંધે છે.]

અવિનાશ : જરા ધ્યાન રાખીને ચાલ ને ભાઈ?

કૂલી : માફ કરના, બાપુજી!...જરા જલદી જાના હૈ ઇસ લિયે...

અવિનાશ : જલદી તો હમકો ભી જાના હૈ.

[આ જોઈને રાજેશ્વરી આગળ આવે છે.]

રાજેશ્વરી : એ કૂલી! તુમ ચલો, ઉઠાઓ સામાન, ઔર આગે ચલો...ઉસ્તાદજી! આપ સાથમેં જાઈએ. (અવિનાશ તરફ) માફ કરના બાપુજી! હમારી વજહસે આપકો તકલીફ હુઈ...

[ અવિનાશ રાજેશ્વરીની નમ્રતાથી ડઘાઈ જાય છે, સુંદર સ્ત્રીને જોઈ રહે છે. હાથે પાટો બાંધવાનું ચાલુ રાખે છે. તેવામાં રાજેશ્વરી કુંજામાંથી પાણી કાઢી પ્યાલો ધરતાં ]

રાજેશ્વરી : બાબુજી ! આપ પહેલાં આ પાણીમાં હાથ બોળી રાખો. હું બીજો રૂમાલ આપું છું; આ પ્યાલો તો લોહીથી ભરાઈ ગયો. ( રાજેશ્વરી પોતાનો રૂમાલ પાણીમાં બોળી અવિનાશને આપે છે ) પાટો બાંધીશું ?

અવિનાશ : આપનો બહુ ઉપકાર ! હું બાંધી લઉં છું.

[ અવિનાશ એક હાથે પાટો બાંધે છે; છૂટી જાય છે. રાજેશ્વરી જરા હસી પડે છે. ]

રાજેશ્વરી : એમ નહિ, બાબુજી ! લાવો હું બાંધી આપું. ( રાજેશ્વરી પાટો બાંધે છે. અવિનાશ એના સામું જોઈ રહે છે. ) હવે લોહી બંધ થયું. પાટો ભીંજવેલો રાખજો, બાબુજી !

અવિનાશ : બહુ જ ઉપકાર થયો. આપનો શો બદલો વાળું ?

રાજેશ્વરી : એમાં શું ?

અવિનાશ : આપનું નામ ?

રાજેશ્વરી : રાજેશ્વરી.

અવિનાશ : આપને ક્યાં જવું છે ?

રાજેશ્વરી : રાજપુર.

અવિનાશ : મારે પણ ત્યાં જ જવું છે.

[ તે દરમિયાન જાનકી બધું જોયા કરે છે. એક નવું પંખી હાથ આવ્યું સમજી ચાંદીની ડબીમાંથી પોતે પાન ખાય છે, ને અવિનાશને ધરે છે. ]

જાનકી : આપ પાન ખાશો, બાબુજી ?

અવિનાશ : ટેવ તો નથી, પણ કશો ય વાંધો ય નથી. (પાન લે છે ને મોંમાં મૂકે છે.) આ આપનાં કાંઈ સગાં થાય છે?

રાજેશ્વરી : હા જી, એ મારી મા છે.

અવિનાશ : ઘણું સારું થયું. આપનાં માતુશ્રીનો પણ પરિચય થયો. આપના પિતા શું કરે છે?

[જાનકી અને રાજેશ્વરી એકબીજા સામું જોઈ હસી પડે છે. અવિનાશ વિસ્મય પામે છે.]

જાનકી : બાબુજી! હવે હાથે કેમ છે? (અવિનાશ જવાબ નથી આપતો.)

રાજેશ્વરી : મા! બાબુજી નાખુશ થયા...

અવિનાશ : ના ના, એવું કાંઈ નહિ. પણ તમે હસ્યાં એટલે...

રાજેશ્વરી : આપ શું કરો છો બાબુજી?

અવિનાશ : હમણાં તો વકીલાત શીખું છું. પણ એ ફાવતું નથી એટલે શિક્ષક થવા વિચાર રાખું છું.

[એટલામાં ગાડીની વ્હીસલ સંભળાય છે.]

જાનકી : અરે, આમ ને આમ વાતોમાં રહીશું તો ગાડી ચૂકી જશું. ચાલો...ચાલો. (જાનકી આગળ ચાલે છે.)

રાજેશ્વરી : ચાલો ત્યારે...સલામ બાબુજી!...

અવિનાશ : તમે ન હોત તો મારી આંગળીનો ઘા...

રાજેશ્વરી : અરે, એમાં શું? કાંઈ મોટી વાત છે!

અવિનાશ : મને એ વાત નાની નથી લાગતી. હું આપને મળવા ધારું છું. આપ ક્યાં રહો છો?

રાજેશ્વરી : અમે જ્યાં રહીએ છીએ ત્યાં પ્રભુ તમોને ન લાવે!

અવિનાશ : કારણ?

રાજેશ્વરી : આપ હજી સમજ્યા નહિ? અમારો ધંધો ગાવા-બજાવવાનો છે.

[ રાજેશ્વરી ચાલતી થાય છે. પાછળ તાનપૂરા ને તબલાવાળો ફૂલી અવિનાશ સામે સૂચક રીતે હસતો હસતો ચાલ્યો જાય છે. અવિનાશ બાઘા જેમ ઊભો રહે છે, ત્યાં ફરી ગાડીની વ્હીસલ વાગે છે. ચમકીને તરત સ્ટેશન તરફ ચાલવા માંડે છે. ગાડી ઊપડવાનો અવાજ...વ્હીસલ... માણસોની અવરજવર થાય છે ]

[ થોડી વારે સુમંતરાય આવે છે. મંદિરમાં દર્શને જાય છે. થોડી વારે શાસ્ત્રીજી ને સુમંતરાય મંદિરના પૃષ્ઠભાગ પર પાછા આવે છે. ]

શાસ્ત્રીજી : રામજીની ઇચ્છા હશે તો બધું પાર પડી જશે, સુમંતરાયભાઈ! બંધુ એને માથે છોડી દો.

સુમંતરાય : શાસ્ત્રીજી! બસ, આ બે જ બાબતની મને ચિંતા છે. એક તો અવિનાશ એનું મન માને તેવી સારી જગ્યાએ લાગી જાય, ને બીજું એના વિવાહની આ વાત પતી જાય.

શાસ્ત્રીજી : બધાં સારાં વાનાં થઈ જશે.

સુમંતરાય : ચાલો ત્યારે, રજા લઉં.

શાસ્ત્રીજી : હા જી...પધારજો.

[ શાસ્ત્રીજી મંદિરમાં જાય છે. સુમંતરાય પદ્મનાભના ઘર તરફ વળે છે. ]

સુમંતરાય : ( ગૅલેરી ચડતાં ) કેમ વકીલસાહેબ?

પદ્મનાભ : ( અંદરથી )...એ આવ્યો સાહેબ! ( આવે છે ) આવો, આવો; બેસો ને? આ જરા દુર્ગાને હમણાં ઠીક નથી રહેતું એટલે અંદર હતો.

સુમંતરાય : હા, એમને બિચારાંને ઉપાધિ છે.

પદ્મનાભ : ચાલ્યા કરે એ તો! શું કરીએ? કેમ આજે આપે તસ્દી લીધી અત્યારમાં...?

સુમંતરાય : કંઈ નહિ. એ તો અવિનાશની ભાળ કાઢવી હતી. વળી થયું કે તમને પણ મળતો આવું અને મંદિરમાં દર્શન પણ થઈ જાય.

પદ્મનાભ : હું જાણું છું, આપને અવિનાશની ચિંતા રહ્યા કરે છે. ઘરનો ધંધો છે, પણ એમાં એનું મન ચોંટતું નથી. આજે વળી એ પ્રોફેસરની જગ્યા માટે "ઇન્ટરવ્યૂ" માટે ગયો છે. બનતાં સુધી થઈ જશે...અને લગ્નની વાત પણ મેં છેડી જોઈ.

સુમંતરાય : શું કહ્યું એણે ?

પદ્મનાભ : કહે છે, શી ઉતાવળ છે ?

સુમંતરાય : આપણે ઉતાવળ ન હોય; પણ ભાઈ ! સારા ઘરની જુવાન દીકરી થોડી બેસી રહે ?

પદ્મનાભ : ધીમે ધીમે ઠેકાણે આવી જશે. આપ શાંતિ રાખશો. મારાથી બનતો પ્રયત્ન કરી છૂટીશ; સમજાવી દઈશ.

સુમંતરાય : (ઊઠે છે) મેં તો તમને સોંપ્યો છે. તમે એના મોટા ભાઈ જેવા છો...ચાલો ત્યારે, હું જાઉં...ક્યારે પાછો આવવાનો છે ?

પદ્મનાભ : સાંજના તો પાછો આવી જશે; ચિંતા કરશો નહિ.

સુમંતરાય : ચાલો ત્યારે.

[ નીચે ઊતરે છે. ]

પદ્મનાભ : આવજો...( સુમંતરાય જાય છે. પદ્મનાભ કોટટોપી પહેરી તૈયાર થતાં ) દુર્ગા !...હું જરા એક કેસનું કામ છે તે બહાર જઈ આવું. કલાકેકમાં પાછો આવી જઈશ. ને જમીને પછી ઑફિસે જઈશ.

[ એવામાં કીકાશેઠ આવી ચડે છે. ]

કીકાશેઠ : ઑફિસે હવે પછી જજો. અમે આવીએ ને તમે બહાર નીકળી જાવ તે કેમ ચાલશે ?

પદ્મનાભ : ઓહોહો ! આવો આવો શેઠસાહેબ ! તમે ક્યાંથી ? ગઈ કાલે સાંજે જ યાદ કર્યા હતા.

કીકાશેઠ : ને યાદ કરો કે અમે તો હાજર જ છીએ, રાજ્જા ! અમારા વગર તમને અને તમારા વગર અમને ક્યાં ચાલે એમ છે ?

પદ્મનાભ : બોલો બોલો...સાહેબ ! તમારી સેવામાં તો હાજર જ છીએ.

કીકાશેઠ : અરે શું સેવા ! સેવા સેવા કહીને તો તમે અનેક સંસ્થાઓમાં સલવાડી દીધો છે ! ક્યાંક પ્રેસીડન્ટ તો ક્યાંક લાઈફ મેમ્બર, ક્યાંક સલાહકાર તો ક્યાંક...

પદ્મનાભ : અમસ્તા ચારે બાજુ કીકાશેઠ, કીકાશેઠ થાય છે ? લાભ લેવા હોય તો લપટાવું પડે !

કીકાશેઠ : પણ આમાં તો લપટાવું બહુ પડે છે, લાભ ઓછો મળે છે.

પદ્મનાભ : વળી વેપારની વાત કરી શેઠ ? (બંને હસે છે) બોલો, ખાસ શી ફરમાએશ છે ? શંકર ! ચા લાવજે.

કીકાશેઠ : આ મારા મુનીમની વિધવા બૈરીનું તો જાણે તમે પતાવી દેજો. પણ પેલી નારીઉત્કર્ષ મંડળની વાર્ષિક સભાના પ્રમુખપદેથી ભાષણ દેવાનું છે, તેનું કેમ થશે ?

પદ્મનાભ : તે તમે પતાવી દેજો...એમાં બીજું શું થવાનું છે ?

કીકાશેઠ : લ્યો, બોલ્યા પતાવી દેજો ! ભઈ ! બીજી બધી પતાવટ તો હું કરી દઉં, પણ આ પતાવટ તમારા વિના નહિ થાય.

પદ્મનાભ : કેમ, એમાં શું છે ?

કીકાશેઠ : ના ભાઈ ! એમાં તમારે આખું ભાષણ મને લખી દેવું પડશે. એ બધું તમને વકીલોને સોંપ્યું. આપણે તો ભાઈ ! ગોખી મારીએ. અને જરા જલદી લખી આપજો. એ ગોખતાં મને બે દિવસ લાગશે.

પદ્મનાભ : હા જી. તમે ગોખો છો કાંઈ ને બોલો છો બીજું !... અને તમે ય એવું બોલો છો ! ( હસે છે. )

કીકાશેઠ : મશ્કરી રહેવા દો, સાહેબ! એ સાળી ઘડ બેસતી જ નથી. પ્લૅટફૉર્મ પર ઊભા થઈએ છીએ ને સામે સેંકડો તગમગતી આંખો દેખાય છે ને મારી જાતને ભૂલી જાઉં છું. પછી ભાષણ તો ભૂલી જ જવાય ને?

પદ્મનાભ : એ તો સ્ત્રીઓની સભામાં તમારી હંમેશની મુશ્કેલી છે જ...(કીકાશેઠ હસી કાઢે છે.) પેલી વનિતાવિહારની સભામાં તમે "સન્નારીઓ" ને બદલે "માતાઓ, પત્નીઓ" એવું કંઈક બોલીને ભાંગરો વાટેલો ને પછી તમારી ગતપત્નીઓની યાદ તાજી કરીને રડવા બેઠેલા...

કીકાશેઠ : સાળું એવું થઈ જાય છે, રાજ્જા! પુરાણી પ્રીતની યાદ...

પદ્મનાભ : જ્યારે જ્યારે તાજી થાય છે ત્યારે એ પુરાણી પ્રીતના ભણકારા વાગે છે ને નવી પ્રીતનાં સપનાં દેખાય છે; ખરું ને?

કીકાશેઠ : એવું જ કંઈક, રાજ્જા!...(હસે છે.) પણ હવે આ ભાષણ તો તમારે લખી જ આપવાનું છે, હો!...આ વખતે બરાબર ગોખી મારીશ; ભૂલ જ નહિ થાય...ચાલો ત્યારે...

[એવામાં રજની બહાર નીકળી પસાર થાય છે.]

રજની : નમસ્તે શેઠજી!...આજે તો આપ આ બાજુ?...

કીકાશેઠ : શું કરીએ? આ વકીલસાહેબ વગર આપણો ક્યાં આરો છે? પણ તું ક્યાં, આપણી પેઢીએ ચાલ્યો?

રજની : ના જી, રમાની આજે વરસગાંઠ છે તે જરા બજારમાંથી...

કીકાશેઠ : અરે...હા, રાજ્જા!...આપણો પણ કાલે જન્મદિવસ છે તે સંગીતની મહેફિલ ગોઠવી છે, જાનકીબાઈને ત્યાં...અહાહા! શું એની છોકરી ઠુમરી ગાય છે! આવશો ને? કાલે જરૂર, હાં. અને રજની! તું પણ આવજે; ભૂલતો નહિ. કાલે જરા જમાવી દઈએ.

રજની : ભલે શેઠજી!...આપનો જન્મદિવસ હોય પછી કંઈ કહેવાનું હોય? જાઉં ત્યારે. (જાય છે.)

કીકાશેઠ : ઠીક ત્યારે હું પણ ઊપડું, વકીલસાહેબ! કંઈ એક કામ થોડું છે? આ એક વેપારીનો માલ સલવાઈ ગયો છે તે છોડાવવાનો છે. પોલીસખાતામાં આપણી સારી લાગવગ છે; તમે તો જાણો છો બધું. ચાલો ત્યારે...

[ નીચે ઊતરે છે. ]

પદ્મનાભ : એ...આવજો, શેઠજી !

કીકાશેઠ : કાલે મહેફિલમાં જરૂર, હોં ! ભૂલતા નહિ; આવજો.

[ જાય છે. ]

[ દુર્ગા ખાંસી ખાતી ખાતી બહાર આવે છે. આરામ ખુરશીપર બેસે છે. ]

દુર્ગા : શેની વાત કરતા'તા શેઠ?

પદ્મનાભ : પણ હવે તું એ બધાંની શીદને ચિંતા કરે છે? આમ જ તારો મંદવાડ હઠતો નથી.

દુર્ગા : કોઈ વાત પૂછીએ તો તમને ગમતું નથી. મારાથી શા માટે બધું છુપાવો છો?

પદ્મનાભ : તારાથી છુપાવું છું? એવું હું શું કરું છું જે તારાથી છુપાવવાનું હોય?...

દુર્ગા : તો હમણાં શેઠ મહેફિલની શી વાત કરતા હતા?

પદ્મનાભ : એ તો...એમની પેઢી પર સત્યનારાયણની કથા છે તે પછી ભજનકીર્તન મંડળી આવવાની છે, તે મહેફિલ જામશે એની વાત કરતા હતા. અને આમંત્રણ આપી ગયા...બીજું શું? તું પણ નાહકની શંકાકુશંકા કર્યા કરે છે.

[ પદ્મનાભ નીચે ઊતરી બહાર જાય છે. ]

દુર્ગા : મારી એકે વાત એમને ગમતી નથી. ઈશ્વર જાણે ક્યારે હું આમાંથી છૂટીશ ને એમને છૂટા કરીશ! ( ઉધરસ આવે છે.)

[ રામો પાણી લઈ જાય છે. પ્રકાશ માત્ર દુર્ગા પર વર્તુળ રૂપ રચાય છે, ને ધીમે ધીમે ફેઈડ આઉટ થાય છે. ]

[ ધીમે ધીમે ફેઈડ ઈન થાય છે. દૂર ફૂટપાથ પર પેલી સ્ત્રી ઘૂમટો તાણી બત્તી નીચે બેઠી છે. રજનીના ઘરમાંથી હારમોનિયમ પર એક ગીત ગવાતું સંભળાય છે. ]

**સાંજને સમે સખી આવજે**
**સૂના સરવર કેરી પાળે,**
**અંતર કેરે આરે......સાંજને૦**

**છેલ્લું કિરણ જ્યારે આભથી વિદાય લે,**
**છેલ્લું મધુર ગીત પંખીડાં ગાઈ લે,**
**છેલ્લો ઝણકાર તારે ઝાંઝર ઝણકાવતી...સાંજને૦**

[ એવામાં બહારથી રમા હાથમાં શાકની થેલી લઈ આવે છે ને બારણામાં ઊભી રહે છે. ]

રખા : લો સખી આવી પહોંચી ! હવે બહાર નીકળો.

રજની : ( આવીને ) ઓહો...આવી ગઈ ? આજે જરા વહેલો આવી પહોંચ્યો. તારો જન્મદિવસ છે ને આજે...

રમા : ઠીક, વહેલા આવ્યા તો ભલે આવ્યા. પણ હવે એક કામ કરો. મોદીને ત્યાંથી ખાંડ લાવવાની રહી ગઈ. જલદી લઈ આવો, નહિ તો સાંજે પૂરણપોળી નહિ મળે.

રજની : લ્યો વહેલાં ઘેર આવ્યાં ! સખી આવ્યાં તો આવ્યાં પણ સખાને બહાર કાઢ્યા. ચાલો ભાઈ !...એમાં કાંઈ ચાલશે ?...

[ કોટ પહેરીને નીચે ઊતરે છે. ]

રમા : ( ઘરમાં જતાં ) વહેલા આવજો પાછા...હમણાં અવિનાશભાઈ આવી પહોંચશે ને રસોઈનું હજું કઈ ઠેકાણું નથી.

[ રમા અંદર જાય છે. ]

રજની : ભલે સાહેબ ! ( જાય છે. )

[ રજની ફૂટપાથ પાસેથી પસાર થાય છે તેવામાં બત્તીવાળો બત્તી કરવા આવે છે. નારાયણીને બેઠેલી જોઈ બોલે છે. ]

બત્તીવાળો : સલામ, સાહેબ !...( નારાયણીને ) તારે કંઈ કામધંધો છે કે બસ અહીં જ પડી રહે છે ? સાહેબ ! આ બાઈ જ્યારે જુઓ ત્યારે અહીં જ પડેલી હોય છે.

[ બત્તી કરે છે. ]

રજની : હશે બિચારી કોઈ દુખિયારી !

નારાયણી : શેઠ ! કશું આપતા જાવ; સવારની ભૂખી છું.

બત્તીવાળો : ભૂખી છે છે તો કંઈક કામ કર. સાળાંઓને માગીને જ ખાવાની આદત પડી ગઈ છે !

નારાયણી : તું તારે રસ્તે જા ને ? શું કામ નાહકનો...

રજની : લે. ( રજની બે પૈસા આપે છે ) જવા દે ભાઈ ! જેવાં જેનાં નસીબ !

[બત્તીવાળો તથા રજની સામસામી બાજુ ચાલતાં થાય છે. ]

[ એવામાં સ્ટેશનમાં ગાડી આવવાનો ઘંટ વાગે છે. દૂરથી વ્હીસલસંભળાય છે. ટ્રેન આવવાનો અવાજ; ટ્રેન અટકવાનો અવાજ...જુદા જુદા અવાજો ને માણસોની અવરજવર થાય છે. અવિનાશ સ્ટેશન તરફથી આવે છે. તેની આંગળીએ પાટો બાંધ્યો છે. પદ્મનાભ ગૅલેરીમાં ઊભો છે. ]

પદ્મનાભ : કેમ ભાઈ ! આવી ગયો ? આવ, ઉપર આવ; બેસ.

[ અવિનાશ ઉપર જાય છે. બેસે છે. ]

પદ્મનાભ : કેમ, શું કરી આવ્યો ?

અવિનાશ : પાંચેક ઉમેદવારો "ઇન્ટરવ્યૂ" માટે આવ્યા હતા પણ

મને એ લોકોએ પસંદ કર્યો, અને નિમણૂકપત્ર પણ સાથોસાથ જ આપી દીધો.

પદ્મનાભ : એમ? વાહ! ચાલો, ઘણું સરસ!

[ એવામાં રજની પાછો આવે છે. ]

રજની : કેમ, આવી ગયો અવિનાશ?

અવિનાશ : હા, રજની! ચાલો, ભાઈ! હું હવે જાઉં.

પદ્મનાભ : ભલે ભાઈ! અને જો, એ લોકને એક્સેપ્ટન્સનો પત્ર લખી નાખજે. ભૂલતો નહિ...આવજે

અવિનાશ : હા જી.

[ પદ્મનાભ બહાર જાય છે. ]

[ નીચે ઊતરે છે. રજની...અવિનાશ ઘર તરફ જાય છે. ]

રજની : કેમ, ફતેહ કરી આવ્યો?

અવિનાશ : હા...દોસ્ત! પતી ગયું. બે મહિના પછી નોકરી પર ચડી જવાનું.

રજની : સારું સારું. રમા!...અવિનાશ આવી ગયો છે.

રમા : ( અંદરથી ) એ આવી...( આવે છે. ) આવી ગયા ભાઈ? લ્યો પાણી.

[ પ્યાલો આપે છે; હાથે પાટો જુએ છે. ]

રમા : આ શું? હાથે શું વાગ્યું? સવારે ગયા ત્યાં તો કંઈ ન હતું! બારીબારણામાં આવી ગયા કે શું? ( અવિનાશ એકદમ યાદ આવતી હોય તેમ )

રજની : શું થયું અવિનાશ?

અવિનાશ : કંઈ નહિ; જરા અકસ્માત થયો.

[ ધીમું હસે છે. ]

રજની : તે આમ હસવા જેવો અકસ્માત થયો?'

અવિનાશ : એવું જ કંઈક થયું, રજની! દુઃખમાં પણ સુખદ સ્મરણ વસ્યું છે.

રજની : એ ભાઈ! અહીં વ્યાખ્યાન નથી સાંભળવું. હો!

રમા : તમે બન્ને ચલાવો ત્યાં હું રસોઈનું પતાવું. (જતાં જતાં) અવિનાશભાઈ! જમીને જવાનું છે, હો!

અવિનાશ : ભાભી! બપોરે મોડેથી જમ્યો હું એટલે ભૂખ નથી.

રજની : એની વર્ષગાંઠ છે. આજ જમ્યા વગર જઈશ તો કદી નહિ બોલાવે.

અવિનાશ : ભૂખ નથી, ભાભી! ને વળી ઘેર બાપુજી ચિંતા કરતા હશે. કાલે સવારે અહીં જમીશ. બસ?

રમા : ભલે ભાઈ! તમારા ભાઈ બોલે તો એનું ધ્યાન ન લેશો... એ તો છે જ એવા...

રજની : એવા એટલે કેવા? જરા ચોખ્ખું બોલતાં જાવ...

અવિનાશ : એ તમે બંને પછી લડજો; હું જાઉં છું. કાલ સવારે મળીશ. આવજો ભાભી!

રમા : આવજો ભાઈ!

[અંદર જાય છે.]

અવિનાશ : ચાલ ત્યારે જાઉં છું રજની!

રજની : અરે હા, પણ પછી પેલા સુખદ સ્મરણની તો વાત કરી જ નહિ! શું થયું હતું? નોકરી સાથે છોકરીનું પણ પતાવતો આવ્યો કે શું?

અવિનાશ : રજની! કહે છે કે મિલન પણ એક અકસ્માત જ છે. આજે એવો અકસ્માત થયો.

રજની : હેં! ક્યાં? કોની સાથે?

અવિનાશ : એક ગાવાવાળી યૌવના સાથે.

રજની : હેં! શી વાત કહે છે? ધીમે બોલ; કોઈ સાંભળશે તો ગામની બહાર કાઢી મૂકશે.

અવિનાશ : અને એ જ ગામની બહાર કાઢી મૂકનારા તારા ફીકાશેઠ જેવા માણસો ગામની વચ્ચે રહે છે.

રજની : પદ્મનાભ જેવા કહે ને? ગઈ કાલે રાત્રે જ ખબર છે ને? એ બધા તો સમાજના રખેવાળ કહેવાય!

અવિનાશ : સમાજના રખેવાળ? સમાજમાં આવા સડા ઊભા ન કરે તો રખેવાળ થાય કેવી રીતે?

રજની : પણ એમાં આપણે શું કરીએ?

અવિનાખ : કેમ? આ ગણિકાસંસ્થાઓ ચલાવે છે કોણ?

રજની : કોણ? હું અને તું ચલાવીએ છીએ.

અવિનાશ : હું અને તું નહિ પણ મારા ઓળખીતા ને તારા શેઠસાહેબો જ એના આશ્રયદાતા છે ને?

રજની : પણ એ બધી સ્ત્રીઓ પૈસા લઈ શરીર વેચે છે.

અવિનાશ : વકીલ-ડૉકટર પૈસા લઈ સલાહ અને સારવાર વેચે છે; પ્રોફેસર પૈસા લઈ વિદ્યા વેચે છે; સમસ્ત વિશ્વનો વહેવાર પૈસાની લેવડદેવડમાં જ ચાલે છે. જગતમાં શું નથી વેચાતું? કયો સંબંધ મફત બંધાય છે?

અવિનાશ : રજની! હું તને બહુ અનુભવી ગણતો હતો, પણ હવે મત બદલવો પડશે. પહેરામણી, વાંકડા, સાટાં, ચોકઠાં, એ બધું વેચાણ નથી તો બીજું શું છે?

રજની : પણ એ તો સામાજિક રીતરિવાજો છે.

અવિનાશ : એ રીતરિવાજોએ જ ઊભી કરેલી આ પાપલીલા છે!

રજની : માણસને સીધું ચાલવું હોય તો કોઈ આડું દોરી શકતું નથી.

અવિનાશ : અજ્ઞાન દેશમાં એ બધી આદર્શ ને આદેશની વાતો જ છે, સાહેબ! સમાજના કુરિવાજો ને અજ્ઞાનમાંથી જ આ ગણિકાસંસ્થા આપણે ઊભી કરી છે, ને આપણે જ નિભાવીએ છીએ. એ બિચારી નિર્દોષ સ્ત્રીજાતિનો શો વાંક છે?

રજની : એમનો ય થોડાઘણો ગુનો તો ખરો ને?

અવિનાશ : ગુનેગાર કરતાં ગુનો કરાવનાર મોટો અપરાધી છે.

રજની : પણ એમાં આપણે શું કરવું ?

અવિનાશ : શું કરવું કેમ ? પતિતાઓના ઉદ્ધાર માટે પગલાં લેવાં જોઈએ.

રજની : પણ પતિતાઓનો ઉદ્ધાર એમને ઘેર રખડવાથી થતો હશે ખરો ? તારા-મારાથી પતિતાનો ઉદ્ધાર થઈ શકે જ નહિ.

અવિનાશ : કેમ ન થાય ?

રજની : આપણું શિક્ષણ આપણને સાધુ બનાવતું નથી.

અવિનાશ : એટલે આપણાથી કશું ન થાય ?

રજની : એક વાત બની શકે, જો પરણ્યાં ન હોઈએ તો !

અવિનાશ : શું ?

રજની : એક પતિતાને પરણવું ! એ સિવાય આપણા જેવા આ સાધુઓ માટે તેમના ઉદ્ધારનો બીજો માર્ગ છે જ નહિ.

અવિનાશ : રજની ! તારી વાત સાચી છે. ડૂબેલા માનવીને હાથ આપી ઊંચે ન લેવાય ત્યાં સુધી તેને તારવાની વાત માત્ર ઘમંડ છે, તમાશા જ છે !

રજની : બહુ સારું. પણ એ તમાશામાં તમે નાચતા નહિ; તમારો હાથ તો કોઈને અપાઈ ગયો છે.

અવિનાશ : શું ?

રજની : તારાં લગ્ન...!

અવિનાશ : મારાં લગ્ન ? કોની સાથે ?

રજની : હવે તે તો થઈ રહેશે; ગમે તેને ગળે વળગાડીશું.

અવિનાશ : પસંદગી પણ મારી નહિ ?

રજની : આપને પસંદગી આવડી હોત તો અત્યાર સુધી કુંવારા શાના રહ્યા હોત ? રમા !

રમા : (બહાર આવે છે.) અરે ! તમે હજુ ગયા નથી ? મારે તો રસોઈ પણ તૈયાર થઈ ગઈ. ચાલો...

રજની : અરે, પણ રમા ! અહીં આવ. તારી રસોઈ થઈ ગઈ પણ અહીં રંધાઈ ગયું.

રમા : શું છે ? શું રંધાઈ ગયું ?

રજની : અવિનાશે લગ્ન કરવાનું નક્કી કર્યું.

રમા : ક્યાં ? કોની સાથે ?

રજની : એક ગાવાવાળી સાથે.

રમા : શું બોલો છો ?...તમે તો...

અવિનાશ : જવા દો ભાભી ! એ તો...ચાલો, હું જાઉં...ઘેર બધાં રાહ જોતાં હશે...મોડું ગયું.

રમા : રસોઈ થઈ ગઈ છે...હવે તો જમીને જ જાવ...

અવિનાશ : ના, ભાભી ! માફ કરજો. પછી આવીશ. ચાલો જાઉં.

રજની : રમા ! તું જા. એને થોડે મૂકીને આવું; નહિ તો એ પાછો આવશે. ( રમા ઘર તરફ જાય છે. ) ચાલ...

રજની : પણ અવિનાશ ! એ હતી કોણ ? એનું નામ શું ?

અવિનાશ : રાજેશ્વરી. આકસ્મિક મિલન થઈ ગયું.

રજની : અરે હાં...અવિનાશ ! ઠીક યાદ આવ્યું. મારા શેઠ છે ને, રાજા શેઠ...એમનો કાલે જન્મદિવસ છે. એણે એક ગાવાવાળીને ત્યાં મહેફિલ ગોઠવી છે. આપણને આમંત્રણ છે. આવીશ ને તું ?

અવિનાશ : હું ? હું કેમ આવું ? વિના આમંત્રણે ?...

રજની : હવે આવજે ને ? આમંત્રણો તો બધાંને મારે મોકલવાનાં છે. હું આમંત્રણ આપું છું.

અવિનાશ : જોઈશ; કાલે વાત.

રજની : હવે કાલ ને બાલ. આવજે ને ! મજા આવશે.

[ બન્ને ફૂટપાથ તરફ જાય છે ત્યાં નારાયણી બેઠેલી છે. ]

નારાયણી : શેઠ ! એક પૈસો...

રજની : આ બાઈ અહીં જ બેસી રહે છે ને ભીખ માગ્યા કરે છે!

અવિનાશ : બાઈ! તું કોણ છે?

નારાયણી : તારે શું કામ છે? પૈસો આપવો હોય તો આપ, નહિ તો તારે રસ્તે પડ!

અવિનાશ : તારે જરૂર હોય તો મદદ કરું.

નારાયણી : કરી કરી હવે તેં મદદ!...ચાલતો થા!...

રજની : વિચિત્ર છે બાઈ! હમણાં પૈસા માગતી હતી અને હવે કહે છે કે કરી કરી મદદ! ભિખારીના પણ દિમાગ છે ને કાંઈ!

[ મંદિરમાં શાસ્ત્રીજીની ધૂન સંભળાય છે. ]

**" રઘુવીર તુમકો મેરી લાજ.**
**સદા સદા મેં શરન તિહારી,**
**તુમ બડે ગરીબ નવાઝ!"**

[ નારાયણીથી ડૂસકું મુકાઈ જાય છે. રડે છે. ]
[ અવિનાશ આઠ આના ફેંકે છે. ]

નારાયણી : તમને કોણ કહે છે પૈસા નાખો? મને ભિખારણ ધારો છો?

રજની : હમણાં તો માગતી હતી!

નારાયણી : આવ્યો મોટો આપનારો!...જાવ...

રજની : ગાંડી લાગે છે.

નારાયણી : હા હા, ગાંડી છું! તમારા ડહાપણના ભંડાર અહીં ખુલ્લા ન કરો. જાવ તમે! ગાંડું કોણ છે એ તો મારો ઈશ્વર એક જ જાણે છે!

[ વળી ગીત સંભળાય છે. ]

**" તુલસીદાસ પર કિરપા કીજે,**
**પાર ઉતારો જહાજ.'**

[ છેલ્લી કડી બોલતાં શાસ્ત્રીજી બહાર આવે છે. એને જોઈ બાઈ ચમકે છે. ]

રજની : જવા દે અવિનાશ ! ચાલ ત્યારે...લે આ શાસ્ત્રીજી આવ્યા. એને પૂછીએ કે આ મંદિરની સામે કોણ બાઈ બેસી રહે છે ?...શાસ્ત્રીજી !

શાસ્ત્રીજી : ( નારાયણીને જોઈ ) અરે...અરે...એ નારાયણી !

[ શાસ્ત્રીજી પગથિયાં ઊતરે છે. નારાયણી ડાબી બાજુ નાસી જાય છે. અવિનાશ–રજની બાઘા જેમ ઊભા રહે છે. એક ફાસ્ટ ટ્રેન પસાર થવાનો અવાજ આવે છે. પ્રકાશ ધીમે ધીમે ફેઈડ આઉટ થાય છે. ]

[ પડદો પડે છે ]

## અંક બીજો

### [ગણિકાવાસ]

[ડાબી બાજુ જરા ઊંચા પ્લૅટફૉર્મ પર એક ગાયિકાનો ખંડ દેખાય છે. તેમાં જમણી બાજુ ખંડમાં આવવાનું દ્વાર છે; ડાબી બાજુ અંદરનો કમરો દર્શાવતું બારણું છે. ખંડની વચ્ચે બરાબર પાછળ એક ગૅલેરી છે, ને બાજુ પર દીવાલમાં એક બારી છે. છત પર ઝુમ્મર લટકે છે. દીવાલો પર રવિવર્માનાં મોટાં ચિત્રો છે; એકાદ મોટો અરીસો પણ લટકે છે. એક બાજુ એક સુશોભિત કબાટ, ને સામી બાજુ એક સુંદર ટેબલ પડયું છે. વચ્ચે ગાદીતકિયા બિછાવેલ છે. ત્યાં પાનની પેટી, થૂંકદાની, સારંગી, તાનપૂરો, તબલાં વગેરે પડયાં છે. ગૅલેરી, બારી-બારણામાં સુંદર આકર્ષક પડદા તથા મોતીનાં તોરણો લટકે છે. ખંડમાં સુગંધી ધૂપના ગોટા પ્રસરેલા છે. ટેબલ પર ફ્લાવર-વાઝમાં સુંદર ફૂલો ગોઠવેલાં છે.

જમણી બાજુ રંગમંચના અડધા ભાગ પર ગણિકાવાસનો ખ્યાલ આપતાં ઘરો, ને રસ્તો આવેલાં છે. જમણી બાજુ એકદમ ખૂણા પર એક પાનવાળાની દુકાન છે. પાછળ વચ્ચે એક માળવાળું મકાન દેખાય છે, ને જમણે ખૂણે સ્ટ્રીટ-લૅમ્પ છે. તે પ્રકાશે છે. રાત્રિનો સમય છે.

વચ્ચેના મકાનની બન્ને બાજુએ બે ગલીઓ દેખાય છે.

પડદો ઊઘડે છે ત્યારે ખૂણે ઝાંખું બત્તીનું અજવાળું પડે છે. આખું વાતાવરણ ધૂંધળું લાગે છે. સામેની મેડી પરથી એક ગઝલ સંભળાય છે. ]

"ઉંકદે ઉલફતકે સભી રશ્કે કમર ખોલ દીએ
સીનેકો ચાક કીઆ દાગે જિગર ખોલ દીએ."

[ એ સૂરને દબાવી દેતું એક જગ્યાએ ગ્રામોફોન વાગે છે.]

"સરજો તેરા ચકરાયે, યા દિલ ડૂબા જાયે,
આજા પ્યારે, પાસ હમારે,
કાહે ઘબરાએ, કાહે ઘબરાએ......"

[ આમથી તેમ રંગીન તબિયતનાં માણસો ફરે છે. પાનવાળાની દુકાને બેચાર માણસો ઊભાં ઊભાં વાતો કરે છે. ]

પાનવાળા ભૈયાજી : ( પાન બનાવતાં ) સરકાર ! બહુત દીનકે બાદ દર્શન હુઆ.

ચંપકલાલ : નહીં રે ભૈયાજી ! આ તો રાજજા શેઠના જન્મદિનની જાનકીબાઈને ત્યાં મહેફિલ છે. અને શેઠનો આગ્રહ હતો, એટલે થયું કે ચાલો.

ભૈયાજી : બડી મહેરબાની હુઈ. કભી કભી આતે રહેના...યહાંકી માયા ભૂલ મત જાના...

[ એક પાગલ જેવો માણસ આગળ આવે છે. ]

પાગલ : ક્યા બાત કરતે હો ભૈયા ? યહાંકી માયા લગી સો લગી. કભી છૂટતી હૈ ક્યા ? મેરી લયલા મુજે છોડ કર ચલી ગઈ,

લેકીન મેં ઈસ જગહ છોડ નહીં સકતા. અપની મંઝીલ તો યહીં કી યહીં ! “ મોહે છોડ ગયે સાવરિયા...મેં બિરહન તડપું અકેલી.” ( ગાવા માંડે છે. )

ભૈયાજી : જા રે પગલા ! ખાલી ગડબડ મત કર ઇધર. ઘરાકકે સામને ઐસી બકવાસ ?

પાગલ : બકવાસ ! મજનુ ઔર બકવાસ મૈં તુમે મુફ્ત ગાના સુનાતા હું ઔર તુમ બકવાસ કહતે હો ? ઔર વહાં તુમ્હારે જન્નતમેં હજારો રૂપિયે બરબાદ કરતે હો...કૌન હૈ વો તુમ્હારી ...કૌન હૈ ?...“ કૌન હૈ કિસીકી જગમેં, ના કોઈ મેરા, ના કોઈ તેરા, સારા જગ અંધેરા...કૌન હૈ.”

[ એટલામાં જાનકીનો ચોકીદાર હબીબ દરવાજા પરથી પાન ખાવા આવે છે. ]

ભૈયાજી : અબે મજનું કા બચ્ચા ! જાતા હૈ યા પુલીસકો બુલાઊં ?

પાગલ : બસ. એક પાન ખિલા દે પ્યારી...

ભૈયાજી : પાન મુફ્ત નહીં મિલતે ! જબ દેખો તબ યહીં ખડા હૈ !

પાગલ : મૈંને મેરી લયલાકે લિયે સબકુછ બરબાદ કર દિયા, ઔર તુમ એક પાન મુફ્ત નહીં ખિલાતે ? ( હબીબને ) ક્યોં લાલા... ક્યા ખ્યાલ હૈ ? ( ગાય છે અને નાચે છે ) ‘ક્યા ખ્યાલ હૈ લાલા, હૈ તુમારી બોલાબાલા...એક પાન ખિલા દે.’

હબીબ : અબે જા, ઉલ્લુ !...કુછ કામધંધા હૈ યા નહીં ?

પાગલ : સુબહ સે શામ તક યે મહોલ્લેકી રખવાલી કરતા હું, કી કોઈ લડકી યહાંસે ચલી ન જાય...પાન ખિલા દે યાર !...

હચીબ : જાતા હૈ યા...( હાથ પકડી મારવા જાય છે )

પાગલ : રહેને દો, પહેલવાન ! મુજસે ટક્કર અચ્છી નહીં હૈ !

[ તેવામાં જાનકી સામેના મકાનમાંથી બોલાવે છે ]

જાનકી : હબીબ ! કહાં ગયા ?...

હબીબ : આયા...બાઈજી !...

જાનકી : પાન લેતે આના...

હબીબ : જી બાઈજી !...ભૈયાજી... ! બાઈકા પાન દેના...

[ એટલામાં એક હવાલદાર આવે છે. પાનની દુકાને આવે છે કે તુરત જ પાગલ "કોઈ નહીં રે અપના બાબા" ગાતો ગાતો ચાલ્યો જાય છે. સામા મકાનને ઓટલે જઈ બેસે છે. હબીબ હવાલદારને સલામ કરી જાનકીના દ્વાર પર જઈ બેસે છે.

[ દશ્ય : જાનકીના ઘર તરફ બદલાય છે. જાનકી ઝુમ્મર પ્રગટાવે છે. બીજી એક બાઈ ધૂપ લઈ આવે છે; ફૂલો ગોઠવાય છે, ઉસ્તાદજી આવે છે; સારંગી ને તબલાં ગોઠવાય છે, તાનપૂરો મેળવાય છે ત્યાં જાનકી અંદર જઈ રાજેશ્વરીને લઈ આવે છે. સોળે શણગાર સજેલી દેવાંગના સમી રાજેશ્વરી ધીમી ચાલે પ્રવેશ છે. ]

જાનકી : હબીબ ! પાન લાયા ?

હબીબ : હાં બાઈજી ! લીજીયે...

[ હબીબ પાન લાવી આપે છે. ]

જાનકી : ( પોતે ખાતાં તથા બીજા તાસકમાં ગોઠવતાં તથા એક રાજેશ્વરીને આપતાં ) લે, બેટા ! ઔર આજ તો જમાવી દે... દુઃખીને દિલાસો ને રસિકને રસપાન, એ તો આપણો ધંધો છે ! આજ તારી કલાની કસોટી છે.

રાજેશ્વરી : મા ! હું નાચીશ, ગાઈશ, તું કહે છે તે જ કરીશ. પણ મારાં ગીત-નૃત્ય ગિરધર-ગોપાલને સમર્પિત થઈ ચૂક્યાં છે. એની સેવા ને સ્નેહનાં દર્શન મને એક અલબેલામાં થઈ ચૂક્યાં છે. મારા મનમોહનને તે માટે રસતી આરઝુને હું વહાવીશ, જરૂર વહાવીશ.

જાનકી : રાજુ! તને આ બે દિવસથી શું ઘેલું લાગ્યું છે એ જ મને સમજાતું નથી. આપણો ધંધો ગાવા–બજાવવાનો; ગિરધર-ગોપાલ ક્યાંથી આવ્યો? આપણે મન તો ગિરધર ને ગોવાળિયા સૌ સરખા!

રાજેશ્વરી : મા! એ તારે મન છે; મને તો મારા મોજીલાનો મેળાપ થઈ ચૂક્યો!

જાનકી : ગાંડપણ છોડ, છોકરી! ધંધો ચૂકી આડીઅવળી ચાલમાં ફસાઈ પડી તો પરેશાન થઈ જઈશ. આપણે વળી દિલ શું ને દિમાગ શું? એ બધું ખરીદનારને સ્વાધીન! સીધેસીધી કામ કરજે નહીં તો...

રાજેશ્વરી : મા! તારે કામથી કામ કે પછી...મારા મનની માલિક હું છું...તું તારે તારો ધંધો કર ને?

જાનકી : ધંધો શેના પર ચલાવું? તારા પર તો મારો આધાર છે. ડાહી થઈ જા, દીકરી! હજારો રૂપિયા તારા કદમમાં ન્યોછાવર કરનાર ભમરાઓ મારી જાળમાં ફસાય છે. તું હા પાડ કે...

રાજેશ્વરી : મા! જો હવે તું આગળ બોલી તો...(અંદર ચાલી જાય છે.)

[ ચંપકલાલ આવે છે; સામેથી આલમમિયાં આવે છે.]

હબીબ : પધારો શેઠજી!

જાનકી : આઈએ...તશરીફ લાઈએ...બેઠીએ...

[ પેલા બંને જણ બેસે છે. થોડી વારે બીજા લોકો આવે છે. બધાં બેસે છે. તબલાં મેળવાય છે, તાનપૂરો વાગે છે. એટલામાં બહારની બાજુ પર રજની અને તેની પાછળ અવિનાશ બાવા જેવા દાખલ થાય છે. બત્તી પાસે પાગલ મજનુ

બેઠો છે. ઉપરથી એક બાઈ લજ્જાવતી નીચે ઊતરે છે. ]

રજની : બહેન ! જાનકીદેવીનું ઘર કયાં આવ્યું ?

[ બાઈ હસે છે. બંને ભોંઠા પડે છે. પાગલ પાછળ આવે છે. ]

પાગલ : નયે લગતે હો ? યહાં તો સબ જાનકી હૈ ! તુમ્હારી જાનકી કા કયા નામ હૈ ?

લજ્જાવતી : કયા બકવાસ કરતા હૈ ! આઈએ બાબુજી ! બતાતી હું.

[ ચાલવા જાય છે. પાગલ રોકે છે. ]

પાગલ : ઠહરો, જનાબ ! યહાં ફસ જાઓગે.

અવિનાશ : અમે તો સંગીત સાંભળવા આવ્યા છીએ, ભાઈ !

પાગલ : હાં, મેરે યાર ! યહાં પહેલે સબ સંગીત સુનનેકો આતે હૈ, મગર કુછ પાતે નહીં. દિલ ઔર દૌલત ગવાં કર જાતે હૈ. " કુછ નહિ પાયા...દિલ તો ગવાયા. જાલિમ તેરે લિયે. "

લજ્જાવતી : ચુપ રહે, પાગલ !

પાગલ : લો, ચુપ હો ગયા. બસ ?

[ પાગલ બેસે છે. નારાયણી જમણી બાજુથી આવે છે અને રજની-અવિનાશને જોઈ ડઘાઈ જાય છે. દૂરથી એમને જોયા કરે છે. ]

લજ્જાવતી : ( પાનની દુકાને જઈ ) ભૈયાજી ! તીન પાન દેના, મસ્ત મસાલા. બાબુજી ! પાન ખાઓગે ન ?

રજની : પાન તો કોઈ કોઈ વાર ખાઈ લઈએ છીએ. કેમ અવિનાશ ?

અવિનાશ : હા જી; કોઈ વાર. ( ભૈયો આંખ મારે છે )

[ નારાયણી ધીરે ધીરે વાત સાંભળવા નજીક આવે છે. )

ભૈયાજી : બાઈજી ! આજે તો તુમ્હારી શામ સુધર ગઈ !

અવિનાશ : ક્યા ભૈયાજી ?

ભૈયાજી : કુછ નહીં, સરકાર ! આપ મેરા પાન તો ખાઈએ. હર શામ યહીં તશરીફ લાયા કરોગે. મેરે વાલીદ કી દુકાન બનારસકે મીનાબઝાર મેં થી. બડે બડે ખાનદાન ઘરાનેકે બાબુ દૂર દૂરસે પાન ખાને કે લિયે વહાં આતે થે. લીજીએ સરકાર !

[બન્ને પાન ખાય છે. ત્યાં રજનીની નજર બાજુ પર ઊભેલી નારાયણી પર પડે છે.]

રજની : અવિનાશ ! પેલી ભિખારણ અહીં રખડતી લાગે છે.

[આ સાંભળી નારાયણ ભાગી જાય છે.]

અવિનાશ : એ બાઈ ! શાસ્ત્રીજીએ શું નામ કહ્યું હતું ? એ બાઈ...

પાગલ : જાને દો, શેઠજી ! પગલી હૈ...

રજની : અચ્છા, પગલે ! લો, તુમ ભી પાન ખાના...

પાગલ : કદરદાન હી કરત હૈ કદરદાનકો મોલ...

રજની : ભૈયાજી ! જાનકીદેવીનું ઘર કઈ તરફ ?

ભૈયાજી : યહીં તો સામને દિખતા હૈ સરકાર ! વહી આજ બડી મહેફિલ હૈ.

[બંને ચાલતા થાય છે.]

લજ્જાવતી : ક્યા ભૈયાજી ? તુમ્હારી અક્કલ ઠિકાને હૈ કી નહીં ? ઐસે ઘર બતા દિયા ?

ભૈયાજી : માફ કરના, બાઈજી ! મૈં તો ભૂલ ગયા કી શિકાર આપકા થા ! માફ કરના...વાપસ પકડ લાઉં ?...

લજ્જાવતી : જાને દો ભૈયાજી ! મૈં સમાલ લૂંગી...

[લજ્જાવતી તેના ઘર તરફ ચાલી જાય છે.]

[રજની-અવિનાશ જાનકીના ઘરમાં શરમાતા દાખલ થાય છે, અને જઈ પાછળ બેસી જાય છે]

[ એટલી વારમાં જ એક બે સાજનમાજન સાથે ફીકાશેઠ દાખલ થાય છે. રેશમી કોરનું ધોતિયું, ભરત ભરેલી ટોપી, સોનાના બટન, શેરવાણી, ગળામાં ફૂલહાર, હાથમાં ચાંદીની મૂઠની લાકડી, હબીબ ઝૂકીને સલામ કરે છે. ]

હબીબ : આઈએ, આઈએ, માલિક ! તશરીફ લાઈએ.

[ અંદર આવે છે. ઠાઠથી વચ્ચેની ગાદી પર બેસે બધાં ઊભાં થઈ માન આપે છે. "પધારો પધારો" કહી જાનકી મુજરો કરી આવકાર આપે છે. ]

ફીકાશેઠ : કેમ બધાં આવી ગયાં કે શું ? કેમ લાગે છે બંદોબસ્ત ...હેં ?

ચંપકલાલ : અરે શેઠ ! તમારા બંદોબસ્તમાં કંઈ કહેવાપણું હોય ? અને એમાં ય આજે તમારો જન્મદિવસ ! પછી શું બાકી રહે ?

ફીકાશેઠ : એમ છે ત્યારે ! અરે પણ જાનકીબાઈ ! સભાની શોભા ( ગાયિકાની ગાદી તરફ જુએ છે )...આમ અધૂરી કેમ લાગે છે ?

જાનકી : ( પાન ધરતાં ) શણગાર સજે છે, સરકાર ! હમણાં જ લાવી...( છણકો કરી અંદર જાય છે ) ( સારંગી તબલાં મેળવાય છે, તાનપૂરો ગુંજે છે, તેવામાં વકીલ પદ્મનાભ ચોરણી, કાળી શેરવાણી, ગોળ કાનપુરી ટોપી પહેરી આવે છે. )

ફીકાશેઠ : ઓ...હો... વકીકસાહેબ ! આવો આવો રાજજા ! આવો. ( પદ્મનાભ ફીકાશેઠ પાસે બેસે છે. ) કેમ આટલું મોડું કર્યું ?

પદ્મનાભ : થોડું કામ હતું, શેઠજી ! પેલી વનિતાઉદ્ધાર મંડળની કારોબારીની સભા હતી. ત્યાં મોડું થઈ ગયું.

ફીકાશેઠ : પણ રાજજા ? એ વનિતાઉદ્ધારમાં આપણો શો ઉદ્ધાર ? આત્માનો ઉદ્ધાર પણ કંઈ...( હસવા લાગે છે. )

[ ત્યાં જાનકી રાજેશ્વરીને લઈ આવે છે. મર્યાદાપૂર્વક આગળ વધી રાજુ બેસે છે. એક પગ

ઊંધો વાળી બેસે છે. ઘડી ઘડી માથેથી સરકી જતી સાડી સરખી કરે છે. નીચી પાંપણે એક વાર મહેફિલને જોઈ લે છે ને મુજરો કરે છે. શેઠ તરફ ફરી સલામ કરે છે. ]

કીકાશેઠ : થવા દો ત્યારે, જાનકીબાઈ! મસ્ત ચીજ થવા દો.

[ સારંગી પર હાથ ફરે છે, તબલાની થાપ વાગે છે, તાનપૂરો ગુંજે છે. સૂરસરિતા વહે છે. ]

કીકાશેઠ : જરી આમ લહેકો...હા રાજ્જા!...હાવભાવ થવા દો...

[ રાજુ હાવભાવપૂર્વક ગીત રજૂ કરે છે. ]

રાજેશ્વરી : " દ્વેખોરી ન માને શામ!
બીચ ડગર મોરી બૈયા ગ્રહી લીની,
દ્વેખોરી ન માને શામ!"

[ બધા ભાવ દર્શાવે છે. ]

ચંપકલાલ : વાહ...વાહ! ક્યાં કહેના.!

આલમમિયાં : આ હા હા... બહોત અચ્છા! ક્યા ગલા પાયા હૈ! સુભાન અલ્લાહ!

કીકાશેઠ : અલ્યા રજનીકાન્ત આવ્યો છે કે નહિ?

રજની - ( પાછળથી ) હા...જી...સાહેબ!

કીકાશેઠ : તું શાનો ચૂકે? બડો રંગીલો છે!

રજની : નહિ રે! સાહેબ! હું તો સીધો સાદો માણસ, આંખો મીંચીને બેઠો છું.

કીકાશેઠ : અલ્યા એક કે બે?...હા...હા...હા...બડો પાજી છે!

( બધા હસે છે. ગીત આગળ વધે છે. ]

" ચુરિયાં કરક ગઈ...ચોલી મસક ગઈ."

ચંપકલાલ : અહ...હહા!

આલમમિયાં : વાહ...ક્યા બાત !

" ઐસે અનાડીસે મોહે પર્યો કામ,
દેખોરી ન માને શામ !..."

ચંપકલાલ : હાય રામ !

[ અવિનાશ ઊભો થઈ દ્વાર પાસે ઊભો રહે છે, ચિડાય છે. ]

રજની : અવિનાશ !

આલમમિયાં : હાય રે !...ક્યા કહેના ?

ફીકાશેઠ : અલ્યા કોણ એ વિફર્યો ? ( હસે છે. )

ચંપકલાલ : એ તો આપણા આલમમિયાં, શેઠસાહેબ !

ફીકાશેઠ : મેં તો ધાર્યું જ હતું, રાજ્જા ! મિયાં વગર કોઈ હોય નહિ. કેમ રઘુનાથરાવ ! કેમ લાગ્યું ?

રઘુનાથરાવ : હો...હો...ફાર છાન ! કંઠ ભયંકર સુરેખ !

[ ગીત પૂરું થાય છે. યુવતી બધાંને પાન આપે છે. ]

[ રજની–અવિનાશ બારણા પાસે વાત કરે છે. ]

રજની : કેમ અવિનાશ ! ગુસ્સો ઓછો થયો કે નહિ ?

અવિનાશ : મને તો એમ થાય છે કે આ બધા ય હરામખોરોને અદ્ધર લટકાવી ચાબુકે ચાબુકે માર મારું !

રજની : કારણ ? તને આવું સુંદર ગીત સંભળાવ્યું માટે ?

અવિનાશ : તું મને અહીં લાવ્યો ન હોત તો સારું થાત, રજની ! અહીં તો માનવી સૌંદર્યને હસે છે, લૂંટે છે...

રજની : લે હવે ડહાપણ મેલ ! પલાળ્યા પછી શું ? ચાલ... ( હાથ ઝાલી પાછો બેસાડી દે છે. )

[ એટલામાં યુવતી હાથમાં પાનની તાસક લઈ ઊભી થઈ બધાંને ધરતી ધરતી અવિનાશ પાસે

આવી સ્તબ્ધ બની જાય છે. ચાર આંખો મળે છે. મીઠી મૂંઝવણ પછી આનંદ અને ઉલ્લાસની લહેરી હાસ્યમાં પરિણમે છે. ]

રાજેશ્વરી : ( સ્નેહ અને આકર્ષણથી ) લીજીએ ! ( અવિનાશ મંત્રમુગ્ધ બની જાય છે; હાથ ઉપાડતો નથી. ) લીજીએ, બાબુજી !

[ ધીમેથી હાથ લાંબો થાય છે. પાન લે છે; નજર રાજુ પર ચોંટી છે. રાજુ સલામ કરી ચાલતી થાય છે. ]

રજની : અવિનાશ !

અવિનાશ : ( બેભાન જેમ ) હેં !

રજની : તું ઓળખે છે ?

અવિનાશ : હા; નહિ જેવું.

રજની : એકાદ રૂપિયો તો હાથમાં મૂકવો હતો !

અવિનાશ : શા માટે ?

રજની : એ પાનની કિંમત નથી, મૂરખા ! મુજરાનું મહેનતાણું છે. અહીંનો મહેફિલનો એવો રિવાજ છે.

અવિનાશ : તમારી મહેફિલના રિવાજ મારા માટે નથી.

[ એટલામાં રાજુ ફીકાશેઠને પાન આપવા પહોંચી જાય છે. શેઠ એનો હાથ છોડતા નથી; ખેંચતાણ થાય છે. લોકો હસાહસ કરે છે; રાજુ અકળાય છે. ]

અવિનાશ : શેઠને એક ધોલ કેમ નથી ચડાવી દેતી ?

રજની : એમ કરે તો ફરી આમ પાંચસો રૂપિયા કોણ આપવાનું હતું ?

અવિનાશ : એટલા સારુ આવું ભયંકર અપમાન સહન કરવાનું ?

રજની : અરે એ તો ગમ્મત છે ! એમ ધિંગામસ્તી ન થાય તો

નાચકણને અપમાન લાગે! એની અને કીકાશેઠની જૂની દોસ્તી છે. અને પદ્મનાભ ક્યાં જાય છે તે હવે સમજાયું?

[ અવિનાશ દિગ્મુઢ થઈ જાય છે. ]

[ રાજુ હાથ છોડાવી બેઠક પર આવે છે. શેઠ હીરાની વીંટી એના શરીર પર ફેંકે છે. ]

કીકાશેઠ : લ્યો...રાજરાણી! તમારા મોઢા જેવી જ ચમકે છે!

[ જાનકી વીંટી લે છે ને સલામ કરે છે. ]

આલમમિયાં : પાનમેં ક્યા જનાબ? અબ તો શિરઓઢાઈકી બાત હૈ!

[ બધાં હસે છે. રાજુના ભાવ સખ્ત બને છે. ]

જાનકી : એ પણ થશે, આપ જેવા સખાવતી સરદારો હશે તો.

[ રાજુ આ વાત આડા કાન કરી બીજું ગીત શરૂ કરે છે. અને મનમોહન મુરલીધર બાલકૃષ્ણની મૂર્તિ સર્જતું ગીત ગાય છે. ]

"કુંજન બનમેં શામ ઝુલે હીંડોલા"

[ ભાવ દર્શાવાય છે. ]

આલમમિયાં : કુછ શેર હોને દો! યે ક્યા હૈ?

[ રાજુ ગીતાનું સૂત્ર ગાય છે. ]

"ન તદ્ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવક:
યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ.
કુંજન બનમેં શ્યામ ઝુલે હીંડોળા...
સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ,
અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ:"

[ આ ગીત વખતે અવિનાશના ભાવ સ્પષ્ટ

દર્શાવાય છે. બીજી બાજુ કીકાશેઠની મંડળીના ભાવો પણ સ્પષ્ટ થાય છે.]

[સમગ્ર ગીત વખતે રાજુ–અવિનાશની આંખો ચોરી ચોરી એકબીજાંની સામે મળી જાય છે એ સ્પષ્ટ થાય છે. આ સર્વેમાં પદ્મનાભની દૃષ્ટિ આ છોકટી મનોવૃત્તિથી પર છે તેમ લાગે છે. તે કીકાશેઠ તરફ અવારનવાર ઘૃણાથી નિહાળે છે.]

કીકાશેઠ : આ બધી પાઠપૂજા ક્યાંથી કાઢી? આ શું? રામમંદિરમાં આવ્યા છીએ કે રામજણીને ત્યાં? જરા ધરકત છતિયાં, બાંકે નૈન ખંજર, જેવું થવા દો!

અવાજો : હાં હાં...જરા ખડે હો કે થવા દો...નાચ હો જાય... નાચ હો જાય...

જાનકી : હાં સરકાર! જૈસી ફરમાઈશ...રાજુ?

[ઘૂઘરા આપે છે. રાજુ અણગમતી રીતે ઘૂઘરા બાંધે છે. ઊભી થાય છે. સારંગી પર લહેજો બંધાય છે. તબલાની થાપ પડે છે. કથક શરૂ થાય છે.

[તોડા ગીતની પ્રવીણતા પર અવાજો.]

અવાજ : અહાહા...વાહ વાહ...ક્યા કહેના?...ખુદાને ક્યા જિસ્ણ દિયા હૈ?

એક અવાજ : વાહ, મેરી જાન! માર ડાલા!

[એ જ વખતે અવિનાશ એ વ્યક્તિને જોરથી ગુસ્તો મારે છે]

અવિનાશ : સુવ્વર!

[એકદમ રાજુ નીચે બેસી જાય છે.]

અવાજો : એલા શું થયું? કોણ છે રસિયો? શેની મારામારી છે?

ફીકાશેઠ : કોણ હતું એ ફરહાદનું ફરજંદ?

અવાજો : "અરે ભાઈ! પીધેલો હતો." "જગ્યાની મારામારી હતી..." "ના ભાઈ! ના; કાંઈ લેણદેણની વાત હશે!"

[ રજની અવિનાશનો હાથ પકડી મકાન બહાર ઘસડી જાય છે. ]

રજની : શું કરે છે તું આ?

અવિનાશ : ( એકદમ ગુસ્સે દેખાય છે ) Sickening...Disgusting ...Revolting...!

રજની : અરે એમ હશે! પણ લોકોને ગડદાટુ શાનો મારે છે?

અવિનાશ : બધાંયનાં ગળાં દાબી મારવાં જોઈએ!

રજની : તે તું પ્રધાન બને ત્યારે તેમ કરજે. હમણાં તો મૂંગો બેસી રહે, નહિ તો જેલમાં જવાનો વારો આવશે.

અવિનાશ : રજની! લોકોની નીચતા, પશુતા, મારાથી નહિ સહેવાય!

રજની : તું એમ માને છે કે માણસો જલસામાં સાધુ બનવા આવે છે?

આવનાશ : પણ રૂપ અને કલાનું આવું અપમાન?

રજની : તે તેં કંઈ બધાંની સાચવણીનો ઠેકો લીધો છે?

અવિનાશ :અલબત્ત!

રજની : ચાલ, ભાઈ! ચાલ. જગત આપણી ઇચ્છા પ્રમાણે નથી ચાલતું!

અવિનાશ : રજની! જગતને ચીલે ચાલવા જઈશું તો કદી નવી કેડી નહિ મળે. આ લોલુપતા! આ પામરતા! માનવતાની આવી ક્રૂર મશ્કરી?

રજની : પણ, અવિનાશ! આવા જલસામાં મશ્કરી ન થાય તો શું આરતી ઉતારે?

અવિનાશ : રજની! મારે રાજેશ્વરીને મળવું છે.

રજની : રહેવા દે ભાઈ ! અત્યારે કંઈ નહિ. વાતાવરણ ગરમ છે કાલે આવીશું.

અવિનાશ : તું જાણે છે કે હું શા માટે એને મળવા માગું છું ?

રજની : ( હસીને ) હું બરાબર સમજું છું.

અવિનાશ : હસીશ નહિ, રજની ! નહિ તો એક ધોલ લગાવી દઈશ.

રજની : રહેવા દે, ભાઈ ! આપણે યુદ્ધે નથી ચડવું.

અવિનાશ : મારે રાજેશ્વરીની માફી માગવી છે.

રજની : તેં એનો શો ગુનો કર્યો ?

અવિનાશ : આખી મિજલસે એનો ગુનો કર્યો છે. પુરુષજાતને એમાં શરમાવા જેવું છે.

રજની : તે તને મિજલસે પ્રતિનિધિ નીમ્યો છે ?

અવિનાશ : હું એવી મિજલસનો પ્રતિનિધિ થાઉં જ ન હિ ને !

રજની : પણ તારી માફીની એને જરૂર ખરી ?

અવિનાશ : એને જરૂર હોય કે ન હોય, પણ આપણે માણસાઈ શા માટે ચૂકવી ?

રજની : એટલે આ જોઈ એવી પુરુષોની મસ્તી સ્ત્રીઓને નથી ગમતી, એમ તું કહેવા માગે છે ?

અવિનાશ : ન જ ગમે; કોઈ પણ સ્વમાની સ્ત્રી આવું વર્તન સાંખી શકે જ નહિ.

રજની : ઓ મૂર્ખદત્ત ! તને સ્ત્રીઓનો શો અનુભવ ?

અવિનાશ : સ્ત્રીઓનું માનસ હું સમજી શકું છું.

રજની : હું પરણેલો છું; પણ મારી પત્નીનું માનસ હજી સમજી શક્યો નથી.

અવિનાશ : તું પતિ થવાને નાલાયક છે !

રજની : છતાં રમા મને નિભાવી લે છે.

અવિનાશ : તમારા સમાજનો એ જુલમ છે !

રજની : અવિનાશ ! આ બધું કરવામાં એક વાત યાદ રાખજે કે

એક ક્ષણની નિર્બળતા જીવનમાં દાવાનળ પ્રગટાવશે.

અવિનાશ : આગ હોલવવી હોય તો આગમાં પડવું જ જોઈએ !

રજની : ચાલો ત્યારે પડો આગમાં !...પણ એ...ઊભો રહે; આજ નહિ કાલ પર રાખીએ.

[ હાથ પકડી ચાલવા લાગે છે. મહેફિલમાંથી છૂટેલાં બીજાં માણસો પણ એમની સામે જોતાં, વાતો કરતાં પસાર થાય છે. પાગલ ઊભો થઈ અવિનાશને રોકતાં ]

પાગલ : ક્યું સરકાર ! ચિલ્લાતે ક્યું હો ? માશુક રૂઠ ગઈ ક્યા ? અજી ! યે રૂઠના મનાના તો મૌજ હૈ ! " રૂઠો ના... ઓ...પ્યારી સજનિયાં, હમસે રૂઠો ના..." ( અવિનાશ-રજની ચાલ્યા જાય છે. ) ગયે ?...અચ્છા પ્યારે, હમારી કૌન સુનતે હૈ ? મૈં તો પાગલ ઠહરા...લેકિન યે શિયાને લોગ ઇસ પાગલ-ખાનેમેં ક્યું આતે હૈ, મેરી સમજમેં નહીં આતા !

[ સામેની ગલીમાં ચાલ્યો જાય છે. ]

[ દશ્ય : જાનકીના ઘર તરફ ઓરડામાં હેરફેર થતી હોય છે. રાજેશ્વરી તાનપૂરો લઈ પાછળની ગૅલેરીમાં ઉત્સુકતાથી જોઈ રહી છે. ઉસ્તાદો સારંગી-તબલાં બાંધવામાં, ગોઠવવામાં પડ્યા છે. બીજી બાઈ ચીજવસ્તુઓ લે-મેલ કરે છે. ત્યારે રાજુ પાછલા છજામાં બેઠી છે. પદ્મનાભ, ડીકા-શેઠ ને જાનકીબાઈ ખંડમાં બેઠાં છે. પદ્મનાભ જાનકીને દરવાજા તરફ લઈ જતાં ]

પદ્મનાભ : ચાલો ત્યારે, જાનકીબાઈ ! રજા લઈ લઈએ. અને આપણી પેલી વાત...( હસે છે. )

જાનકી : હાં રે શેઠજી ! આપની દુવા છે. યે ગરીબખાના આપહીકા હૈ. જરૂર તશરીફ લાના...

[ પદ્મનાભ જાય છે. જાનકી પાછી આવે છે. ]

કીકાશેઠ : જાનકીબાઈ ! શું હસી હસીને દિલ્લગી કરતાં'તાં ? મારી મહેફિલમાં વકીલસાહેબની મહેમાનગીરી ?

જાનકી : આજે તો તમારા પરોણા એ મારા મહેમાન. જરા છોકરી વિષે વાત કરતાં હતાં...

કીકાશેઠ : છોકરી ? આ રૂપનો કટકો ? જાનકીબાઈ ! હજુ કોઈનો સંગાથ સેવ્યો નથી લાગતો.

જાનકી : એ સ્તો વાત છે, શેઠજી ! લડકી જવાન થઈ. અમારા રશ્મરિવાજ મુજબ એની નથ ઉતરાવવી પડશે ને ?

કીકાશેઠ : ( લોલુપતાથી ) હાસ્તો; એમાં કંઈ ચાલશે ?

જાનકી : બેચાર શેઠિયાઓનાં માગાં આવ્યાં છે. વકીલસાહેબે તો મોતીનો હાર પણ મોકલાવ્યો.

કીકાશેઠ : અને બાઈજી ! મારાં એરિંગ કેમ ભૂલી જાવ છો ? આજની વીંટી કંઈ વિસાતમાં નથી ?

જાનકી : તમે તો માલિક છો, શેઠજી ! આ તો સાધારણ વાત કરતી હતી.

કીકાશેઠ : જાનકી ! એ વકીલ તો મારો, પછી તમારો થયો. આ દેવદર્શનની આદત કોણે પડાવી ? મેં ! ને મારો વાલીડો મને અંધારામાં રાખી એકલો એકલો આવજા કરવા લાગ્યો ?

જાનકી : હજૂર ! અમારે મન તો વકીલવેપારી બધા સરખા. અને હજૂર ! છોકરી હવે...આપ તો ભારે કદરદાન છો...બોલો, શું કરું ?

કીકાશેઠ : તમે શું કરો તે હું શું જાણું ?

જાનકી : પદ્મનાભને કહ્યું કે શેઠજી બે હજાર આપે છે, તો એ કહે મારા પાંચસો વધારે. હવે બોલો !

કીકાશેઠ : એ બધું જોઈ લેવાશે.

જાનકી : સરકાર! છોકરી જરા હઠીલી છે. કહે છે...

કીકાશેઠ : અરે! એ તો રાજરાણી છે કે રામજણી? જાનકીબાઈ! તમારી આગળ એનું કંઈ નથી ચાલવાનું; હું જાણું છું... ચાલો ત્યારે...કાલે રાત્રે ચોક્કસ...

જાનકી : શેઠજી! કાલે તો વકીલસાહેબ આવવાના છે. કંઈ નક્કી કરો તો...

કીકાશેઠ : બાઈ! તમે કાલે જોજો. ખુશખુશાલ ન કરી દઉં તો મારું નામ રાજાશેઠ નહિ!...

જાનકી : પણ...વકીલસાહેબ!

કીકાશેઠ : એ બધું હું સંભાળી લઈશ.

[બહાર નીકળી જાય છે.]

જાનકી : પધારજો શેઠજી! (લટકો કરે છે.)

[કીકાશેઠ એના પર ગુલાબનું ફૂલ ફેંકે છે... જાય છે. જાનકી પાછી ફરે છે. રાજુ ગૅલેરીમાં બેસી બધું સાંભળે છે ને તુરત જ ખંડમાં આવે છે.]

રાજુ : મા! મેં તને કેટલી વાર કહ્યું કે તું મારા વિષે આવી બેશરમ વાત ન કરીશ? હું તારા એ કોઈ શેઠની, હજૂર કે સરકારની કદમબોશી કરવાની નથી કે એમના હવસનો શિકાર બનવાની નથી!

જાનકી : પણ બેટા! આ તો આપણા ઘરાણાનો રિવાજ છે. ગણિકાના જીવનનો મહામૂલો પ્રસંગ છે.

રાજુ : સ્ત્રીનું જીવનસર્વસ્વ–એની અસ્મિત લૂંટાય, એ મહામૂલો પ્રસંગ? મા! તારે પગે પડું છું. તું મારી પાસે ગવરાવ, નાચ નચાવ, પણ આનાથી છોડાવ; તારા આ શેઠશાહુકારોથી મને બચાવ!

જાનકી : રાજુ! હીરામોતીના હાર અને ઘરેણાંનો વરસાદ એ લોકો જ વરસાવે છે.

રાજુ : તો તારાં એ ઘરેણાં તને મુબારક! પહેરીને મહાલ, પણ મને છોડી દે.

જાનકી : કીકાશેઠ હજારો રૂપિયા આપવા તૈયાર છે.

રાજુ : મા! એ નરાધમનું નામ ન લે. એની સામું જોઉં છું ને મને ચક્કર આવે છે. શું એનું શરીર છે?

જાનકી : તો પદ્મનાભ વકીલ તૈયાર છે.

રાજુ : મા! મારી ને એની ઉંમરનો તો ફરક જો? એને પગે લાગવાનું મન થાય છે.

જાનકી : બહુ ડાહી થઈશ તો બન્ને હાથથી જતા રહેશે, ને કોઈ લબાડને હાથ ચડવું પડશે, સમજી? (રાજુ ચુપ છે.) કેમ બોલતી નથી? જવાબ આપ.

રાજુ : શો જવાબ આપું, મા? મારે પરણવું છે.

જાનકી : (જાનકી ગુસ્સે થાય છે, પણ ગળી જાય) પરણીને શું ફાયદો?...તારી બહેન...લજ્જાવતી પરણી જ હતી ને? શી દશા થઈ?

રાજુ : મા! મને જીવતી રહેવા દે...

જાનકી : પણ આમાં તું શું મરી જવાની છો?

રાજુ : આત્માને મારી મારા શબને શણગારવામાં તને શું મળશે, મા?

જાનકી : એમાં જ બધું મળશે, છોકરી! આત્માનું ગળું ઘૂંટી નાખ, સુખી થવું હોય તો!

રાજુ : મા! એ મારાથી નહિ બને...મારે તો પરણવું છે.

જાનકી : મેં તને કહ્યું ને, કે મારે કંઈ નથી સાંભળવું? બોલ, તારી હા છે કે ના?

રાજુ : (ઊભી થઈ દૃઢ નિશ્ચયથી) ના, ના, ના; હજાર વખત ના!

જાનકી : (બારણા તરફ જઈ) હબીબ!

હબીબ : (આવતાં) આયા, બાઈજી!

જાનકી : આ રાજેશ્વરી ના કહે છે તેને હા કહેવડાવ !

[ એકદમ અંદર ચાલી જાય છે. ]

રાજુ : મા...મા ! શા માટે મારો જાન લેવા બેઠી છે ? ( દોડીને ) મા...!

[ હબીબ બારણાં બંધ કરે છે. રાજેશ્વરી ગૅલેરી તરફ ધસે છે. હબીબ દોડી આડો ઊભો રહે છે. રાજુ દોડીને બારણાં તરફ જાય છે. હબીબ દોડી હાથ પકડવા જાય છે. રાજુ છટકી જઈ બીજી બાજુ દોડે છે. ]

રાજુ : હબીબ ! કહું ચાલ્યો જા અહીંથી ! ( હબીબ આવી હાથ પકડે છે ) જા કહું છું, છોડ...છોડ...મને !

[ છટકી ભાગે છે. પાનની ડબ્બી છૂટી મારે છે. હબીબ ગુસ્સે થાય છે, ચાબૂક કાઢે છે, તેવામાં રાજેશ્વરી સૂડીની ધાર હબીબના હાથમાં ઘોંચી દે છે, લોહી ટપકે છે. હબીબ ઉશ્કેરાય છે, ચાબૂક મારે છે. ]

રાજુ : હબીબ ! છોડી દે મને, હબીબ ! ( ગાદી પર બેભાન બની ઢળી પડે છે. ]

[ હબીબ બારણું ખોલી બહાર ચાલ્યો જાય છે. ]

[ લત્તામાંથી ચીસ સંભળાય છે. ]

**મૈંને લાખોકે બોલ સહે સાવરિયાં...**
**તેરે લિયે...મૈંને...**

[ ધીમે ધીમે પ્રકાશ ઝાંખો થતો જાય છે. તદ્દન ઝાંખો થતાં એક મુલાયમ આવરણ ખંડના પ્રેક્ષક તરફના ભાગ પર આવી જાય છે અને એ ઝાંખપ-

માંથી આછો વાદળી પ્રકાશ, રાજેશ્વરી પડી છે ત્યાં આવે છે અને ખંડમાં વિસ્તરે છે. હવાની લહર આવે છે, ગૅલેરી–બારણાંના પડદા ઝૂલે છે. સુંદર સિતાર પર ગીત સંભળાય છે. પ્રકાશ-વર્તુળ વિસ્તૃત બને છે ત્યારે ઝરૂખામાં રેશમી ઝભ્ભો અને સફેદ સ્કાર્ફ તથા ધોતીમાં અવિનાશ આકાશ તરફ જોતો ઊભો છે. હાથમાં ફૂલનો હાર છે.)

[ દૂરથી શરણાઈના સૂર સંભળાય છે, રાજેશ્વરીના શરીરમાંથી રાજુ ઊભી થાય છે. એણે પાનેતર પહેર્યું છે, માથે મોડ છે, નવવધૂના શણગાર સજ્યા છે. ધીમે પગલે અવિનાશ તરફ જવા જાય છે. ક્ષોભ પામે છે. ગણિકાને નવવધૂનો ભાવ દર્શાવવામાં મુશ્કેલી પડતી હોય એવા ભાવ એના મુખ પર દેખાય છે. ધીમે ધીમે પાસે જાય છે. શરણાઈમાંથી આકર્ષક ધ્વનિ ઊઠે છે અવિનાશ પાછળ ફરે છે, રાજુ પાછી ફરી જાય છે, હાથ પાછળ રહી જાય છે. તે હાથ અવિનાશ પકડી લે છે; નજીક ખેંચી ગળામાં હાથ નાખી દે છે. રાજુ માથે ઓઢવા જાય છે; અવિનાશ હાથ પકડી લે છે. એક હાથ છટકાવી પોતાના વાળ સમારે છે. અવિનાશ વાળની લટ પકડી બીજા હાથે પંપાળે છે. સિતારની ઝણઝણાટી, શરણાઈ ધીમી પડતી જાય છે. સિતાર વાગે છે.]

રાજુ : (છટકીને ) કોઈ જોશે તો ? ( બાજુ પર જાય છે. )
અવિનાશ : કોણ જોશે ? અહીં ? ( નજીક જાય છે. )
રાજુ : ઊભા રહો, તમારે માટે શરબત લાવું.
અવિનાશ : તું મળી ને, રાજુ ! મારે બીજું શું જોઈએ ?

[ રાજુ ટેબલ તરફ જઈ શરબતનો ગ્લાસ લાવે છે; શરમાતી અવિનાશને આપે છે. અવિનાશ ગ્લાસ લઈ તેમાંથી થોડા છાંટા રાજુ પર નાખે છે. રાજુના રોમાંચ ગદગદિત થાય છે. એક ધીમી ધ્રુજારી શરીરમાંથી પસાર થાય છે. ]

અવિનાશ : કેમ, ટાઢ વાય છે ? ( હસે છે. )

રાજુ : ના.

[ જવા જાય છે; અવિનાશ તેનો છેડો પકડી નજીક ખેંચે છે, બાહુપાશમાં લેવા જાય છે. રાજુ છટકવા જતાં પડી જાય છે. સિતાર ઝણઝણી ઊઠે છે; તે જ વખતે સંગીત બંધ થઈ જાય છે. અંધકાર છવાઈ જાય છે. ]

[ બીજા દિવસની સવાર પડે છે. સવારનો ઝાંખો પ્રકાશ ફેલાવા લાગે છે. મહોલ્લામાંથી કોઈ ઉસ્તાદ રીઆઝ કરતા હોય છે ને જોગીઆની ધૂન સંભળાય છે. ]

"પિયા કો મિલન કી આસ..."

[ રાજેશ્વરી ગાદી પર સૂતેલી પડી છે; અસ્તવ્યસ્ત હાલત છે, અને ઊંઘમાં બોલે છે. ]

રાજુ : મા મારે પરણવું છે, પત્ની બનવું છે. મને પરણવા દે, મા !

[ જાનકી અંદરના ખંડમાં દાખલ થાય છે. ધીમેથી રાજુનું માથું ખોળામાં લઈ માથે હાથ ફેરવતાં ]

જાનકી : શું બબડે છે, બેટા ? હવે કેમ લાગે છે ?

રાજુ : ( જાનકીને વળગતાં ) મા ! મને માફ કર, મા ! મારી ભૂલ થઈ,

જાનકી : ત્યારે આટલો ઝઘડો કેમ કર્યો બેટા ?

રાજુ : મરવાની છૂટ આપણને ક્યાં છે? મા હોત તો મરવા દેત, ને તું તો કહેતી હતી કે મારી મા મરી ગઈ...

જાનકી : અરે મારી દીકરી! એવું શું બોલે છે? તને માર પડે એ મને ગમતું હશે?

રાજુ : જે થયું તે! પણ હવે તું કહીશ તેમ હું કરીશ, મા!...

જાનકી : તો કોને હા કહીશ...કીકાશેઠને કે પદ્મનાભને ?

[ સિતાર પર જાલા વાગે છે. ]

રાજુ : ( મથામણમાં) પદ્મનાભને...

[ સિતાર બંધ. પ્રકાશ બંધ. ]

( ધીમે ધીમે સંધ્યાપ્રકાશ ફેલાય છે. સિતાર પર મધુવંતીના સ્વર છેડાય છે. એક બાઈ ઝુમ્મર સળગાવે છે, અગરબત્તી જલાવે છે. હબીબ બારણાં અને ગૅલેરી પર તોરણો બાંધે છે; અરીસો સાફ કરે છે. જાનકી બહાર આવે છે. ]

જાનકી : ખ્યાલ છે ને વકીલસાહેબ આવવાના છે ?

હબીબ : હાં બાઈજી! માલૂમ હૈ. ઇસ લિયે તો યે રૌનક છા ગઈ હૈ!

જાનકી : અચ્છા...પાનબાન લાયા ?

હબીબ : નહીં બાઈજી! અભી લાતા હું.

[ હબીબ પાનવાળાની દુકાને જાય છે. જાનકી અરીસામાં જોઈ વેણી સરખી કરે છે. સાડીનો પાલવ ગોઠવે છે. પાનની પેટીમાંથી પાન કાઢી ખાય છે. કૃષ્ણની છબી પાસે દીવો સળગાવે છે. પગે લાગે છે. ધૂપ સળગાવે છે, ને જાતે જ ઓરડામાં ઘૂમે છે ને પછી ગૅલેરીમાં જઈ ઊભી રહે છે. ]

[ એવામાં જ કીકાશેઠ બહારની બાજુથી રસ્તા પર આવે છે. હબીબ એને જોઈ સલામ કરે છે. બંને છૂપી મસલત કરે છે. હબીબ પાનવાળાને ત્યાં જાય છે. કીકાશેઠ રેશમી અચકન, મોગરાની માળા, મોજડી, ઉઘાડે માથે ઘરમાં દાખલ થાય છે. જાનકી તરફ જઈ ધીમેથી એનો છેડો ખેંચે છે. ]

જાનકી : ( જાનકી છણકો કરી ) ઓ હો હો ! શેઠસાહેબ આપ ?

કીકાશેઠ : વાહ...વાહ, જાનકીબાઈ ! શું ઠસ્સો છે આજ તમારો ? દસ વરસ નાનાં થઈ ગયાં લાગો છો ! મેં તો ઓળખ્યાં જ નહિ ? મને તો લાગ્યું કે તમારી છોકરી જ છે !

જાનકી : આપની દુવા છે, સરકાર !...પણ આપ અત્યારે ? વકીલ-સાહેબ પધારવાના છે.

કીકાશેઠ : અરે, વકીલબકીલ તો સમજ્યા...મારી બાઈ ! તમારે તો પૈસાથી કામ કે પ્રેમથી ? લ્યો...લ્યો... ( થેલી ખોલી મોતીના દાગીના ને રૂપિયાની નોટો ગાદી પર બિછાવી દે છે. ) તમારી રાજરાણીને ઓછાં પડે તો ઝવેરાતની દુકાન અડધી રાતે ઉઘડાવું; પછી છે કાંઈ ?

જાનકી : બસ બસ, શેઠજી ! આપની કદરદાની અમને શરમિંદા બનાવી દે છે. આ તો એમ કે વકીલ સાથે કબૂલાત...

કીકાશેઠ : કબૂલાત ? શેની કબૂલાત ? આ તે કંઈ કોર્ટનો દસ્તાવેજ છે ? અને એ વકીલની મારી સામે શી હેસિયત છે ? બોલો, આ કુબેરનું કામ છે કે એ વકીલની વાહિયાત ખપે છે ? બોલો બોલો, જાનકીબાઈ ! એમ મુખમાં મરક્યા કરો મા !

જાનકી : પણ વકીલસાહેબ હમણાં...

કીકાશેઠ : બાઈ ! એની ચિંતા તમે છોડી દો. એ બધું એની મેળે પતી જશે.

જાનકી : વાહ !

[ લાડથી શેઠ પાસે બેસી દાગીના એકઠા કરી થેલી બાંધતાં મોગરાની માળા હાથમાં લઈ ધીમેથી ખેંચતાં એને અંદરના ખંડમાં લઈ જાય છે. ]

[ શેઠ લટુડાપટુડા થતા પાછળ જાય છે. ]

[ ખંડમાં પ્રકાશ ઝાંખો પડે છે ત્યાં હબીબ પાન લઈ આવે છે. પાન તાસકમાં ગોઠવે છે. ગાદી પર બેસી પાન ખાય છે, દાઢી ઓળે છે, સુરમો આંજે છે, વગેરે. એક બાઈ ખંડમાં સમુંનમું કરે છે. કંઈક ને કંઈક કામ આ બાજુ ચાલ્યા કરે છે, પણ પ્રકાશ ઝાંખો ]

[ લત્તા પરના ભાગમાં પ્રકાશ ફેલાય છે તેવામાં રજની એક બાજુની ગલીમાંથી દોડતો આવે છે. અવિનાશને બોલાવે છે. ]

રજની : અરે અવિનાશ ! આ બાજુ. આ બાજુ જ એ આવી છે. અહીં...

[ અંદરથી અવિનાશ આવે છે. ]

અવિનાશ : રજની ! આપણી ગાડી બરોબર એની પાછળ જ હતી. એ ગાડી છેલ્લા ખાંચામાં વળી એટલામાં અદૃશ્ય...

રજની : પણ મેં એને ગાડીમાંથી ઊતરી આ બાજુ ભાગતી જોઈ ને ? એટલે તો હું પણ...ગાડીમાંથી ઊતરી આ બાજુ આવ્યો...આપણી ગાડી છોડી દીધી...

અવિનાશ : હા, પણ રજની ! આ તો કાલવાળી જગ્યા ! રાજેશ્વ-શ્વરીના ઘર પાસે આવી પહોંચ્યા. પણ હવે પેલી બાઈ...

રજની : નારાયણી. હાં હવે નામ યાદ આવ્યું. શાસ્ત્રીજીએ કાલે એ જ નામ લીધું હતું.

અવિનાશ : રજની ! કાલે ભીખ માગતી હતી, આજે ગાડીમાં ફરતી હતી. કોણ હશે એ ? ઘૂંઘટ ખોલતી જ નથી. કોઈ રહસ્ય-મય વ્યક્તિ લાગે છે ! શાસ્ત્રીજી પિછાણે છે. મંદિરની આજુ-બાજુ જ બેસી રહે છે. શું રહસ્ય હશે ? ક્યાં ગઈ હશે એ ? અહીં સુધી પીછો પકડ્યો ને છટકી ગઈ !

રજની : હશે આટલામાં જ. ક્યાં જવાની હતી ? ( આ દરમિયાન માણસો પસાર થતાં હોય છે ) અરે, અવિનાશ ! પેલું કોણ ? પ્રો. જયન્ત તો નહિ ?

અવિનાશ : એ જ લાગે છે...

રજની : બોલાવું ? અહીં ક્યાંથી ?...પણ એ તો ગયા...અદૃશ્ય થઈ ગયા...આ સાહેબે ફિલસૂફી, ધર્મ અને નીતિશિક્ષણના વર્ગો ખોલ્યા છે.

અવિનાશ : પણ એ અહીં કેમ કરતા હશે ?

રજની : ચાલ્યા ગયા, નહિ તો પૂછી લેત. બે વર્ષ પહેલાં એમનાં પત્ની ગુજરી ગયાં. ફરી કોઈ પરણતું નહિ હોય એટલે નીતિ-અનીતિના અનંત પ્રયોગો કરતા હશે !

અવિનાશ : તું બધાંમાં ખામી જુએ છે !

રજની : અરે જવા દે એ...આ પેલા જાય છે અને ઓળખ્યા ? મારી પાડોશમાં પેલાં ગંગાબહેન છે ને, એના પતિ !

અવિનાશ : પણ એમને તો ચારપાંચ છોકરાં છે !

રજની : એટલે તો આ બાજુ નીકળી આવ્યા છે ! અરે પેલા ધર્માનન્દજી.

અવિનાશ : ધર્માનંદશમાં ?

રજની : હા. આ શર્માજીએ તો અહીં રોજ આવવું જોઈએ ! કંઈકને સીધે માર્ગે ચડાવી શકશે.

અવિનાશ : તું તો આવો ને આવો બોલકણો રહ્યો !

રજની : અવિનાશ ! જોયા આ લત્તાના આશ્રયદાતા ? ધર્મનીતિની

વાતો કરનારા, વિધુર, કુંવારા, પરણેલા, સૌ સગવડિયા સેવકો છે!

[ એવામાં નારાયણી સામેથી દાખલ થાય છે. ]

અવિનાશ : રજની! પેલી બાઈ આવી...( બરોબર સામસામા આવી જાય છે) ચાલ પૂછીએ કે કોણ છે એ. (નજીક જઈ) નારાયણી તમારું નામ ને?

નારાયણી : તારે શું કામ છે? હું નારાયણી નથી.

રજની : પણ શિવનાથ શાસ્ત્રીએ તો તમને એ નામે બોલાવ્યાં હતાં!

નારાયણી : (ગુસ્સામાં) છોકરાઓ! તમને શિવનાથે મારી પાછળ મોકલ્યા છે?

અવિનાશ : ના, હું મારી મેળે જ આવ્યો છું.

નારાયણી : શા માટે?

અવિનાશ : તમને પૈસા માગતાં જોયાં ને શાસ્ત્રીએ નારાયણી કહી બોલાવ્યાં એટલે મારે જાણવું છે કે તમે કોણ છો.

નારાયણી : એ જાણીને શું કરીશ?

અવિનાશ : જરૂર પડશે તો મદદ કરીશ.

નારાયણી : મને મદદ કરીશ? જૂઠા!...લબાડ...!

અવિનાશ : હું ખરું કહું છું...

નારાયણી : હું કોણ છું તે જાણે છે?

અવિનાશ : ના...

નારાયણી : હું મરકી છું, મહામારી છું, જીવતું મોત છું!

[ બંને જણા થથરી જાય છે. ]

અવિનાશ : ના ના; મને એટલું કહો કે તમે મંદિર પાસે કેમ બેસી રહો છો?

નારાયણી : તારે સાંભળવું જ છે, એમ?

અવિનાશ : હા...

નારાયણી : શિવનાથનું ખૂન કરવા, એને રિબાઈ રિબાઈને મરતો જોવા ! બસ ?

[ બંને જણા ડઘાઈ જાય છે. ]

[ નારાયણી દોડતી નાસી જાય છે. ]

[ બંને પાછળની બાજુ જોતા સામેના મકાનના દાદરા પાસે જાય છે. ત્યાં ઉપરથી એક બાઈ ઊતરે છે, તે લજ્જાવતી છે. ]

લજ્જાવતી : આવો આવો, બાબુસાહેબ ! કાલ પાછા દેખાયા જ નહિ ? ( અવિનાશનો હાથ પકડે છે. )

અવિનાશ : ( હાથ છોડાવતાં ) અરે બહેન ! કાલ ઉતાવળમાં તમારા પાનના પૈસા ય આપવા રહી ગયા હતા. ( ખિસ્સામાં હાથ નાખી કાઢતાં ) લો...

લજ્જાવતી : અરે, જાઓજી ! ( ખભે હાથ નાખી ) એ તે લેવાય ?

અવિનાશ : ( હાથ દૂર કરતાં ) મારે આપને કાંઈ પૂછવું છે.

લજ્જાવતી : ખુશીથી પૂછો. ચાલો, ઉપર પધારો. આરામથી બેસી વાતો કરીએ.

અવિનાશ : નહિ...નહિ...અહીં જ વાત કહો. તમને આ બધું ગમે છે ?

લજ્જાવતી : ( હસીને ) તમે શેનો ધંધો કરો છો ?

અવિનાશ : ભણાવવાનો.

લજ્જાવતી : તમને ગમે છે ?

અવિનાશ : હા.

લજ્જાવતી : તો, મને મારો ધંધો શા માટે ના ગમે ? પણ હું તમને પૂછું છું કે તમને અમારો આ ધંધો ગમે છે ?

[ અવિનાશ અવાચક થઈ જાય છે. ]

અવિનાશ : મને કંઈ સમજ પડતી નથી.

લજ્જાવતી : ત્યારે તમને એ સમજ પડે છે કે આ ગણિકાગૃહોમાં કેટલી તમારી બહેનો છે, દીકરીઓ છે?

રજની : એકલા પુરુષોનો જ આમાં દોષ છે?

લજ્જાવતી : સ્ત્રીઓ માટે આ સિવાય પુરુષોએ બીજો કયો ધંધો રહેવા દીધો છે?

રજની : પણ તે તો સ્ત્રીઓને કમાવાની ચિંતામાંથી મુક્ત કરવા માટે એમના પોષણનો ભાર પુરુષો ઉપાડે છે!

લજ્જાવતી : (ગુસ્સામાં) ભારે ઉપકાર પુરુષોનો! કાં તો પત્ની બનાવી એક પુરુષ તેનું સૌંદર્ય લૂંટે અગર વેશ્યા બનાવી બધા ય તેનું સૌંદર્ય લૂંટે; ને બદલામાં પોષણ! અમારા દેહ, દેહ નથી સંચા છે; પુરુષોને સોંપીએ ત્યારે એમાંથી આત્મા કાઢી લઈએ છીએ!

અવિનાશ : માફ કરજો, તમને તકલીફ આપી. હવે જઈએ...ચાલ રજની!

લજ્જાવતી : ક્યાં જશો?

અવિનાશ : એક જગ્યાએ જવું છે.

લજ્જાવતી : બીજે આનું આ જ છે.

અવિનાશ : ના ના, બીજું કામ છે

લજ્જાવતી : પણ કોને ત્યાં, એ તો કહેશો?

અવિનાશ : રાજેશ્વરીને ત્યાં...

લજ્જાવતી : હા હા; એ તો આજથી સંગીતસેવિકા મટી અમારા સરખી ગણિકા બની ગઈ.

અવિનાશ : એટલે?...

લજ્જાવતી : આજે એની નથ નહિ દેખો!

અવિનાશ : એટલે! તેથી શું?

લજ્જાવતી : છોકરા! બીજો કોઈ હોત તો ક્યારનો તમાચો ચોડી દીધો હોત! પણ તારી મૂર્ખાઈ ગમે છે. રાજેશ્વરી આજે એનો દેહ પહેલવહેલો વેચશે.

અવિનાશ : શું ?
લજ્જાવતી : ન સમજાયું ?
અવિનાશ : તમને કોણે કહ્યું ?
લજ્જાવતી : મારી બહેન થાય એટલે જાણું છું.
અવિનાશ : ( સાંભળતાંવેંત રાજુના ઘર તરફ ધસે છે ) ચાલ ચાલ, રજની...!
રજની : અરે પણ ત્યાં જઈ હવે શું કરીશ ?
અવિનાશ : તે ખબર નથી...પણ તું ચાલ તો ખરો ?

[ હાથ પકડી ઘસડે છે. હબીબ બારણામાં રોકે છે. ]

હબીબ : આજ બાઈજીકી તબિયત અચ્છી નહીં હૈ; ગાના નહીં હોગા...
અવિનાશ : મારે ખાસ કામ છે...
હબીબ : આજ નહીં હોગા...ચલે જાવ...

[ અવિનાશ અંદર ઘૂસવાનો પ્રયત્ન કરે છે; રજની હાથ પકડી રોકે છે. ]

રજની : અવિનાશ ! જો...જો...પદ્મનાભ આવે !

[ બંને સંતાઈ એક બાજુ પર ઊભાં રહી જાય છે. હબીબ કેડેથી છરો કાઢી તૈયાર થાય છે. પદ્મનાભ શરમાતો આવે છે; હબીબ સલામ કરે છે, પદ્મનાભ આગળ જાય છે કે પાછળથી ગરદન પકડી છરો ઉગામે છે. પદ્મનાભ હાથ પકડે છે, હબીબ હાથ છોડાવી લે છે; છે; પાછો ઘા કરવા જાય છે ત્યાં પાછળથી અવિનાશ એનો હાથ પકડી લે છે. રજની એને ઝાલી રાખે છે. પદ્મનાભ એકદમ બહાવરો બની નાસી જાય છે. ]

હબીબ : છોડ દે હરામી ! નહીં તો માર ડાલુંગા ! છોડ...

રજની : હવે માર્યો માર્યો !...

[ ધક્કાધક્કીમાં ત્રણે જણા ગબડે છે. ફરી ખેંચતાણ, પકડ, મારામારી થાય છે. ]

રજની : પોલીસ...પોલીસ...

હબીબ : અભી બતાતા હું તેરા પોલીસ !

[ હુમલો કરે છે. એવામાં બે પોલીસ આવી ચડે છે. આજુબાજુથી માણસો જોવા નીકળે છે; રાજેશ્વરી એના મકાનમાંથી જુએ છે. સિપાહી ત્રણેને પકડે છે. ]

અવિનાશ : ક્યારના પોલીસની બૂમો પાડીએ છીએ તે સાંભળતા નથી ?

જમાદાર : એ તમારી બૂમો પછી સાંભળીશું. હમણાં અમારી સાથે ચાલો.

રજની : અમે કંઈ ગુનો કર્યો નથી.

હબીબ : સાહેબ ! એ જ બદમાશો ગુનેગાર છે.

જમાદાર : તે થાણા પર નક્કી કરીશું; ચાલો. (પકડે છે ને ખેંચે છે.)

અવિનાશ : પણ અમને પકડો છો શા માટે? અમે નાસી નહિ જઈએ; અમે ગૃહસ્થ છીએ.

જમાદાર : હાસ્તો ! ગૃહસ્થ હોવા વગર આવા લત્તામાં ફરતા હશો ને મારામારી કરતા હશો ? ચાલો આગળ !

[ પોલીસ ધકેલે છે. આગળ ચાલે છે. અવિનાશ જુએ છે કે રાજેશ્વરી બારણામાં ઊભી નિહાળે છે. એ હાથ ઊંચો કરે છે; અવિનાશથી સહેજે હાથ ઊંચો થઈ જાય છે. ]

પોલીસ : અરે યાર ! રસ્તા વચ્ચે આમ ?

જમાદાર : તું શું સમજે? એ તો લયલા-મજનુનો કિસ્સો છે.

[ અવિનાશ મારવા જાય છે; રજની હાથ પકડે છે. બધા ગલ્લીમાં વળી જાય છે. ]

[ અંદરથી જાનકી આવે છે ત્યારે વિરહિણી સમી રાજુ બારણામાં ઊભી હોય છે. તેનો હાથ પકડી ખેંચે છે. ]

જાનકી : રાજુ! અંદર ચાલ...

[ પાછળ જ કીકાશેઠ દાખલ થાય છે. રાજુ તેને જોઈ અટકી જાય છે. ]

રાજુ : ના, મા! મને પરેશાન ન કરીશ. મને જવા દે...

જાનકી : આ શેઠ રાજકુંવરી જેમ તને હથેલીમાં રમાડવા તૈયાર છે, ને તું પરેશાનીની વાત કરે છે? સીધી સીધી ચાલ અંદર!

રાજુ : મને ભિખારી રહેવા દે, મા! મારે રાજકુંવરી નથી થવું. મને જવા દે. ( છટકવા જાય છે; જાનકી હાથ ખેંચી ઘસડે છે. રાજુ કીકાશેઠને પગે પડે છે. )

કીકાશેઠ : એમ કેમ કરો છો, રાજેશ્વરી! મારું દિલ તો જુઓ? તમારે માટે હું ઢગલાબંધ ઘરેણાં લાવ્યો છું ને આ રૂપિયા... ( થેલી ખોલી એના પગ આગળ ઢગલો કરે છે. ) લો...લો... આ સર્વસ્વ તમારું જ છે. (રાજુના પગ પકડી લે છે.)

રાજુ : ( પગ છોડાવતાં ) શેઠ! તમને મોટા માણસને આમ પગ પકડતાં જોઈ મને શરમ આવે છે...

કીકાશેઠ : ( નિર્લજ્જ હસતાં ) એમાં શરમ શાની? તમારા ચરણ-કમલ તો...

[ ફરી પકડવા જાય છે...રાજુ લાત મારે છે. કીકાશેઠ ગબડી પડે છે, ને પૈસા વેરણ છેરણ થઈ જાય છે. ગુસ્સામાં શેઠ ઊભા થઈ પકડવા જાય છે.

રાજુ બારણા તરફ દોડે છે. છે. સામે હબીબ ઊભો છે. રાજુ મુશ્કેલ મામલો સમજી જાય છે. શેઠ નજીક આવી હાથ પકડે છે. આમાંથી છટકવા રાજુ બાજી બદલે છે. ]

રાજુ : શેઠજી ! (શરમાય છે; ભાવપૂર્વક ખભે બીજો હાથ મૂકી) તમે ઊઠી મારા પગ પકડો તે કેવું લાગે ?

જાનકી : શેઠજી ! નવું નવું લાગે છે એટલે છોકરી મૂંઝાય છે જરા !

રાજુ : મા ! (શરમાઈ દોડી જઈ માની સોડમાં ભરાય છે.)

રાજુ : મા ! (ધીમેથી) અંદર ચાલો...

[ હબીબ આવે છે. ]

જાનકી : ચાલો, બેટા ! શેઠજી ! પધારો. હબીબ ! આ ગયા ? ક્યા હુઆ ?

હબીબ : કુછ નહીં, બાઈજી ! વહ અપના જમાદાર...થા...છૂટ ગયા...

જાનકી : અચ્છા...અબ ઉધર હી બૈઠના...

હબીબ : અચ્છા બાઈજી !

[ બારણું બંધ કરી પાન ખાવા ચાલ્યો જાય છે.]

[ જાનકી–ફીકાશેઠ–રાજુ અંદર જાય છે. ]

રાજુ : (અંદરથી) મા ! પાનદાન ને અત્તર લઈ આવું ?

જાનકી : જા, બેટા ! લઈ આવ.

[ રાજુ ઝડપથી બહાર આવે છે ને ઝડપથી બારણું વાસી સાંકળ ચડાવી દે છે. એ જોઈ જાનકી અંદરથી બારણું ખટખટાવે છે, અનેક પ્રકારની ગાળો ભાંડે છે. ]

જાનકી : દરવાજો ખોલ, રાજુ ! કહું છું દરવાજો ખોલ, નહિ તો જોવા જેવી થશે ! જો તારી સલામતી ચાહતી હો તો દરવાજો

ખોલી નાખ ! (ખટખટાટ) ખોલ ! નીચ, પાજી, હલકટ ! આ દગો ? આ બદલો ? તારું જતન, ભરણપોષણ, તાલીમ, બધાંનો આ જવાબ ? ઉપકાર ઉપર અપકાર ? હરામી ! ખોલ...ખોલ કહું છું...(ખટખટાટ. રાજુ બારણાને અઢેલી હતાશ બની ઊભી રહે છે...થોડી વાર ગાળો ને ખટખટાટ ચાલે છે...) અચ્છા, જોઉં છું ક્યાં સુધી નથી ખોલતી ! બારણું ઊઘડવા દે પછી તારી વલે કરું છું.

[ એકાએક શાંતિ થઈ જાય છે. રાજુ નિરાશ ચહેરે ઊભી છે. એકદમ ચમકી બારણા તરફ જાય છે, ત્યાં બારણા પર અવાજ સંભળાય છે.]

[ અવિનાશ-રજની પાછા આવે છે; હબીબ રોકે છે. ]

હબીબ : કેમ પાછા આવ્યા તમે ?

અવિનાશ : અમારે રાજેશ્વરીને મળવું છે.

હબીબ : અત્યારે નહિ મળાય,

રાજુ : (બારણા પાછળથી) હબીબ ! આવવા દે અંદર...

[ હબીબ વિચારે છે, ત્યાં રજની ખીસામાંથી બે રૂપિયા કાઢી હબીબના હાથમાં મૂકે છે. હબીબ બાજુ પર ખસી બારણું ખોલે છે. અવિનાશ નાપસંદગી દર્શાવી ઊભો રહે છે. રજની એને ધક્કો મારી આગળ ધકેલે છે. ]

[ બંને અંદર જાય છે. રાજુ ઊભી છે. અવિનાશ નમસ્કાર કરે છે. રાજુથી સ્વાભાવિક નમસ્કાર થઈ જાય છે. ]

રાજુ : (બન્નેને બેઠક બતાવી) પધારો.

[ બંનેને ગાદી પર બેસાડે છે. પોતે સામે નીચે બેસે છે. ]

[ થોડી વાર એકબીજા સામું જુએ છે. મૂંઝવણ પારખી રજની ધીમેથી ઊભો થાય છે...આજુ-બાજુના ફોટા, અરીસો, કબાટ જોતો જોતો છેવટ ગૅલેરીમાં બહાર ઊભો રહે છે. ]

અવિનાશ : આપે હાથ ઊંચો કરી મને ફરી આવવા આમંત્રણ આપ્યું ...હું આવ્યો. ( શાંતિ ) કહો, આપે કેમ બોલાવ્યો ?

રાજુ : ( નીચી નજરે ) મારે આપને કાંઈ પૂછવું છે.

અવિનાશ : શું ?

રાજુ : તમે મને ઓળખો છો...?

અવિનાશ : હા જી ! સ્ટેશન પાસે મળી ગયાં હતાં. આપનો ઉપકાર શું હું ભૂલી ગયો છું ?

રાજુ : તમે સમજ્યા નહિ ? મારી જાતને તમે ઓળખો છો ?

અવિનાશ : અલબત ! તમે કોઈ વિદ્યાધરી છો, કિન્નરી છો...

રાજુ : ( હસે છે ) ત્યારે તમે મને ઓળખતા નથી. હું તો ગણિકા છું.

અવિનાશ : તેમાં મારે શું ? તમે ગમે તે હો !

રાજુ : [ થોડી વાર અટકી ) તમને સંગીત ગમે છે ?

અવિનાશ : ઘણું ગમે છે.

રાજુ : તમને કયો રાગ ગમે ?

અવિનાશ : તમારો રાગ.

[ બન્ને સ્તબ્ધ બની જોઈ રહે છે. થોડી વાર શાંતિ. રાજુ પોતાની વીંટી તરફ જુએ છે; પગનો અંગૂઠો જાજમ પર ઘસે છે. ]

રાજુ : આપનાં પત્નીને સંગીત આવડતું હશે ?

અવિનાશ : મારે પત્ની નથી; હું પરણેલો જ નથી.

[ એકદમ ઝણઝણાટ, આનંદપ્રેરક સિતાર વાગે છે. રાજુના મુખભાવ આનંદપૂર્ણ બદલાતા જાય છે. થોડી વારે નીચે જોઈ ધીમેથી પૂછે છે. ]

રાજુ : આપનું નામ ?

અવિનાશ : અવિનાશ !

રાજુ : ( શરમાઈ ) મીઠું નામ છે; પ્રભુના લક્ષણનું સૂચક છે. ( મૂંઝાતી, પૂછું ન પૂછું તેમ વિચારી, ધીમેથી ) આપ ક્યારે પરણશો ?

અવિનાશ : મારે પરણવું જ નથી.

રાજુ : કેમ ?

અવિનાશ : હું લગ્નમાં માનતો નથી.

રાજુ : એટલે ?

અવિનાશ : એ કૃત્રિમ સંબંધ માણસને કેદી બનાવે છે.

રાજુ : ન સમજાયું.

અવિનાશ : તમને નહિ સમજાય.

રાજુ : કારણ ?

અવિનાશ : તમે સ્વતંત્ર છો.

રાજુ : કોણે કહ્યું ?

અવિનાશ : હું એમ ધારું છું.

રાજુ : તમે ખોટું ધારો છો; અમારા સરખું કેદખાનું કોઈ જ ભોગવતું નથી.

અવિનાશ : કેદમાંથી છૂટતાં તમને કોણ રોકે જે ?

રાજુ : તમે...

અવિનાશ : શું ?...હું ?...

રાજુ : વગર પરણ્યે અમને ભોગવવા ઇચ્છતા પુરુષો. પછી તે તમે હો કે બીજા !

અવિનાશ : નહિ...નહિ...હું તો આપને પુજું છું.
રાજુ : મારે પૂજા ન જોઈએ; હું તો લગ્ન માગું છું.
અવિનાશ : પણ લગ્નના સિદ્ધાંતથી તો હું વિરુદ્ધ છું.
રાજુ : ત્યારે મારી એક વિનંતી માનશો ?
અવિનાશ : શી ?
રાજુ : આપ ફરી અહીં ન આવશો.
અવિનાશ : બધાંને ના છે કે મને એકલાને જ ?
રાજુ : તમને એકલાને જ.
અવિનાશ : તો કયે રસ્તે હું આપને મળી શકું ?
રાજુ : મારી એક શરત છે. એ શરત જે પાળે તે મને સદા ય જોયા કરે.
અવિનાશ : શી શરત છે ?
રાજુ : લગ્ન કરવું, પણ કદી મારો સ્પર્શ કરવો નહિ.

[ અવિનાશ સ્તબ્ધ ]

[ એ જ વખતે અદંરનું બારણું ઠોકાય છે; બેચાર ગાળો સંભળાય છે. ]

જાનકી : રાજુ ! બારણું ખોલ...રાજુડી ! ખોલે છે કે નહિ ! હલકટ ! નહિ તો મરી ગઈ સમજજે. ખોલ ! ( ખડખડાટ )

[ રજની ગેલેરીમાંથી નજીક આવે છે ને બારણા તરફ જાય છે. ]

રાજુ : ખોલશો નહિ ભાઈ !
રજની : અંદર કોણ છે ?
રાજુ : જાનકી–મારી મરી ગયેલી મા...
અવિનાશ : તો બારણું ખોલો ને ?...
રાજુ : આજની રાત નહિ; સવારે ખોલીશ.

[પાછો ખડખડાટ...ગાળો...ફીકાશેઠનો તેને રોકતો અવાજ આવે છે.]

ફીકાશેઠ : રહેવા દો ને જાનકીબાઈ! આપણે નિરાંતે વાતો કરશું.
અવિનાશ : અંદર બીજું કોણ છે?
રાજુ : ફીકાશેઠ.
રજની : તે બન્નેને અંદર કેમ પૂર્યાં છે?
રાજુ : (હસતાં) અમસ્તાં જ.

[વળી બારણાં ઠોકાય છે...ગાળો...]

રાજુ : આપ હવે જાવ.
અવિનાશ : પણ હું જે માટે આવ્યો હતો તે તો ભૂલી જ ગયો...
રાજુ : આપ શા માટે આવ્યા હતા?
અવિનાશ : એક તો આપનો ઉપકાર માનવા.
રાજુ : શાનો?
અવિનાશ : તે દિવસે મારી આંગળીએ પાટો બાંધી આપ્યો તેનો.
રાજુ : એમાં વળી ઉપકાર શાનો?
અવિનાશ : અને બીજું આપની ક્ષમા માગવા...
રાજુ : તે શા માટે?
અવિનાશ : પુરુષજાતની શરમભરી વર્તણૂક માટે.
રાજુ : તમે! તમે ક્યાં અપમાન કરો છો?
અવિનાશ : આખી પુરુષજાતિનો પ્રતિનિધિ બની હું તમારી માફી માગવા આવ્યો છું.
રાજુ : (થોડી વાર વિચાર કરી રમતિયાળ રીતે) માફી આપીશ, કોઈક દિવસે...
અવિનાશ : આજે નહિ?
રાજુ : થોડું દેવું તો રહેવા દો!
અવિનાશ : શા માટે?

રાજુ : પછી તમારે અને મારે બાકી શું રહે? (બારણાં ફરી ઠોકાય છે) આપ જાવ હવે.

રજની : અવિનાશ! ચાલો જઈએ હવે.

અવિનાશ : હા હા, ચાલો. (નછૂટકે ઊઠે છે) હું જાઉં ત્યારે... નમસ્કાર! (વંદન કરે છે.)

[બારણાં બહાર નીકળે છે. રાજુ બારણાં સુધી વળાવવા આવે છે. અવિનાશનાં પગલાં માંડ ઊપડે છે; રજની ખેંચે છે.]

રજની : (રસ્તામાં) લે, ચાલ હવે; એની ચિંતા કર મા. એ એનું પોતાનું ફોડી લે એટલી હોશિયાર છે...

અવિનાશ : પણ એને કીકાશેઠ હેરાન કરશે તો? ચાલ ને આપણે સાથે લઈ લઈએ?

રજની : ક્યાં તારા કે મારા ઘરમાં? (અવિનાશ અવાક્ થઈ જાય છે.) ચાલ હવે. (જાય છે)

[રાજુ ધીમેથી અંદરના દ્વાર તરફ જાય છે. બારણાની સાંકળ ખોલે છે કે તરત જ જાનકી વાઘણ જેવી બહાર આવે છે, પણ રાજુની દઢતા જોઈ ડઘાઈ જાય છે. કીકાશેઠ બગાસું ખાતા પાછળ આવે છે.]

જાનકી : તારો મિજાજ હવે વધતો જાય છે, રાજુ! આ તારી કિંમત? અને મને અંધારામાં રાખી કોની સાથે ટાયલાં કરતી હતી હમણાં?

રાજુ : મા! ગમે તેમ ન બોલ. એ તો પેલા ટ્રેનવાળા બાબુ હતા. માણસને ઓળખતાં શીખ; પછી વાત કરજે.

જાનકી : હવે ઓળખ્યા માણસને! તું શું ઓળખવાની હતી, એ બધાંને? મોટા સંસ્કારીના દીકરા થયા છે તો અહીં કેમ

ધક્કા ખાય છે? અને છોડી! નકામી ભ્રમમાં ન રહેતી; કોઈ તને પરણવાનું નથી.

રાજુ : મા! મારી વાત હું સમજી લઈશ. તું તારે તારું કામ કર ને?

જાનકી : મારું કામ કેવી રીતે કરું? તું તો નફ્ફટ થઈ મારાથી આડી ચાલે છે!

રાજુ : તો, મા! તું પણ સાંભળી લે. હું તારી સાથે નહિ ચાલું...

જાનકી : એમ!

[ હાથ ઉપાડી મારવા જાય છે; કીકાશેઠ પકડી લે છે. ]

જાનકી : તારી જીભ ન ઉખેડી લઉં તો...

કીકાશેઠ : હં હં હં, જાનકીબાઈ! રહેવા દો. એ તો જુવાન છોકરી છે. આજે નહિ તો કાલે સમજશે. અહીં પડી છે તે કાંઈ ધંધો કર્યા વગર ચાલશે? લ્યો...ત્યારે ચાલો જઈએ... મળીશું ફરી કોઈ વાર!

[ રાજુ અંદરના ખંડમાં ચાલી જાય છે. ]

કીકાશેઠ : (બાજુ પર બારણાં સુધી જાનકીને લઈ જતાં) નકામો ગુસ્સો કરતાં નહિ, છોકરી પર ક્યાંક. એક પંખીડું છે એ ય ગુમાવી બેસશો, તો પછી હાથ ઘસતાં રહેશો! (અડપલું કરે છે...હસે છે...જાનકી છણકો કરે છે. શેઠ ગાતા ગાતા બહાર નીકળી જાય છે.)

[ અંદરથી રાજુનું ગીત સંભળાય છે. જાણે અવિનાશને ઉદ્દેશીને ગવાતું હોય. ]

જરા કહે દો સાંવરિયાસે...આયા કરે...
આયા કરે દિલ લુભાયા કરે...જરા...

[ ગીતની ધૂન સંભળાય છે. કીકાશેઠને વળાવી

ગુસ્સે થતી જાનકી ખંડમાં પ્રવેશે છે. બારણા પાસે બૂમો પાડે છે.]

જાનકી : રાજુ! બહાર આવ. (રાજુ ગીત ગણગણતી બહાર આવે છે) સાંભળી લે! આ ઘરમાં કોઈ સાંવરિયાસે પ્રીત નહિ થાય...સમજી? બોલ! આજે હું ચોખવટ કરી લેવા માગું છું. તું મારી મરજી પ્રમાણે રહેવા તૈયાર છે કે નહિ?

રાજુ : પણ મા! તું સમજતી કેમ નથી?

જાનકી : મારે કાંઈ સમજવું નથી. આજે હજારો રૂપિયાનું મારું ઘરાક ફોક કરવા બેઠી છે તું...તો ભવિષ્યમાં મારું કેમ ચાલશે?

રાજુ : મારું ભવિષ્ય તારાથી જુદું છે, મા! મેં તને કેટલી ય વાર કહ્યું કે મારો રસ્તો જુદો છે. હું તારી એ ચાલબાજીમાં ફસાવાની નથી.

જાનકી : એમ! તો તેં તારો નિર્ણય કરી લીધો છે...હબીબનો માર ત્યારે ભૂલી ગઈ?

રાજુ : મા! હવે તારો હબીબ કે કોઈ મને રોકી શકે એમ નથી... તારાથી કંઈ થઈ શકે એમ નથી. જોઉં છું મને કોણ હાથ અડાડે છે!

જાનકી : નાદાન છોકરી! (મારવા જાય છે) મારી સામે બકવાસ કરે છે? (રાજુ હાથ પકડી મરડે છે; જાનકી બૂમો મારે છે.) ઓહ...મરી ગઈ! છોડ...છો...ડ...

રાજુ : નથી છોડવાની! તારા મોઢેથી તું મને નહિ સતાવે એમ ન કહે, ત્યાં સુધી હું નથી છોડવાની!

જાનકી : છોડ...કહું છું...છોડ...હબીબ!

રાજુ : હબીબ...ગયો તારા રાજા શેઠની સાથે. આજે તને કોઈ છોડાવે એમ નથી...બોલ! (હાથ વધુ મરડે છે) બોલ કે નહિ સતાવે!

જાનકી : તું હરામી થઈ ગઈ છે...છોડ, મને છોડ...બાપ ! તારે કરવું હોય એમ કર, પણ મને છોડ ! ( રાજુ હાથ છોડી દે છે. જાનકી ગાદી પર બેસી જાય છે. ) હે ભગવાન ! આ દિવસ દેખવાના આવ્યા ! મારી જ છોકરી મને જાકારો દેવા બેઠી !

રાજુ : મા ! હવે આ ઘરમાં મારાથી વધુ નહિ રહેવાય. તારી લાલસાના અગ્નિમાં મારે કોઈ દિવસ ખાખ બનવું પડશે. એના કરતાં એની જ્વાળાઓથી દૂર દૂર ચાલી જઈશ...તું તારું ફોડી લેજે !

જાનકી : પણ બેટા ! મને છોડી ક્યાં જાય છે ? તને ફાવે તેમ કરજે...પણ...

રાજુ : ના, મા ! હવે આ ઘરમાં એક ઘડી પણ રહેવું મારે માટે હાનિકારક છે...હું જાઉં છું...દુનિયા વિશાળ છે. ઈશ્વરને ખોળે કદી આશ્રયની ખોટ નથી...પણ અહીંથી તો છૂટીશ !

જાનકી : ( ઊભી થઈ હાથ પકડતાં ) ના...બેટા ! ના, રાજુ બેટી ! ( લાગણીવશ) તારી મરજી વિરુદ્ધ હું કાંઈ નહિ કરું તને. ( હાથ પકડે છે )

રાજુ : મા ! લક્ષ્મી અને લાલચ તું છોડી શકવાની નથી, ને એમાં મને હોમી દેતાં તને વાર પણ નહિ લાગે ! મને જવા દે.

[ ચાલવા લાગે છે. બારણામાં જાનકી પકડે છે. ]

જાનકી : રાજુ બેટા ! મને છોડીને ન જા, ન જા ! દુનિયા તું ધારે છે એટલી નિર્દોષ નથી. ઊલમાંથી ચૂલમાં પડીશ ત્યારે તારી માને સંભારીશ...ન જા, રાજુ ! ન જા...બેટા !

[ રાજુ તેનો હાથ છોડાવી પહેર્યે કપડે બારણાં બહાર નીકળી જાય છે. લત્તાંનાં માણસો એને ચાલી જતી જુએ છે. દૂરથી એકાદ ગીત સંભ-ગાય છે. ]

મૈં તો પ્રેમદીવાની,
મેરા દર્દ ન જાને કોઈ…

[રાજુ ધીમે ધીમે નીચું જોઈ લત્તાની બહાર નીકળી જાય છે…જાનકી, બારણામાં જ "રાજુ બેટા!…રાજુ!' કરતી ઢળી પડે છે.]

[પડદો પડે છે]

# અંક ત્રીજો

[ દૃશ્ય : અંક પહેલા પ્રમાણે. સાંજના છનો સમય. મંદિરમાંથી પૂજારીનું ભજન સંભળાય છે ]

પદ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે...

[ એક બાજુ આનંદપ્રેરક ભજન ભક્તિભાવપૂર્ણ સ્વરે સંભળાય છે, તો બીજી બાજુ નિરાશ ચહેરે રાજેશ્વરી સફેદ વસ્ત્રોમાં છૂટા વાળ સાથે હાથમાં ફૂલછાબડી લઈ ધીમે પગલે ફૂલ વીણવા નીચેની ક્યારી પાસે ઊતરે છે. ગીત દરમિયાન તેની હલનચલનની ગતિ ચાલુ રહે છે. ગીત પૂરું થતાં નીચેને પહેલે પગથિયે બેસી જાય છે. શિવનાથ ગાતા ગાતા બહાર પૃષ્ઠભાગમાં આવે છે. ]

[ આ ગીત દરમિયાન નારાયણી સામે ફૂટપાથ પરથી ગીત સાંભળે છે, તથા રાજુને ધારીધારીને જોયા કરે છે. શાસ્ત્રીજી બહાર આવતાં નારાયણીને પુકારે છે. ]

શાસ્ત્રીજી : નારાયણી !

[ નારાયણી નાસી જાય છે. રાજુ ચમકે છે; પછી શાસ્ત્રીજી તરફ ફરે છે. ત્યાં શાસ્ત્રીજીની નજર એના પર પડે છે. ]

શાસ્ત્રીજી : બેટા ! કેમ અહીં બેસી ગઈ છો ?

મૈં તો પ્રેમદીવાની,
મેરા દર્દ ન જાને કોઈ...

[રાજુ ધીમે ધીમે નીચું જોઈ લત્તાની બહાર નીકળી જાય છે...જાનકી, બારણામાં જ "રાજુ બેટા!...રાજુ!' કરતી ઢળી પડે છે.]

[પડદો પડે છે]

# અંક ત્રીજો

[ દૃશ્ય : અંક પહેલા પ્રમાણે. સાંજના છનો સમય. મંદિરમાંથી પૂજારીનું ભજન સંભળાય છે ]

પદ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે...

[ એક બાજુ આનંદપ્રેરક ભજન ભક્તિભાવપૂર્ણ સ્વરે સંભળાય છે, તો બીજી બાજુ નિરાશ ચહેરે રાજેશ્વરી સફેદ વસ્ત્રોમાં છૂટા વાળ સાથે હાથમાં ફૂલછાબડી લઈ ધીમે પગલે ફૂલ વીણવા નીચેની ક્યારી પાસે ઊતરે છે. ગીત દરમિયાન તેની હલનચલનની ગતિ ચાલુ રહે છે. ગીત પૂરું થતાં નીચેને પહેલે પગથિયે બેસી જાય છે. શિવનાથ ગાતા ગાતા બહાર પૃષ્ઠભાગમાં આવે છે. ]

[ આ ગીત દરમિયાન નારાયણી સામે ફૂટપાથ પરથી ગીત સાંભળે છે, તથા રાજુને ધારીધારીને જોયા કરે છે. શાસ્ત્રીજી બહાર આવતાં નારાયણીને પુકારે છે. ]

શાસ્ત્રીજી : નારાયણી !

[ નારાયણી નાસી જાય છે. રાજુ ચમકે છે; પછી શાસ્ત્રીજી તરફ ફરે છે. ત્યાં શાસ્ત્રીજીની નજર એના પર પડે છે. ]

શાસ્ત્રીજી : બેટા ! કેમ અહીં બેસી ગઈ છો ?

રાજુ : કંઈ નહિ, બાબા! જરા...

શાસ્ત્રીજી : બેટા! મંદિરને તારું ઘર જ સમજજે. પ્રભુને સંગીત પીરસજે, મનને શાંતિ મળી રહેશે. બેટા! ચાલ, અંદર આવ.

રાજુ : બાબા! મારા જેવી પતિત... (પગથિયે અટકી જાય છે.)

શાસ્ત્રીજી : કેમ અટકી, બેટા? આજ પંદર દિવસથી તને ઈશ્વરને આશરો મળ્યો છે, ને હજી અચકાય છે કેમ?

રાજુ : હું પ્રભુને અપવિત્ર કરું છું, બાબા!

શાસ્ત્રીજી : ઘેલી! પતિતપાવન રામને અપવિત્રતા અડકે જ નહિ! એનું સ્મરણ અને દર્શન બધાં ય પાપને દૂર કરે છે.

રાજુ : પણ આપ આટલા દિવસથી મને આશ્રય આપી રહ્યા છો, પણ કદી પૂછ્યું પણ નથી કે હું કોણ છું!

શાસ્ત્રીજી : હું કોણ પૂછનાર, બેટા? શબરીનાં બોર ખાધાં, ગણિકાને શુક ભણાવતાં તારી, એ પ્રભુના ધામમાં જતાં હું કોણ તને પૂછનાર?

રાજુ : પણ બાબા! હું તો એક ગણિકા છું.

શાસ્ત્રીજી :(સ્થિર નજરે રજુને જોઈ રહે છે. જૂની ઓળખાણ તાજી કરવા જાણે પ્રયત્ન કરે છે પછી...) હરકત નહિ... આવ બેટા! આપણે બધાં ય પાપી છીએ. કશી ચિંતા ન કરીશ, બહેન! અહીં તો રામનું રખવાળું છે. ચાલ અંદર. ...ઉદાસી દૂર કરી પ્રભુદાસી થઈ જા. બેટા! ચાલ અંદર...

[ શાસ્ત્રીજી અને રાજેશ્વરી મંદિરમાં જાય છે. ]
[ થોડી વારે રમા તેના આંગણામાં સાફસૂફ કરે છે તેવામાં અવિનાશ આવે છે; ખિન્ન ચહેરો, ધીમાં પગલાં. ચિંતાગ્રસ્ત દેખાય છે. ]

રમા : આવો...આવો, અવિનાશભાઈ!

અવિનાશ : રજની નથી આવ્યો?

રમા : હમણાં જ આવવા જોઈએ. આજે શેઠે એમને ખાસ કામ છે કહી બોલાવ્યા હતા.

અવિનાશ : ઓચિંતાનું કેમ બોલાવ્યો હશે? તે દિવસે તો હાથમાં પાણીચું પકડાવી દીધું હતું...

રમા : કોને ખબર ભાઈ? નોકરી ગયા પછી એ ચિંતાતુર રહેતા હતા. નહિ તો એના જેવા માણસ, ગુસ્સો શું એની જ એને ખબર નથી.

[ રજની આનંદમાં દાખલ થાય છે. ]

રજની : કોનું પુરાણ વંચાય છે? બૈરાંઓને લોકનિંદા સિવાય બીજી વિદ્યા ફાવતી જ નથી!

રમા : લો ભાઈ! જોયું ને, આવ્યા કે વરતાયા!

અવિનાશ : ગાંડા! તારાં કેટલાં વખાણ કરતાં હતાં ભાભી! ને તું તો......

રજની : હા, ભાઈ! હા. હું તો...ઠીક, કર્યા કરો ભાભીનાં વખાણ. ચાપાણી એ જ પાવાનાં છે ને?

અવિનાશ : ચાપાણી શું? હવે તો રોટલા પણ એના જ ખાવાનો વારો આવ્યો છે, રજની!

રજની : કેમ, શું થયું? મળી ગયું પાણીચું?

અવિનાશ : એ તો પેલી કોલેજના પ્રિન્સિપાલનો તાર આવી ગયો કે આવી ગેરવર્તણૂકવાળા માણસને પ્રાધ્યાપકપદ ન અપાય; નિમણૂક રદ થાય છે.

રજની : લે, કર વાત! ત્યારે તો આવ ભાઈ હરખા, આપણે બે સરખા! નોકરી વગરના નવરા!

અવિનાશ : રજની! બાપુજી સાથે ઝઘડો થયો છે. તે દિવસનો પ્રસંગ બન્યા પછી એમની નજરમાં હું હલકો ઠર્યો છું. તેઓ નિરુપમા સાથે મારાં લગ્ન તુરત લેવા માગતા હતા, અને આમ બન્યું એટલે એમની બાજી ઊંધી વળી ગઈ.

રજની : પણ તેથી શું ? મામલો આટલી હદે પહોંચી ગયો ?

અવિનાશ : એ કહે કે એવી જગ્યાએ શા માટે ગયો હતો ? મેં કહ્યું કે મારી જવાબદારી હું સમજું છું. એમણે જણાવી દીધું કે આ ઘરમાં રહેવું હોય તો મારી મરજી પ્રમાણે રહેવું પડશે. મેં તુરત જ શાંતિપૂર્વક નીચું જોઈને ઘરમાંથી પ્રસ્થાન કર્યું. હું કાયમને માટે એ ઘર છોડી નીકળી ગયો છું, રજની !

રજની : નોકરી ગઈ, છોકરી ગઈ, ઘરબાર ગયાં ! વાહ, ભાઈ ! વાહ ! થઈ જા જોગી;

રમા : તમે પણ શું, વાતવાતમાં હસવાનું ? એમની સ્થિતિનો વિચાર...

રજની : મને ઘણો છે, સમજી ? ચિંતા ન કર. આ ઘર તેનું જ છે એમ સમજીને તો પોતાનું ઘર છોડી આવ્યો છે !

રમા : ઠીક. હવે તમારું શું થયું એ કહો ને ? અને શેઠે બોલાવ્યા હતા તે શું થયું ? અને આ છાપું વાંચ્યું ? જુઓ તમારાં પરાક્રમ !

રજની : અરે, એ છાપાંએ તો પાછી શેઠની નોકરી અપાવી ! આજ પંદર દિવસ થયાં પણ શેઠની છાલ નથી છોડતા ! છાપાવાળા પાછળ પડી ગયા છે. એ જાણે છે કે ઠીક મરઘો હાથ આવ્યો છે !...જો તો, શું લખે છે મારા વાલીડા !

[ વાંચે છે. ]

ફૂટણખાનામાં થયેલો આબરૂદાર ગૃહસ્થનો ફજેતો ! અમારા ખબરપત્રી પાકે પાયે જણાવે છે કે હલકા લત્તામાં એક જાણીતા વકીલ, એક આગેવાન શેઠ અને પ્રખ્યાત ગૃહસ્થના દીકરાને મારામારી કરવા માટે પકડવામાં આવ્યા હતા, અને જામીન પર

છૂટયા છે, એ ખબર અમે આપી ગયા છીએ પરંતુ પોલીસતપાસ ચાલુ હોવાથી એમનાં નામ બહાર પાડવામાં નથી આવ્યાં, આજકાલમાં એમનાં નામ અમારા વાચકવર્ગ સમક્ષ રજૂ કરીશું.

રમા : એટલે ? તમારા બધાનાં નામ પણ હવે શું છાપે ચડશે ? હાય હાય !...

રજની : અરે, અમને શું થવાનું હતું ? પણ આ વાંચીને શેઠના છક્કા છૂટી ગયા છે. એટલે તો મને બોલાવ્યો. પહેલાં મને ધમકાવ્યો કે હરામખોર ! ઘરનો માણસ થઈને મારી આ આડો આવ્યો, અને હવે છાપાંવાળાને ચડાવે છે ને મને બદનામ કરવા નીકળ્યો છે ? મેં કહ્યું, શેઠસાહેબ ! મારો વાંક નથી. એ તો છાપાંવાળા કહેવાય ! કાગનો વાઘ કરે એમાં હું શું કરું ? હું તો હવે તમારી નોકરીમાં નથી તો ય તમારું ભલું ચાહું છું. ગઈ કાલે જ છાપાંવાળાને મળવા ગયો હતો અને ...તમારું નામ ન આવે એટલા માટે...તો કહે...રજની ! તું મારા માટે છાપાંવાળા પાસે ગયો હતો ? જા જા, જોઈએ એટલા પૈસા લઈ જા, રાજા ! પણ છાપાંમાં મારું નામ ન આવે એની વ્યવસ્થા કર. ને ગાંડા ! એ તો તું ઘરનો માણસ છે એટલે એ શબ્દો કહેવા પડે !...એમાં પેઢી છોડી ચાલ્યો ગયો ને આટલા દિવસથી દેખાતો નથી ?...

રમા : એટલે તમારી નોકરી...

રજની : ચાલુ, બાઈસાહેબ ! ચાલુ !...ઊલટો પગાર વધી જશે... હવે ચિંતા છોડો...( અવિનાશ વિચારમુગ્ધ છે ) અવિનાશ ! શું ચિંતાતુર થઈ બેઠો છે ?

અવિનાશ : રજની ! નોકરી ગઈ, ઘર ગયું, એની મને ચિંતા નથી. પણ રાજેશ્વરીનું શું થયું હશે ? પેલા નરરાક્ષસો એને...

રજની : એની ચિંતા ન કર. શેઠની સાથેની વાતચીતમાં મને લાગ્યું કે છોકરી ઘર છોડીને ચાલી ગઈ છે.

અવિનાશ : હેં! રાજેશ્વરી ત્યાંથી ચાલી ગઈ? ક્યાં ગઈ હશે?

રજની : ક્યાં જવાની છે? તને મળ્યા સિવાય એ રહેવાની નથી. હા, તને કહી દઉં; તું એની પાછળ એમ એ તારી પાછળ! છેવટ બે છેડા ભેગા થઈ જશે! એણે ઘર છોડ્યું, તેં પણ છોડ્યું; હવે નવું ઘર માંડો!

અવિનાશ : હું તને એ જ કહેતો હતો. મેં મારા મનથી નિશ્ચય કરી લીધો છે કે લગ્ન કરીશ તો રાજેશ્વરી સાથે જ. આ બાબત મારે પદ્મનાભ પાસે ચોખ્ખી કરી લેવી છે એટલે મને મળવા બોલાવ્યો હતો, પણ તું આવ્યો ત્યારે એ ઘેર નહોતા. જો, એ આવતા લાગે છે. ( પદ્મનાભ બહારથી આવે છે. ) જરા મળી આવું...( ઊઠે છે. )

રજની : પાછા જલદી પધારજો, સાહેબ! જમવાનું ટાણું થયું છે.

અવિનાશ : હમણાં જ આવ્યો. ( જાય છે )

[ રમા-રજની ઘરમાં જાય છે. અવિનાશ પદ્મનાભના ઘરમાં દાખલ થાય છે ને પદ્મનાભ બારણામાં દેખાય છે ]

પદ્મનાભ : આવ ભાઈ! આવ...તાર વાંચ્યો ને?

અવિનાશ : હા જી.

પદ્મનાભ : કોઈ દ્વેષીએ તારા વિરુદ્ધ આક્ષેપો કર્યા લાગે છે. મને એ લોકોએ વચમાં પુછાવ્યું હતું, પરંતુ મેં માન્યું નહિ અને તને ચેતવણી ન આપી, અને તારી નોકરી ગઈ...

અવિનાશ : આપે ચેતવણી આપી હોત તોપણ હું તો ત્યાં જાત

પદ્મનાભ : ( ચમકે છે ) શું?

અવિનાશ : મારા સ્વાતંત્ર્ય ઉપર અંકુશ મૂકનાર મને કોઈ પણ શરત મંજૂર નથી.

પદ્મનાભ : એટલે, તું ગમે ત્યાં જાય-આવે, તોપણ તને કોઈ ન પૂછે?

અવિનાશ : શા માટે પૂછે?

પદ્મનાભ : ચારિત્ર્યશુદ્ધિની જગતમાં પહેલી જરૂર છે.

અવિનાશ : (આશ્ચર્યથી એની સામે તાકી) એમ કહ્યા કરવું એ એક જાતનો ઘમંડ છે, મુરબ્બી! હું એમ કહ્યા નથી કરતો; અને એથી જ હું ગમે ત્યાં જાઉં પણ મારી ચારિત્ર્યશુદ્ધિને જરા પણ વાંધો નહિ આવે. એટલું જ નહિ પણ હું એક પતિતાને પરણું તો જ સમાજના દોષનું પ્રાયશ્ચિત થાય!

પદ્મનાભ : શું બોલે છે તું?

અવિનાશ : પતિતોદ્ધારનાં ભાષણો હું નથી કરતો! સમાજસેવાનો અંચળો મેં નથી ઓઢ્યો! પણ આ તો મારો નિશ્ચય તમને કહેવા આવ્યો છું.

પદ્મનાભ : પણ તું શું કહે છે?

અવિનાશ : એ જ કે હું રાજેશ્વરી સાથે લગ્ન કરવાનો છું...

પદ્મનાભ : પણ તું આમ કરીશ તો તારા પિતા કેટલા નાખુશ થશે તેનું ભાન છે?

અવિનાશ : પિતાને નાખુશ કરીને જ આવું છું.

પદ્મનાભ : પણ...ભાઈ! તારા પિતાજીની આબરૂ, મોભો, તારું શિક્ષણ! આ બધું જોતાં તું એક ગણિકા સાથે પરણે તે સમાજની નજરે ઠીક ન ગણાય.

અવિનાશ : આબરૂ, પૈસો, શિક્ષણ એ બધાં બહારનાં વાર તહેવારે પહેરીને મહાલવાનાં ઘરેણાં છે કે જીવનમાં ઉતારવાનાં? આવાં કાર્ય દ્વારા એ બાબતો સમાજમાં છતી કરવાની છે; એ તિજોરીમાં મૂકી રાખવાની ચીજ નથી! સમાજના ઉત્થાનમાં એનો ઉપયોગ કરવાનો છે...માફ કરજો, મુરબ્બી! ભાષણોનો મને મહાવરો નથી; પણ તમારા જેવા સમાજસુધારક, શિક્ષિત માણસ જ્યારે મને ઊંધી સલાહ દેવા લાગ્યા ત્યારે મારે

એટલું પણ કહેવું પડ્યું કે આબરૂ તો ઢાંકણુ માત્ર છે; ભલે ઊઘડી જાય અને સત્ય દેખાઈ આવે!

[ રજની ઘરની પરસાળમાંથી બોલાવે છે.]

રજની : અવિનાશ! જમવા પધારો...બહુ વાર કરી.

અવિનાશ : ચાલો. જાઉં ત્યારે મુરબ્બી! હું મારી વાતની ચોખવટ કરવા જ આવ્યો હતો.

[ નીચે ઊતરી રજનીના ઘરમાં ચાલ્યો જાય છે. ]

[ પદ્મનાભ ઘરમાં જાય છે. ]

[ એટલામાં આરતીનો ધ્વનિ સંભળાય છે. એકબે માણસો મંદિર તરફ આવે છે. બત્તીવાળો બત્તી કરી જાય છે. નારાયણી થાંભલા નીચે જ બેઠી હોય છે. એટલામાં અવિનાશના પિતા સુમંતરાય આવે છે. મંદિરમાં જાય છે. પૃષ્ઠભાગમાં બધાં ઊભાં છે. આરતી પૂરી થાય છે. લોકો વિખરાય છે. થોડી વારે શાસ્ત્રી તથા સુમંતરાય વાતો કરતા બહાર આવે છે.]

સુમંતરાય : ચાલો, ત્યારે શાસ્ત્રીજી! રજા લઉં.

શાસ્ત્રીજી : પધારજો શેઠજી! જે રામજીકી!

સુમંતરાય નીચે ઊતરે છે ત્યાં જ રાજેશ્વરી કંઈક કામસર મંદિરમાંથી બહાર નીકળે છે, તે પાછી અંદર પ્રવેશે છે. સુમંતરાય પહેલે જ પગથિયે અટકી જાય છે ને શાસ્ત્રીજીને પૂછે છે. ]

સુમંતરાય : શાસ્ત્રીજી! આ બાઈ કોણ છે? અહીં ક્યાંથી?

શાસ્ત્રીજી : ભાઈ! કોઈ દુઃખિયારી છે, પતિતા છે. ઈશ્વરનાધામમાં તો સૌને આશરો છે. થોડા દિવસથી સેવામાં આવી છે.

[ સુમંતરાય નીચે ઊતરી જાય છે. વળી વિચાર કરી અટકે છે. રજનીના ઘર તરફ નજર કરે છે. બે ડગલાં આગળ વધે છે, પાછો અટકી જાય છે. ત્યાં જ રજની કામસર બહાર નીકળે છે. ]

રજની : ( જોઈને ) કોણ, બાપુજી ! આવો ને ? ત્યાં કેમ ઊભા રહી ગયા ?

સુમંતરાય : ભાઈ ! અવિનાશ તારે ત્યાં આવ્યો છે ? ગુસ્સે થઈ ઘેરથી ચાલ્યો ગયો છે.

રજની : હા જી, મારે ત્યાં જ છે. પધારો ને ?

સુમંતરાય : ના ભાઈ ! મારાથી એનો વિરોધ થયો છે. હું આવીશ એ એને નહિ ગમે, ને તારે ત્યાંથી પણ ચાલ્યો જશે.

રજની : નહિ જાય, બાપુજી ! અંદર ચાલો.

સુમંતરાય : નહિ રહે, બેટા ! એ નહિ રહે; તું એને જાણતો નથી. મારો તો દીકરો છે ને ? એનું ધાર્યું જ કરશે !

રજની : બાપુજી ! તો ભલે એનું ધાર્યું કરે ! મારી મચડીને જીવનને કુંઠિત કરવા કરતાં પ્રવાહને સ્વયં વહેવા દો.

સુમંતરાય : હા, બેટા ! એના ગયા પછી હું પણ એ જ નિર્ણય પર આવ્યો છું. નહિ તો છેલ્લે પાટલે બેઠા ત્યારે મેં એને ત્યાં સુધી કહ્યું કે તારું મન જ જો માનતું હોય તો એને રખાત તરીકે ઘરમાં રાખ. પણ એ શાનો માને ? કંઈ નહિ, ભાઈ ! એને ઠીક લાગે તેમ કરે. “ઈશ્વર ચાહે, તેમ થયા કરશે !”

રજની : હા; એ તો એને આશરે જ છોડી દો, બાપુજી !

સુમંતરાય : પણ રજની ! કહે છે કે છોકરી ઘર છોડીને ચાલી ગઈ છે !

રજની : હા જી; ગણિકાવાસ એણે છોડી દીધો છે, ને હવે ક્યાં છે તેનો પત્તો નથી. અમે ઘણી શોધ કરી, પણ...

સુમંતરાય : રજની ! ( વિચારી, મંદિર તરફ જોઈ ) રજની ! હમણાં જઈ મેં એક બાઈને મંદિરમાં જોઈ. શાસ્ત્રીજી કહે છે કે કોઈ પતિતા છે. ઈશ્વરનાધામમાં આવી છે.

રજની : મંદિરમાં ? કોણ રાજેશ્વરી ? અહીં આવી છે ?

સુમંતરાય : એ કોણ, તેની મને ખબર નથી. પણ એક સ્ત્રી મેં જોઈ. રજની ! જો એ રાજેશ્વરી હોય ( વિચારી ) તો એ બાઈને સમજાવવી જોઈએ. જો એ અવિનાશને છોડી દેવા તૈયાર હોય, તો...

રજની : હું કેમ કહી શકું ? ચાલો, જોઈએ તો ખરા !

[ બંને મંદિર તરફ જાય છે. ]

સુમંતરાય : ( પગથિયાં ચડતાં ) રજની ! હું તેને સમજાવીશ કે અવિનાશનો ખ્યાલ એ છોડી દે. ( તે જ વખતે રાજેશ્વરી ચોટલો વાળતી હોય છે. શાસ્ત્રીજી અંદરથી પ્રવેશે છે. ) શાસ્ત્રીજી ! આપ કહેતા હતા તે આ જ બાઈ ?

શાસ્ત્રીજી : હા, શેઠજી ! પાર્વતી જેવી એની તપશ્ચર્યા છે. ( રાજુને ) બેટા ! અહીંના ધનિક સુમંતરાય શેઠ છે.

[ એકાએક રજનીની નજર રાજુ તરફ જાય છે. ]

રજની : કોણ, રાજેશ્વરી ! આ તો અવિનાશના પિતા થાય.

[ રાજુ એકદમ માથે ઓઢી લે છે; ધીમેથી નજીક આવી પગે લાગે છે. બધા ઓટલા પર બેસે છે. રાજુ દૂર નીચી નજરે બેસી જાય છે. ]

સુમંતરાય : બેટા ! એક વાત પૂછવા આવ્યો છું. શું ખરેખર તું અવિનાશને ચાહે છે ?

રાજુ : ( નીચી નજરે ) એ સિવાય મારું સર્વસ્વ છોડી અહીં આવી હોઈશ ?

સુમંતરાય : તારું સર્વસ્વ તેં છોડયું નથી.

રાજુ : હવે બાકી હોય તો કહો.
સુમંતરાય : તારો પ્રેમ !
રાજુ : મારો પ્રેમ ? એ કેમ છોડાય ?
સુમંતરાય : છોડાય નહિ પણ બલિદાન અપાય !
રાજુ : એટલે ? એ તો હું પાછી ગણિકા બનું ત્યારે બને !
સુમંતરાય : ( દયાર્દ્ર બની ) પણ જો તું એમ કરશે તો એનું ભાવિ જીવન નિરર્થક ને નિષ્ફળ બની જશે ! તેનું સાફલ્ય માગે છે કે તારા પ્રેમનું...

[ રાજુ ઘડીભર રજની, સુમંતરાય અને શાસ્ત્રીજી તરફ જૂએ છે. ]

શાસ્ત્રીજી : બેટા ! માનવી સામે ના જોઈશ, રામ ઉપર દૃષ્ટિ રાખ.
રાજુ : ( ગૂંચવાય છે ) સારું; તમે કહો છો તેમ કરીશ.
રજની : એટલે ?
રાજુ : હું મારા માટે નિર્માયેલ ધંધાને જ વળગી રહીશ.
રજની : પણ તમારો ધંધો જાણવા છતાં ય અવિનાશ તો તમને ચાહે છે !
રાજુ : હા; પણ હું એવું કરીશ કે તેમને મારા પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થાય !
શાસ્ત્રીજી : ( એકદમ ઊભા થઈ જાય છે ) નહિ, નહિ, બેટા ! તાર લગ્ન હું કરાવીશ !
રાજુ : નહિ, બાબા ! મારે એમ નથી કરવું.
શાસ્ત્રીજી : કારણ ?
રાજુ : અવિનાશનું ભાવિ જીવન હું નહિ બગાડું; હું એમ નહિ કરું.
સુમંતરાય : ( ગળગળા થઈ જાય છે, ઊભા થઈ જાય છે, પગથિયાં ઊતરતાં ) શાસ્ત્રીજી ! ભલે એ લગ્ન કરે. માત્ર હું એ લગ્નમાં નહિ આવું.

[ બોલતાં બોલતાં ચાલવા લાગે છે. રજની પાછળ ઊતરે છે; સુમંતરાયને જતા જોઈ રહે છે. રાજેશ્વરી તરફ ઘડીભર જોઈ પોતાના ઘર તરફ ચાલ્યો જાય છે. ]

[ રાજેશ્વરી નીચે ફરસબંધી પર રડતી સૂઈ જાય છે. શાસ્ત્રીજી દયાર્દ્ર નજરે તેના તરફ જોતાં "રઘુવર...રઘુવર..." બોલતા અંદર ચાલ્યા જાય છે. ]

[ દૃશ્ય : રાતના આઠના ટકોરા થાય છે. રાજેશ્વરી ચારે તરફ જોતી ધીમેથી ઊઠે છે ત્યાં જ પદ્મનાભની ગૅલેરીમાં બત્તી થાય છે. પદ્મનાભ છાપું લઈ આરામખુરશીમાં વાંચતા બેસે છે. રાજેશ્વરીનું તેના તરફ ધ્યાન જાય છે. ધીમેથી પગથિયાં ઊતરે છે, પદ્મનાભને દૂરથી પિછાને છે અને થોડીવાર વિચારી મક્કમ પગલે તેના ઘર તરફ ઊપડે છે. ગૅલેરીના બારણાં તરફ જઈ ઊભી રહે છે. ]

પદ્મનાભ : કોણ...કોણ છે? (ઊંચે જોઈને) કોણ રાજેશ્વરી? અત્યારે ક્યાંથી?

[ એ જ વખતે દુર્ગા અંદરથી પ્રવેશે છે. ]

દુર્ગા : કોણ છે? અત્યારે શું? ( બેસે છે )

પદ્મનાભ : એ જ રાજેશ્વરી; મેં તને અંદર વાત કરી તે, અવિનાશની પ્રેયસી. રાજેશ્વરી! આ મારાં પત્ની.

રાજુ : બાઈસાહેબ! પગે લાગું છું. (નમન કરીને નીચે બેસી જાય છે. ]

દુર્ગા : ઉપર બેસો ને બહેન?

રાજુ : ના જી, અહીં ઠીક છે.

દુર્ગા : ના, ઉપર બેસો. ( ઉપર બેસાડે છે. )

પદ્મનાભ : રાજેશ્વરી ! કેમ અહીંયા આવવું પડ્યું ?

[ રાજુ બોલતી નથી; રડવા લાગે છે. ]

દુર્ગા : કેમ આમ રડો છો ?

રાજુ : ( આંસુ લૂછી ) મારા ભાગ્યને રડું છું, બહેન !

પદ્મનાભ : મને કાંઈ કહેવા જેવું છે ?

રાજુ : હા જી.

પદ્મનાભ : હું જરૂર સલાહ આપીશ. અમારો તો વકીલનો ધંધો છે. બોલો; શું થયું ? જાનકી સાથે કંઈ ઝઘડો થયો ?

દુર્ગા : જાનકી કોણ ?

પદ્મનાભ : રાજેશ્વરીની મા.

દુર્ગા : તે તમે બધાંને ઓળખો છો ?

પદ્મનાભ : આ અવિનાશની પંચાત કંઈ ઓછી છે ?

દુર્ગા : તમારે શું કહેવું છે, બહેન ?

રાજુ : બહેન ! અમે તો પાપી જીવ; કંઈ કંઈ પાપકથનીઓ કહેવી હોય. આપના કાન અપવિત્ર નહીં કરું !

પદ્મનાભ : મને કહી શકીશ ?

રાજુ : બહેનને હરકત ન હોય તો હું આપને એકલાંને જ કહેવાને આવી છું.

દુર્ગા : મને કંઈ હરકત નથી. ( ઊઠે છે. )

પદ્મનાભ : રાજેશ્વરીની મરજી હશે તો હું એની વાત તને જરૂર કહીશ.

રાજુ : મને હરકત નથી; પણ મારાં દેખતાં ન કહેશો.

દુર્ગા : ભલે બાઈ ! ભલે. વકીલ વકીલનો ધંધો કરે એમાં મને શું સમજ પડે ? ( અંદર જાય છે. )

[ થોડી વાર પછી રાજેશ્વરી નીચે જોઈ બેઠી છે તેને ઉદ્દેશી પદ્મનાભ બોલે છે. ]

પદ્મનાભ : રાજેશ્વરી! ( રાજુ ઊંચું જોઈ સામે જુએ છે. ) કેમ આવી છો ?

રાજુ : મારો દેહ આપને સોંપવા.

પદ્મનાભ : ( ચમકીને ) શું ?

રાજુ : આપની ઇચ્છાને આધીન થવા આવી છું.

પદ્મનાભ : ( આશ્ચર્યથી ) મારી શી ઇચ્છા છે ?

રાજુ : એ આપને કહેવું પડશે ? આપે જાનકી સાથે નક્કી જ કર્યું હતું ને ?

પદ્મનાભ : પણ તે દિવસ તો ગયો !

રાજુ : પણ આપ અને હું ક્યાં ગયાં છીએ ?

પદ્મનાભ : ( હસીને ) પણ એ વાત અહીં આવીને કેમ કહે છે ?

રાજુ : ત્યારે ક્યાં કહું ? જાનકીના ઘરમાં તો હું જવાની નથી, અને પેલા મંદિરમાં તો મને રડવું આવે છે.

પદ્મનામ : કેમ ?

રાજુ : પેલા શાસ્ત્રીજીનાં ભજન સાંભળીને.

પદ્મનાભ તું શું એમ ધારે છે કે હું તારી પાછળ વાસનાતૃપ્તિ અર્થે ભમતો હતો ?

રાજુ : તો બીજું શું સમજાય ? આપની મુલાકાતો, ભેટસોગાદો...

પદ્મનાભ : તને હું બીજા જેવો જ લાગું છું ?

રાજુ : ના જી, બીજાઓથી જુદા. છતાં આપનાં આમંત્રણોએ મને બહુ રડાવી છે.

પદ્મનાભ : ( આજુબાજુ જોઈ ) આજે તને હું મારી એક ગુપ્ત વાત કરી દઉં. હું સમાજસેવક છું; સ્ત્રીઓના ઉદ્ધારનો પ્રયત્ન કર્યા કરું છું. મારે પતિતાઓની જિંદગી જોવી હતી માટે હું આમ કરતો હતો...

રાજુ : તો પછી હું...

પદ્મનાભ : ( વચ્ચેથી) જો, સાંભળ. મેં એક પતિતાશ્રમ ખોલવાનો નિશ્ચય કર્યો છે. પોતાનો ધંધો છોડી જે વેશ્યાઓ મારા

આશ્રમમાં આવશે તેમને ગુજરાનનાં સાધનો કરી આપવાનો મેં નિર્ણય કર્યો છે.

રાજુ : ત્યારે હું કીકાશેઠ પાસે જાઉં ?

પદ્મનાભ : શા માટે ?

રાજુ : આપ તો ના કહો છો; પછી બીજા કોની પાસે જાઉં ?

પદ્મનાભ : પણ કોઈની પાસે જવાનું કામ શું તારે? મારા આશ્રમમાં તું જ પહેલી દાખલ થા...

રાજુ : ના જી.

પદ્મનાભ : કેમ ?

રાજુ : મેં નિશ્ચય કર્યો છે કે મારે કોઈ ધનિકની રખાત તરીકે રહેવું.

પદ્મનાભ : તું શું બોલે છે ?

રાજુ : હું ઠીક કહું છું; એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પદ્મનાભ : હું તને માર્ગ બતાવું. અવિનાશ છે ને...

રાજુ : હા !

પદ્મનાભ : એ તારી પાછળ ઘેલો બન્યો છે !

રાજુ : હં...પણ...એ...

પદ્મનાભ : એના પિતા પાસેથી માસિક રકમ અપાવું, અને તું...

રાજુ : ના...ના...એનું નામ ન દેશો !

પદ્મનાભ : કેમ ? કીકાશેઠ કરતાં તો ઘણો...

રાજુ : આપ અવિનાશની વાત જ ન કરશો.

પદ્મનાભ : પણ એમાં શી હરકત છે ?

રાજુ : મારે લીધે...કાંઈ નહિ...કાંઈ નહિ...

પદ્મનાભ : તારે લીધે શું ? બોલ ને ? શું કહેતી હતી ?

રાજુ : મારે લીધે એનું લગ્ન અટકી જાય છે.

પદ્મનાભ : પણ એ તો લગ્ન કરવાની જ ના પાડે છે !

રાજુ : મારે લીધે એ લગ્ન ન કરે એમ હું નહિ થવા દઉં.

પદ્મનાભ : એમ શાથી ?

રાજુ : એ મારી સાથે લગ્ન કરવા માગે છે.

પદ્મનાભ : તો પછી શો વાંધો છે?

રાજુ : પણ એમ કરે તો એમની ભાવિ જિંદગી બગડી જાય.

પદ્મનાભ : (આશ્ચર્યથી) એટલે એ તારી સાથે લગ્ન ન કરે, એવું કંઈ તું કરવા માગે છે?

રાજુ : હા જી. આપ અગર ફીકાશેઠ મને રાખી લો એટલે બસ!

પદ્મનાભ : પણ એવું તને ગમશે ખરું?

રાજુ : એમની જિંદગી સુધરતી હોય તો મને બધું ય ગમશે; એમને સુખી કરવા હું બીજું શું કરી શકું?

[ નીચું જોઈ રડવા લાગે છે. ]

પદ્મનાભ : પણ અવિનાશ પરણે નિરૂપમાને, અને તને ઉપપત્ની તરીકે રાખે, તો...

રાજુ : (ઉગ્ર બની) એ કદી ન બને. બનું તો એની પત્ની... રખાત નહિ!

પદ્મનાભ : કારણ?

રાજુ : સૂરજ ઊગે આકાશમાં અને આથમે પણ આકાશમાં; ધૂળમાં રગદોળાય નહિ!

પદ્મનાભ : ખોટું ન લગાડીશ; પણ તારા ધંધામાં તો બધું ય ચાલે!

રાજુ : એક સિવાય. ગમતા દેહને હું ગંદકીમાં નહિ નાખું!

પદ્મનાભ : પણ રાજુ! તું ફીકાશેઠનો સંબંધ સ્વીકારીશ તો ય એ તો તારી પાછળ જ ફરશે!

રાજુ : એને મારી પાસે નહિ આવવા દઉં.

પદ્મનાભ : પણ તેથી શું, એનું જીવન સુધરશે?

રાજુ : ત્યારે હું મરી જાઉં! બીજું શું કરું? (રડવા લાગે છે.)

પદ્મનાભ : રાજેશ્વરી! રડીશ નહિ. હું બનતું કરું છું.

રાજુ : (રડતાં રડતાં) તમે શું કરશો?

પદ્મનાભ : ( નિશ્ચયપૂર્વક ) તારી સાથે અવિનાશનાં લગ્ન થાય એમ.

રાજુ : એન ન કરશો; એમનું આખું ભવિષ્ય બગડશે.

પદ્મનાભ : એનું ભવિષ્ય ન બગડે તો ? ( રાજુ શાંત રહે છે. ) તું હમણાં ફીકાશેઠ પાસે ન જતી. ( રાજુ હજુ બોલતી નથી. ) મને તારો શુભચિંતક સમજજે, બહેન ! મારામાં વિશ્વાસ રાખ. તું ધારે છે એવો પદ્મનાભ હું નથી. અરે, હાં, તું ક્યાં રહે છે ?

રાજુ : ( ધીમેથી ) માનું ઘર છોડી આવી છું. અહીં સામેના મંદિરમાં બાબાએ આશ્રય આપ્યો છે.

પદ્મનાભ : સામે ? શાસ્ત્રીજી પાસે ? કંઈ વાંધો નહિ, બહેન ! જા, હમણાં તો ત્યાં જતી રહે. હું તને ખબર કહેવડાવીશ.

રાજુ : મારા બાપુ કોણ છે એ તો મને ખબર નથી; પણ એ જો હોય તો તમારા જેવા જ હોય ! કેટલો ઉપકાર તમારો !

[ પગે લાગે છે. ]

પદ્મનાભ : કંઈ નહિ...અત્યારે જા. શાંતચિત્તે વિચાર કરજે.

[ રાજુ ઊભી થાય છે, મંદિર તરફ જાય છે. ]

[ પદ્મનાભ પોતાના ઘરમાં જાય છે. અવિનાશ તથા રજની ઘરમાંથી વાતો કરતા બહાર નીકળે છે અને મંદિરના પૃષ્ઠભાગ પર પહોંચે છે. રાજુ એમને આવતા જોઈ મંદિરમાં એક બાજુ સંતાઈ જાય છે. અગિયારના ડંકા થાય છે. ]

અવિનાશ : શાસ્ત્રીજી !

શાસ્ત્રીજી : ( અંદરથી ) કોણ ભાઈ ? ( બહાર આવી ) અવિનાશ ! તું અત્યારે ક્યાંથી ?

[ રાજુ અંદરથી જોઈ લે છે, ને પછી અંદર રહી વાત સાંભળે છે. ]

અવિનાશ : હું આપને કંઈ પૂછવા આવ્યો છું.

શાસ્ત્રીજી : ( બેસાડતાં) બેસો. અત્યારે શું પૂછવાનું છે? મોડી રાત થવા આવી !

અવિનાશ : ગણિકાપુત્રી સાથે લગ્ન થઈ શકે કે નહિ ?

[ શાસ્ત્રીજી ઘડીક વિચારવા લાગે છે. અવિનાશ તરફ જોઈ શાંતિથી ]

શાસ્ત્રીજી : અરે, અસુર અને પિશાચવિવાહને આપણે ગણતરીમાં લીધા છે, તો આવા વિવાહને શી અડચણ હોઈ શકે ? વિશ્વામિત્ર અને મેનકા, ઉર્વશી અને પુરુરવાના દાખલા યાદ છે ને ? ગાંધર્વ લગ્નનો આ પ્રકાર ગણાય. અને જો કોઈ કન્યાદાન દેનાર મળે તો આર્યવિવાહની પવિત્રતા એમાં દાખલ થાય.

રજની : હવે તારું મન માન્યું ? ક્યારનો માથાઝીક કરતો હતો ! શાસ્ત્રીજી કરતાં બીજો કોઈ મોટો વિદ્વાન નથી. આપણી જાણમાં !

અવિનાશ : માફ કરજો, શાસ્ત્રીજી ! હું રજા લઈશ. આપને રાત્રે તકલીફ આપી...

શાસ્ત્રીજી : કંઈ નહિ, બેટા ! રામનો હુકમ થાય એમ રહેવાનું.

અવિનાશ : ચાલ, રજની !

[ અવિનાશ પગથિયાં ઊતરે છે. રજની ઊઠે છે. શાસ્ત્રીજી એનો હાથ પકડી રોકવા કહે છે. ]

રજની : તું ઘેર જા; હું આ આવ્યો.

[ અવિનાશ ઘર તરફ જાય છે. રજની શાસ્ત્રીજી સાથે મંદિરની અંદર જાય છે. રાજેશ્વરી ઉપર આવી પરસેવો લૂછે છે; હવા નાખે છે. મૂંઝાયેલ હાલતમાં બેઠક પર બેસે છે. દૂરથી નારાયણી

ફૂટપાથ પરથી મંદિરના પગથિયાં નજીક આવે છે અને રાજુ તરફ મીટ માંડી જોયા કરે છે. રાજેશ્વરીથી ડૂસકું મુકાઈ જાય છે. એ સાંભળીને નારાયણી પગથિયાં નજીક આવે છે. ]

નારાયણી : કેમ રડે છે, બહેન?

રાજુ : તમે? કોણ છો તમે?

નારાયણી : એક દુઃખિયારી! તારી માફક જ આ મંદિર પાસે પડી રહું છું. પણ મારો આશય જુદો જ છે, બહેન!

રાજુ : તમે રોજ અહીં આવો છો?

નારાયણી : હા.

રાજુ : તો મંદિરમાં કેમ આવતાં નથી?

નારાયણી : દેવનું દર્શન મને ગમતું નથી; મને માત્ર ગીત ગમે છે.

રાજુ : તે તમે આમ મુખ કેમ ઢાંકી રાખો છો?

નારાયણી : મારું મોઢું જોવા લાયક નથી.

રાજુ : શાથી એમ થયું?

નારાયણી : રોગથી.

રાજુ : તમને કેવી રીતે રોગ થયો?

નારાયણી : પુરુષ સ્ત્રીને ભોગવે, અને છોડી દે; પછી નિરાધાર સ્ત્રી પુરુષજાત પર વેર લે! પુરુષોની આ લોલુપતામાં જ પ્રભુએ એની શિક્ષા સંતાડી છે.

રાજુ : પણ રોગ તો તમને થયો છે!

નારાયણી : મને કોઈ પુરુષે આપ્યો...મેં સેંકડો પુરુષોમાં તે ફેલાવ્યો, અને એ સેંકડો પુરુષો પોતાની સ્ત્રી દ્વાર પુત્ર-પુત્રીઓમાં ફેલાવી રહ્યા છે.

રાજુ : આપ કોણ છો?

નારાયણી : જે તું છે તે હું છું.

રાજુ : તમને કેમ ખબર પડી?

નારાયણી : તારા દેખાવ અને દીદાર પરથી.

રાજુ : તો મને તો તમારું મોઢું બતાવો!

નારાયણી : તને તો નહિ જ. કારણ કે એક વખત હું પણ તારા જેવી જ દેખાવડી હતી. (થોડી વાર બન્ને શાંત રહે છે.) પણ તું આ મંદિરમાં કેમ આવી છે?

રાજુ : મારે મારું પૂર્વ જીવન છોડી દેવું છે. (નારાયણી હસવા લાગે છે.) મારે પરણવું છે!

[નારાયણી જોરથી હસે છે.]

નારાયણી : કોણ પરણશે? વચન આપી રખડાવશે!

રાજુ : પણ મને આશા છે. જોકે તમારી વાત તો સાચી છે; મારી બહેનનું પણ એમ જ થયેલું.

નારાયણી : તારે બહેન પણ છે?

રાજુ : હા.

નારાયણી : શું નામ છે એનું?

રાજુ : લજ્જાવતી!

નારાયણી : (નારાયણીને એક આંચકો લાગે છે. એકદમ પૂછે છે) તો તારું નામ રાજેશ્વરી?

રાજુ : હા. (નારાયણી મોઢું વધારે ઢાંકી લે છે.) મારું નામ તમે કેમ જાણ્યું?

[નારાયણી બેઠક પાસે ઢગલો થઈ પડે છે ને ધ્રુસકે ધ્રુસકે રડે છે. ત્યાં જ રજની મંદિરમાંથી નીકળે છે]

રજની : (રાજેશ્વરીને) મને શાસ્ત્રીજીએ બધી વાત કરી છે. હું અત્યારે જાઉં છું; કાલે મળીશ.

રાજુ : મારે અહીં શું કરવું?

રજની : જે કરવાનું છે તે અમારે કરવાનું છે.

[ નીચે ઊતરે છે. રાજુ મંદિરમાં જાય છે. ]

નારાયણી : ( ઊભાં થઈ ) છોકરા ! મારે તારું કામ છે. આમ ચાલ...

રજની : મારું ? તમારે વળી શું છે ?

નારાયણી : છોકરીનું શું કરવા ધાર્યું છે તમે ? ( ગુસ્સામાં ગણગણે છે. )

રજની : પણ તમારે એનું શું કામ છે ?

નારાયણી : મારે કામ છે. જવાબ આપ ! શું ધાર્યું છે તમે ?

રજની : અહીં નહિ...આ બાજુ પર આવો સમજાવું તમને.

[ બન્ને મંદિરની પાછળના રસ્તે જાય છે. રાતના બારના ટકોરા થાય છે. બધું સૂમસામ બની જાય છે. રજની પાછો પોતાના ઘર તરફ આવે છે. ]

[ ફેઈડ આઉટ દ્વારા બે કલાકનું સૂચન કરવું. ]

[ ત્યાર બાદ રાત્રિના ઝાંખા પ્રકાશમાં ત્રણના ટકોરા સંભળાય છે. ચોકીદારની આલબેલ સંભળાય છે. નારાયણી એક બાજુથી ચોરપગલે દાખલ થાય છે. એકાદ ભારખાનું પસાર થાય છે. નારાયણી ચમકે છે. ધીમે ધીમે પદ્મનાભના ઘર તરફ જાય છે. ધીમેથી પદ્મનાભની ગેલેરીમાં ચડે છે. પછી ચારે બાજુ જોતી ધીમેથી બારણું ખખડાવે છે. પદ્મનાભ બારણું ખોલે છે. બત્તી કરવા માટે જાય છે ત્યાં... ]

નારાયણી : ( ધીમેથી ) બત્તી ના કરશો.

પદ્મનાભ : પણ કોણ છે તું ?...અત્યારે...

નારાયણી : એ પછી કહું મારી સાથે ચાલો...

પદ્મનાભ : પણ શું કામ છે? કોણ છે તું?
નારાયણી : (કર્કશ) મારી સાથે ચાલો! સમય નથી; જલદી કરો. ચાલો!

[પોતે આગળ ચાલે છે. પાછળ પદ્મનાભ ઉતાવળો જાય છે. બન્ને બત્તી નીચે પહોંચે છે. પ્રકાશના ઝાંખા અજવાળામાં બન્ને વાતો કરતાં હોય છે પણ માત્ર હાવભાવ દેખાય છે, શબ્દો સંભળાતા નથી.]

નારાયણી : સમજ્યા હવે?
પદ્મનાભ : પણ એમ બને ક્યાંથી? એ તો...
નારાયણી : મારું કહ્યું માનો. શંકા કરવાનો સમય નથી.
પદ્મનાભ : પણ એ તો ક્યારની...
નારાયણી : જીવે છે; ચિંતા ન કરો. હું કહું એમ કરો; ચાલો...
પદ્મનાભ : ક્યાં?
નારાયણી : શાસ્ત્રીજીને જગાડો.
પદ્મનાભ : પણ અત્યારે શું કામ?
નારાયણી : જે કાંઈ કરવાનું છે તે અત્યારે જ નક્કી કરવાનું છે. ચાલો આગળ...

[બન્ને મંદિરનાં પગથિયાં તરફ જાય છે. નારાયણી નીચેના પગથિયે ઊભી રહે છે, પદ્મનાભ ઉપર જાય છે; બારણું ખખડાવે છે.]

શાસ્ત્રીજી : કોણ છે અત્યારે? (બહાર આવે છે)
પદ્મનાભ : એ તો હું છું, શાસ્ત્રીજી!
શાસ્ત્રીજી : અત્યારે? પાછલી રાત થવા આવી...
પદ્મનાભ : ખાસ અગત્યનું કામ છે. જરા નીચે આવો.
શાસ્ત્રીજી : ચાલો ભાઈ! (નીચે ઊતરે છે. નારાયણીને જુએ છે) નારાયણી! તું અત્યારે?

નારાયણી : હા જી...હું...( ચાલવા લાગે છે) ચાલો.

[ બન્ને પાછળ જાય છે. બત્તી પાસે ઊભાં રહે છે. ]

શાસ્ત્રીજી : હું બોલાવું છું ત્યારે નાસી જાય છે, ને આજે મધરાતે સામેથી તું જ આવી. નારાયણી ? શું કામ પડ્યું ?

નારાયણી : આજે મારું આગમન આનંદભર્યું છે, શાસ્ત્રીજી ! રોજની મુલાકાત ને આજમાં આસમાનજમીનનું અંતર છે.

[ ધીમેથી બંને વાત કરે છે. બંને આશ્ચર્યપૂર્વક સાંભળે છે. ]

શાસ્ત્રીજી : પણ તું કબૂલ રાખે છે આ ?

નારાયણી : મારી પરીક્ષા પૂરી થઈ; હું એમાં સંમત છું.

શાસ્ત્રીજી : પણ એમાં અનેક સંકટોનો સામનો...

નારાયણી : જીવનભર સંકટો સહ્યાં ને સામનો કર્યો. હવે આટલા માટે હિંમત નહિ હારું ! અને તમે...

શાસ્ત્રીજી : મારા રામજીનો હુકમ થશે તેમ જ કરીશ !

નારાયણી : ચાલો ત્યારે, કાલ ને કાલ નક્કી...હું આવી જઈશ; તમે તૈયારી રાખજો.

પદ્મનાભ : એ બધી જવાબદારી મારી, તું ચિંતા ન કરીશ.

નારાયણી : ચાલો ત્યારે, જાઉં છું.

[ ધીમે ધીમે અંધારામાં અદૃશ્ય થાય છે. શાસ્ત્રીજી ને પદ્મનાભ સાથે ચાલતા વચ્ચે ઊભા રહી ધીમેથી વાત કરતા છૂટા પડે છે. બંને પોતપોતાના ઘરમાં જાય છે. ]

[ ફેઈડ આઉટ ]

[ ફેઈડ ઈન થાય ત્યારે વહેલી સવારના છ વાગે છે. માણસોની અવરજવર. ટ્રેન આવવા–ઊપડવાનો

અવાજ. મંદિરની આગળની બાજુથી કાખમાં ઘડો લઈ રાજુ દાખલ થાય છે. શ્વેત વસ્ત્રો પહેર્યાં છે. છૂટા ધોયેલા વાળ છે. પહેલા પગથિયા પાસે આવી કૂંડામાંના ઝાડને પાણી પાય છે. મોગરાનાં ફૂલ તોડી વાળમાં ઝૂમખો નાખે છે ને ત્યાં જ ઉપર શાસ્ત્રીજીનો શ્લોક સંભળાય છે. ]

**યા કુન્દેન્દુતુષારહારધવલા યા શુભ્રવસ્ત્રાવૃતા**
**યા વીણાવરદંડમંડિતકરા યા શ્વેતપદ્માસના ।**

[ શ્લોક બોલતા શાસ્ત્રીજી બહાર આવે છે. રાજેશ્વરીને ઘડીભર જોઈ રહે છે. હાથમાં આસોપાલવનું તોરણ છે; મંદિરના દ્વાર પર બાંધે છે. નવપ્રભાતનાં કિરણો આભમાં ફેલાય છે. શાસ્ત્રીજી મંદિરના પૃષ્ઠભાગમાં ઊભા રહી ગાયત્રીમંત્ર બોલે છે. ]

**ઓમ ભર્ગો દેવસ્ય ધીમહિ;**
**ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

[ સૂર્યને નમન કરે છે; પછી રાજુ તરફ નિહાળી પ્રેમપૂર્વક બોલાવે છે. ]

શાસ્ત્રીજી : રાજુ ! બેટા સ્નાન કરી આવી ?
રાજુ : હા, બાબા !

[ ઉપર આવે છે; પગે લાગે છે. ]

શાસ્ત્રીજી : આયુષ્યમાન ભવ, બેટા ! આજે તારે ઉપવાસ કરવાનો છે, હો !
રાજુ : જી ! આજ કઈ તિથિ થઈ ?
શાસ્ત્રીજી : આજ શુભ તિથિ છે. દૂધ પી શકાશે, જો તારાથી ભૂખ્યાં ન રહેવાય તો...

રાજુ : હું તો ભૂખી રહીશ બાબા !

શાસ્ત્રીજી : તો જો ! આટલાં ચંદન, કેસર, હળદર ભેગાં ઘસીને તૈયાર કરજે.

રાજુ : હળદર શા માટે, બાબા ?

શાસ્ત્રીજી : એમાંથી પીઠી તૈયાર કરવાની છે.

રાજુ : પીઠી ? કોને માટે ?

શાસ્ત્રીજી : તારે માટે, બેટા !

રાજુ : મારે માટે ?

શાસ્ત્રીજી : હા, બેટા ! આજે સાંજે તારાં લગ્ન છે.

[ રાજુના હાથમાંથી સુખડનો કટકો પડી જાય છે. પોતે નીચું જોઈ જાય છે; અને ધીમેથી માથે ઓઢી સંકોચાઈ લજ્જાથી નીચે બેસી જાય છે. ]

શાસ્ત્રીજી : પછી અંદર આવ, બેટા ! મંગલા આરતીની તૈયારી કરીએ.

[ શાસ્ત્રીજી આનંદથી હસતા અંદર ચાલ્યા જાય છે. રાજેશ્વરીના શરીરમાં કંપારી આવી જાય છે. ધીમે ધીમે એ ઘડામાંથી પાણી લઈ સુખડ ઘસવા લાગે છે, એકાદ ગીત ગણગણે છે. ]

" પ્રભુજી ! તુમ ચંદન, મૈં પાની. "

[ અંદરથી આરતીની ઝાલર વાગે છે. રાજુ વાટકીમાં ચંદન લઈ એક હાથમાં ઘડો ઉપાડી મંદિરમાં જાય છે. ]

[ આ બાજુ દુર્ગા એના ઘરમાંથી નીકળી રજનીના ઘર તરફ જાય છે. રમાને બોલાવે છે ને ધીમેથી રમાને વાત કરે છે. પછી પોતાના ઘર તરફ જાય છે. આરતી ચાલુ છે. રમા હાથમાં ઘરેણાંની પેટી લઈ દુર્ગાના ઘર તરફ જાય છે. તે પેટી

સાથે દુર્ગા તથા રમા મંદિર તરફ જાય છે. પછી મંદિરમાં અંદર જાય છે. થોડી વાર પછી પદ્મનાભ અવિનાશને બોલાવે છે. અવિનાશ બહાર આવે છે. બંને જણા તૈયાર થઈ બહાર જાય છે. ]

[ થોડી વાર પછી આરતી બંધ થતાં રમા-દુર્ગા રાજુને લઈ મંદિરના પૃષ્ઠભાગ પર બહાર આવે છે. દુર્ગા બેઠક પર બેસે છે; એની પાસે રાજુ નીચે બેસી જાય છે. પાસે રમા લાડથી એનો હાથ પકડીને બેસે છે. ]

દુર્ગા : રમા ! લાવ, પીઠી લાવ. વહુજીને ચોળીએ.

[ રાજુ શરમથી નીચું જોઈ જાય છે. રમા એની હડપચી ઊંચી કરી... ]

રમા : ભાભીજી ! આટલાં બધાં શરમાળ હશો એની તો અમને ખબર નહિ !

[ હસે છે. દુર્ગાને પીઠી આપે છે; પોતે પણ લે છે ને હાથે ચોળે છે. રાજુ શરમાય છે. ]

રમા : જુઓ, અમારા અવિનાશભાઈને શરમાળ વહુ પસંદ નથી, હો ! ( હસે છે, રાજુ શાંત રહે છે. )

રમા : તમે કશું બોલતાં કેમ નથી ? તમે મૂંગાં તો નથી ને ?

[ બંને હસે છે. ]

રાજુ : ( નીચે મોંએ ) હુ શું બોલું, બહેન ? હું તો બેભાન જેવી બની ગઈ છું ! આપ કોણ હશો ?

રમા : તારો વર ખરો ને, તેના ભાઈબંધની વહુ !

[ વર શબ્દ પર રાજુ શરમાઈને આડું જોઈ જાય છે. રમા એનું મોઢું પકડીને ગાલે પીઠી ચોળે છે, આછું મલકાય છે. ]

દુર્ગા : (પેટી ઉઘાડી પાનેતર કાઢે છે) રાજેશ્વરી ! આ પાનેતર પહેરવાનું છે તારે...

રમા : નાહીને હો...ભાભી !

રાજુ : હું તો સવારમાં નાહી છું.

રમા : એ જ ચાલે; આ તો લગનનું નાવણ છે, સમજ્યાં ? જાવ, ફરી નાહી આવો. પીઠી ચોળી છે ને ? અને પછી આ પાનેતર પહેરી આવો...ચાલો હું જ નવરાવું. પાછાં એમ ને એમ સાડી બદલી આવશો...ઊઠો...

[રમા રાજુના હાથ ખેંચી, ઊભી કરી મંદિરની બાજુ પર લઈ જાય છે.]

[તેવામાં શાસ્ત્રીજી બહાર આવે છે.]

શાસ્ત્રીજી : કેમ દુર્ગાબહેન ! રાજુ ક્યાં ગઈ ?

દુર્ગા : સ્નાન કરવા ગઈ છે. રમા એને લઈને ગઈ છે'

શાસ્ત્રીજી : બહેન ! આજે તમે એક મહાન શુભ કાર્ય કરી રહ્યાં છો. શાસ્ત્રમાં મોટામાં મોટું દાન કન્યાદાન છે. તમારે હાથે આજે એ શુભ કાર્ય થશે...

દુર્ગા : મને તો એમણે રાત્રે વાત કરી ત્યારની હું સૂતી નથી. મારો તો બધો મંદવાડ પણ ચાલ્યો ગયો ! એક અનાથ બાળાનું જીવન સુધરતું હોય તો આપણે તો નિમિત્ત માત્ર !

શાસ્ત્રીજી : સાચી વાત છે, બહેન ! મારો રઘુવીર બધું કરે છે; આપણે તો એના હાથ છીએ !

[એવામાં રજની ઘરની બહાર નીકળે છે.]

શાસ્ત્રીજી : કાં ભાઈ ! સાંજની બધી તૈયારી છે ને ?

રજની : હા જી. અણવર બન્યો છું પછી કાંઈ જેવી તેવી વાત છે ! બજારમાં જાઉં છું; બધી વ્યવસ્થા કરતો આવું...

શાસ્ત્રીજી : ભલે ભાઈ ! અને હાં, જો, સુમંતરાયને ત્યાં જતો આવજે ને કહેજે કે શાસ્ત્રીજીએ ખાસ કહેવડાવ્યું છે કે પુત્ર-

લગ્નમાં પિતા ન હોય એ દોષ ગણાય. ઈશ્વર સામે દૃષ્ટિ રાખી આપણે તો ચાલવાનું રહ્યું. ખાસ કહેજે કે સાંજે આવી જાય.

રજની : ભલે, જઈ આવું.

દુર્ગા : જલદી આવજો પાછા. તમારું ભલું પૂછવું!

રજની : આ આવ્યો...(ઉતાવળે જાય છે.)

શાસ્ત્રીજી : હું પણ લગ્નના સામાનની તૈયારી કરું. (જાય છે.)

[ત્યાં જ રમા રાજુનો હાથ પકડી મંદિરની બાજુએથી આવે છે. રાજુએ પાનેતર પહેર્યું છે. ધીમી શરમિંદી ચાલે છે. માથેથી પાનેતર ખસી જાય છે, તે રમા ફરી ઓઢાડે છે. બન્ને પગથિયાં ચડી ઉપર આવે છે. રાજુ નીચે બેસી જાય છે. પછી નાની પેટી ઉઘાડી રમા રાજુને ઘરેણાં પહેરાવે છે. છેલ્લે દુર્ગા પોતાનું મંગળસૂત્ર કાઢી પહેરાવે છે. બંને લગ્નનાં ગીત ગાય છે]

રાજુ : બહેન! આ બધું ?...

રમા : હમણાં પૂરતું તમારું. પછી મારા ભાઈ કરાવી આપે એટલે પાછાં આપી દેજો. એટલું જ નહિ, પણ થોડાં વધારે કરાવી દેજો; વ્યાજ સાથે લઈશ!

[હસવા લાગે છે.]

દુર્ગા : બહેન! માણસ માણસના કામમાં નહિ આવે તો બીજુ કોણ આવે?

રમા : હા...એ યાદ રાખજો પાછાં!

[ધારીધારીને રાજુને જુએ છે.]

વાહ! શું ફુટડાં લાગો છો રાણી! પણ હેં બાઈ! તમારાથી ઘરનું કામ થઈ શકશે?

રાજુ : હા; કેમ ન થાય?

રમા : તમને ટેવ નહિ ને?

રાજુ : હું ટેવ પાડીશ; જરા ય ભારરૂપ નહિ થાઉં.

[ એવામાં એક પથ્થર મંદિરના ચોકમાં આવી પડે છે. ત્રણે ય જણી આશ્ચર્યથી એ બાજુ જુએ છે. રમા શાસ્ત્રીને બોલાવે છે. ]

રમા : શાસ્ત્રીજી!...

[ શાસ્ત્રીજી બહાર આવે છે. ]

શાસ્ત્રીજી : કેમ બહેન! શું છે!

રમા : આપણા ચોકમાં હમણાં એક પથ્થર આવીને પડ્યો.

[ તે જ વખતે એક બીજો પથ્થર આવે છે. શાસ્ત્રીજી પહેલે પગથિયે આવી ઊભા છે. ]

શાસ્ત્રીજી : કોણે પથ્થર ફેંક્યો ભાઈ? આ તો રામમંદિર છે.

[ એ જ વખતે બહારથી થોડાં માણસોનો ઘોંઘાટ સંભળાય છે. ધીમે ધીમે એક ટોળું મંદિરના પ્રાંગણમાં ભેગું થાય છે. તેમના હાથમાં લાકડીઓ, પથ્થર વગેરે છે. સૌ વિરોધસૂચક ઘોંઘાટ કરી રહ્યા છે: "એને મંદિરમાંથી કાઢો!" "એની બુદ્ધિ નાડી છે!" "દેવસ્થાન અભડાવ્યું પાજીએ!" વગેરે વગેરે.]

[ માણસોનો ઘોંઘાટ સાંભળી શાસ્ત્રીજી ટોળાં તરફ એક પગથિયું નીચે ઊતરે છે. ]

શાસ્ત્રીજી : શું છે આ બધું? ચંપકલાલ! શું છે?

[ ચાર માણસો આગળ આવે છે. ]

મોહનલાલ : ચંપકલાલ શું કહેવાના છે? આ તે કાંઈ રીત છે! મંદિરમાં વેશ્યાઓ ભેગી કરો છો!

ચંપકલાલ : ગજબ થઈ ગયો આ તો! કોઈ પૂછનાર છે?

શાસ્ત્રીજી : અરે, પણ ભાઈ! અહીં તો એક જ સ્ત્રી એવા પ્રકારની છે, અને તે પણ વેશ્યા મટવા અહીં આવી છે.

મોહનલાલ : ડહાપણ નહિ ચાલે, શાસ્ત્રીજી! એને બહાર કાઢો. નહિ તો માન નહિ રહે તમારું!

ચંપકલાલ : હા હા, કાઢો એને અહીંથી, નહિ તો જોવા જેવી થશે!

શાસ્ત્રીજી : એને હું કોણ બહાર કાઢનાર? પતિતપાવન રામનો દરબાર સૌને માટે ખુલ્લો છે, ભાઈ!

મોહનલાલ : આ શો ભ્રષ્ટાચાર માંડ્યો છે તમે? સમજી જાવ તો સારું, નહિ તો...

ચંપકલાલ : એમ નહિ માને સાધુડો...ચમત્કાર વિના નમસ્કાર નહિ થાય!

[એ જ વખતે ટોળામાંથી એક માણસ પથ્થર ફેંકે છે; શાસ્ત્રીજીના કપાળમાં વાગે છે. લોહી વહેવા માંડે છે. સ્ત્રીઓ ગભરાઈ જાય છે. દુર્ગારમા રાજુને લઈને મંદિરના બારણા પાસે ભરાઈ જાય છે. શાસ્ત્રીજી હસવા લાગે છે.]

શાસ્ત્રીજી : (હસતાં) બસ ભાઈઓ? તમારું સમાધાન થઈ ગયું? ગુસ્સો ઊતરી ગયો હવે?

મોહનલાલ : હજુ તો માથું ફૂટ્યું છે. બહુ ગરબડ કરી તો...

શાસ્ત્રીજી : ભાઈઓ! મને સાંભળો તો ખરા? આજે તો તમારે મહોત્સવનો દિવસ ગણવો જોઈએ.

ચંપકલાલ : (મશ્કરીમાં) ગણિકાને મંદિરમાં રાખી માટે કે?

શાસ્ત્રીજી : એ ગણિકાને આજે આપણે પત્ની બનાવીશું.

મોહનલાલ : એ બનાવજો એને તમારી પત્ની!

[ બધા હસે છે. રાજુ છોભીલી પડી જાય છે. શાસ્ત્રીજી સ્તબ્ધ થઈ જાય છે. ]

[ કોઈ ધૂળ–કાંકરા ઉડાડે છે, ઠઠ્ઠામશ્કરી થાય છે, ઘોંઘાટ વધે છે. એક માણસ આગળ વધવા જાય છે. તેના હાથમાં લાકડી છે; જેવો તે ઉગામવા જાય છે ત્યાં જ પદ્મનાભ દાખલ થાય છે. ]

પદ્મનાભ : ( ગુસ્સામાં ) શું છે આ બધું ? મંદિરમાં બધા કેમ ધસી આવ્યા છો ?

મોહનલાલ : આ શો અનાચાર ? મંદિરમાં ગણિકાનાં લગ્ન થાય ?

શાસ્ત્રીજી : સત્કર્મ બધે થાય – મંદિરમાં ખાસ, ભાઈ !

ચંપકલાલ : સત્કર્મ ! ( કટાક્ષમાં ) વાહ, ભાઈ વાહ ! પૂછો આ ટ્રસ્ટી સાહેબને !

મોહનલાલ : શું સાહેબ ! મંદિરમાં વેશ્યાનાં લગ્નની આપે હા પાડી છે ?

પદ્મનાભ : હા; મેં હા પાડી છે.

ચંપકલાલ : પણ મંદિરમાં ? ટ્રસ્ટમાં એવી છૂટ છે ?

પદ્મનાભ : ટ્રસ્ટમાં વાંધો નહિ પડે.

મોહનલાલ : ટ્રસ્ટમાં વાંધો ન હોય તો કંઈ નહિ; પણ અમે એ નહિ થવા દઈએ. અમે આ લત્તામાં રહેનાર માણસો. છીએ

ચંપકલાલ : હા જ તો ! એ નહિ થવા દઈએ. આ તે મંદિર છે છે કે વેશ્યાવાડો ? હરગિજ આ લગ્ન મંદિરમાં નહિ થવા દઈએ !

[ બધા " નહિ થવા દઈએ, નહિ થવા દઈએ ! " ના અવાજો કરે છે. ઘોંઘાટ વધતો જાય છે. પદ્મનાભ આગળ આવે છે. ]

પદ્મનાભ : ( ઉગ્ર થઈ ) બહુ સારું. તમારા બધાંની એ જ ઇચ્છા છે તો લગ્ન મંદિરમાં નહિ થાય.

[ શાસ્ત્રીજી, રાજુ, બધાં વિસ્મય પામે છે. ]

મોહનલાલ : બસ ! તો પછી લગ્ન ન થાય તો પછી એને અહીંથી બહાર કાઢો !

પદ્મનાભ : બહાર નહિ જાય. એ મારે ઘેર રહેશે. હું ગૃહસ્થ છું; એને મારે ઘેર રાખવાનો અધિકાર છે.

[ અવિનાશ-રજની બહારથી આવે છે. વિસ્મય પામે છે. ઘરમાં જાય છે. ]

શાસ્ત્રીજી : પદ્મનાભ ! શું થશે હવે ?

પદ્મનાભ : શું થવાનું હતું, શાસ્ત્રીજી ? લગ્ન મંદિરના પ્રાંગણમાં નહિ થાય તો મારા આંગણામાં થશે. કન્યાદાન તો હું જ દેવાનો છું ને ?

શાસ્ત્રીજી : રઘુવર...રઘુવર...!

[ બંને ઘરમાં જાય છે. ]

[ ફેડ આઉટ ]

[ ફેઈડ ઈન થાય ત્યારે શરણાઈના સૂર સંભળાય છે. પદ્મનાભના ઘરની અંદરથી લગ્નવિધિના શ્લોક સંભળાય છે. ધીમે ધીમે નારાયણી મંદિરની બાજુથી આવે છે; પદ્મનાભના ઘર પાસે જઈ ઊભી રહે છે. લગ્નમંત્રો સાંભળે છે. થોડી વાર પછી શાસ્ત્રીજીને બોલાવે છે. ]

નારાયણી : શાસ્ત્રીજી...શાસ્ત્રીજી !

રજની : (બહાર આવે છે) કોણ ? ઓહ, તમે ? અંદર આવો ને ? તમારી જ રાહ જુએ છે બધાં !

નારાયણી : ના ભાઈ ! ઘરમાં હું પગ નહિ મૂકું; શુભ પ્રસંગને અપવિત્ર નહિ બનાવું.

રજની : તમે શુભ પ્રસંગને અપવિત્ર બનાવશો ? તમે તો આ લગ્નમાં અગત્યનો ભાગ ભજવ્યો છે !

નારાયણી : ભાઈ ! મહેરબાની કરી શાસ્ત્રીજીને બહાર મોકલો.

રજની : ભલે, મોકલું છું.

[ અંદર જાય છે. થોડી વારે શાસ્ત્રીજી બહાર આવે છે. ]

શાસ્ત્રીજી : આવ આવ, નારાયણી ! આજે મારા પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે. ( નીચે ઊતરી હાથ પકડવા જાય છે. ) અંદર આવ...આવ...

નારાયણી : નહિ, શાસ્ત્રીજી ! મને અડકશો નહિ.

શાસ્ત્રીજી : ના...રા...ય...ણી...!

નારાયણી : જુઓ ! ( નારાયણી ઘૂંઘટ ઉઘાડી નાખે છે. કુરૂપ ચહેરો જોઈ શાસ્ત્રીજી ડઘાઈ જાય છે. ) તમારી નારાયણીની શી દશા કરી છે તમે ? મારું મોઢું વેરના વિકારથી ખરડાયેલું છે, પણ મારું અંતર આજે આકાશ જેવું નિર્મળ થયું છે ! તમારી રજા લેવા આવી છું...હવે કદાચ...

શાસ્ત્રીજી : મને માફ કર, નારાયણી ! હું ભીરુ હતો, સમાજ સામે ટકવાની મારી તાકાત ન હતી. આપણા છૂપા પ્રેમ અને એના પરિણામને જીરવવાની મારી હિંમત ન હતી, ને મેં તને છોડી દીધી...દગો દીધો ! મને માફ કર, નારાયણી !

નારાયણી : તમારા સંગીતે મને ઘેલી બનાવી હતી, અને એ ઘેલછાનું પરિણામ મેં ભોગવ્યું ! પરંતુ તમે અને હું ન કરી શક્યાં તે આ નવી પેઢીએ કરી બતાવ્યું, એનો મને સંતોષ છે !

શાસ્ત્રીજી : નારાયણી !...

નારાયણી : તે દિવસ પૂનમની રાત હતી અને આજે પણ એવી જ પૂર્ણિમા છે ! શાસ્ત્રીજી ! વર્ષો પછીની ઝંખનાને પાછી ન ઠેલશો; એક ભજન સંભળાવો.

[ શાસ્ત્રીજી પરસાળ પર બેસી કલ્યાણની ધૂન જમાવે છે અને ગાવામાં મસ્ત બની આંખો મીંચી મસ્તીમાં ગાય છે. આકાશમાં ચન્દ્રોદય પૂર્ણ થાય છે. ચાંદની ફેલાય છે. નારાયણી પગથિયે બેસી સાંભળે છે. શાસ્ત્રીજી ગીતમગ્ન છે. ]

શાસ્ત્રીજી : **શોભિત શીશ મુકુટ,**
**શ્રવણ કુંડલ ભાલ તિલક,**
**ગુંજ માલ...**

[ નારાયણી ધીમેથી ઊભી થઈ મંદિર પાછળ સરકી જાય છે. પછી ઓચિંતો પિસ્તોલનો ધડાકો થાય છે. બધાં ઘરમાંથી બહાર આવે છે. ]

રાજુ : શું થયું ?
અવિનાશ : પિસ્તોલનો ધડાકો લાગે છે !
શાસ્ત્રીજી : ( નારાયણીને ન જોતાં ચીસ પાડી ) નારાયણી !

[ શાસ્ત્રીજી મંદિર પાછળ દોડી જાય છે; પદ્મનાભ પણ પાછળ જાય છે. બધાં અવાચક બની જાય છે. ]

[ થોડી વારે શાસ્ત્રીજી નારાયણીનો દેહ ઉપાડી દાખલ થાય છે, એનો દેહ લોહીથી ખરડાયેલો છે. બધાંથી આગળ આવી નારાયણીના દેહને નીચે મૂકે છે, અને તેના મસ્તક બાજુ બેસે છે. લોટામાંથી ઠંડું પાણી લઈ નારાયણીના મોઢામાં રેડે છે. ]

શાસ્ત્રીજી : ઈશ્વર એના આત્માને શાંતિ આપો !
રાજુ : ( બહાવરી ) પણ તમે એનો સ્પર્શ કર્યો ? એ તો કોઈને અડવા દેતાં નહોતાં !

પદ્મનાભ : શાસ્ત્રીજીનો એ અધિકાર છે, બેટા !
અવિનાશ : શાસ્ત્રીજીનો અધિકાર ?
પદ્મનાભ : હા, અવિનાશ ! નારાયણી શાસ્ત્રીજીની પત્ની હતી.
રજની : શાસ્ત્રીજીની પત્ની નારાયણી ?
પદ્મનાભ : હા ભાઈ ! અને જેની શોધમાં હું વર્ષોથી ભટકતો હતો એ નારાયણી મારી બહેન થાય !
રાજુ : તમારી બહેન નારાયણી ?
પદ્મનાભ : હા. બેટા ! તારી એ મા થાય.
રાજુ : મારી મા ! (આશ્ચર્ય દુઃખ–કરુણાપૂર્વક) મારી મા નારાયણી ? મા !

[ ચીસ પાડી નારાયણીના પગ બેસી જાય છે. અવિનાશ એની પાસે બેસી સાંત્વન આપે છે. ]

પદ્મનાભ : ( નારાણીના દેહ પાછળ વચ્ચોવચ્ચ ઊભા છે ) હા બહેન ! વર્ષો પહેલાનાં વિખૂટાં પડેલાં સંબંધીઓ આજ ભેગાં થયાં છે. નારાયણી તારી મા છે ને મારી બહેન છે; વર્ષો પહેલાંની એ વાત છે. આવી જ એક પૂર્ણિમાએ શાસ્ત્રીજી અને નારાયણીનું મિલન થયું...
શાસ્ત્રીજી : ( વચ્ચેથી ) મને બોલવા દો, પદ્મનાભ ! મારું હૈયું ખાલી થઈ જાય. હા, બેટા ! આવી જ એક પૂનમે હું ને તારી મા મળ્યાં. બન્ને એકબીજાનાં થયાં. પણ મેં નિષ્ઠુરે એને દગો દીધો, રઝળાવી; અને એ વેરની જ્વાળામાં પોતે ખાખ બની અને છેવટે આજ તને સુખમાં જોઈ એણે એના વાસનાશરીરને ત્યજી દીધું. ઈશ્વર તમારો દિવ્ય પ્રેમ અચળ રાખે ! ( શાસ્ત્રીજી અર્ધભાનમાં બબડે છે ) એ જ ચાંદની–મંદિરનું વાતાવરણ ! સંગીતની ધૂન–સ્નેહમિલન ! આજે પણ એ જ પૂર્ણિમા, એ જ સ્નેહમિલન...નારાયણી ! તને મારાં

ભજન બહુ પ્રિય હતાં ને? આજ વર્ષો પછી તેં ગીત સાંભળવા માગણી કરી; હું ગાવા લાગ્યો અને તું ચાલી ગઈ? પૂરું સાંભળ્યું પણ નહિ?

[ શાસ્ત્રીજી ગદ્‌ગદ્ કંઠે ભજન ગાય છે ]

" મેરે જનમ મરણકે સાથી "

[ ગીત ચાલુ છે. બધાં સ્તબ્ધ બની સાંભળે છે. રાજુનાં ડૂસકાં સંભળાય છે. ધીમે ધીમે પડદો પડે છે. ]

[ સમાપ્ત ]